ધરાસણાનો કાળો કેર

[ધરાસણાની લડતનો હેવાલ]

ધરાસણાનો કાળો કેર

[ધરાસણાની લડતનો હેવાલ]

પ્રકાશક :
મંત્રી, ગુજરાત પ્રાંતિક સમિતિ
અમદાવાદ

મુદ્રક :
મોહનલાલ મગનલાલ ભટ્ટ,
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ.

કિં. ૦—૩—૦

અગ્નિપરીક્ષા

લોકમાન્યે પ્રજા ઉપરનું પોતાનું અથાગ વજન હિંદુસ્તાન માટે વારંવાર જેલ ભોગવીને જ મેળવ્યું હતું. ઈશુ ખ્રિસ્તે શૂળીએ ચડીને મોત લીધું એ તેના દયાધર્મની પરાકાષ્ટા હતી. કરબલાના મેદાન ઉપર ઇમામ હસને આપેલા ભોગે ઇસ્લામને દુનિયામાં અજેય કરી મૂક્યો. સત્યને ખાતર જે અનંત આપદાઓ ઉઠાવી તેને લીધે જ હરિશ્ચંદ્ર અમર થયા. આજનું હિંદુસ્તાન પણ મહાન વિભૂતિઓએ પાવન કરેલો શુદ્ધ આત્મયજ્ઞનો આ સનાતન માર્ગ સ્વીકારીને પોતાનાં લાખો સંતાનોને સ્વાતંત્ર્યની યજ્ઞવેદી પર હોમવા તૈયાર નહિ થાય ત્યાં સુધી સ્વતંત્રતાથી વિમુખ રહેશે. મહાયજ્ઞનું મંગળાચરણની આજે હજારો ચારિત્ર્યવાન હિંદીઓએ સ્વેચ્છાપૂર્વક સરકારની જેલો શોધીને કરવાનું છે. અસહકારની પ્રવૃત્તિ જ એ હેતુથી કલ્પાયેલી છે કે તેમાંથી રાષ્ટ્રનું ઊંચામાં ઊંચું ધન અગ્નિપરીક્ષામાંથી પસાર થઈને બહાર સોળે કળાએ ઝળકી ઊઠે. આપણે સ્વતંત્રતાના ખરા ઉપાસક હોઈએ તો પ્રાણ શરીરને છોડી જાય તે ઘડી સુધી સંકટો અને દુઃખોથી ન હારતાં તેમને વધારતા રહેવું જોઈએ. એ જ મુક્તિનો માર્ગ છે. બચાવ શોધશે તે નાશ પામશે. મરીને જીવવાનો મંત્ર સાધશે તેનું જ જીવ્યું સાર્થક થશે. જાણીજોઈને ભોગવેલા દુઃખની પાછળ હમેશાં સુખ રહેલું છે.

ગાંધીજી

પંડિત મોતીલાલજીના આશીષ

ગુજરાત પ્રાંતિક સમિતિ ઉપરના પોતાના એક કાગળ દરમ્યાન પંડિત મોતીલાલજી ધરાસણા વિષે નીચે પ્રમાણે ઉલ્લેખ કરે છે:

"પોલીસોના જંગલી અને ઝનૂની હુમલાની સામે પણ આપણા સૈનિકો વીરતાથી કેવા અડગ ઊભા રહ્યા એ જાણીને મને ઘણો આનંદ થાય છે. ધરાસણાનો કિસ્સો તવારીખમાં આપણા માણસો માટે ચિરંતન યશગાથાનો રહેશે, અને નોકરશાહી માટે તે કદી ન ભૂંસાય એવી કાળી ટીલી જેમ રહેશે. એ પુરુષોનાં હિંમત અને સમર્પણ આજે સારાય હિંદની પ્રશંસાને પાત્ર છે. એમને આ બદલ મારા તરફથી કૃપા કરીને કદરના બોલ કહેશો.

"હું જોઉં છું કે શ્રી. નરહરિ પરીખની પછી આગેવાની લેનારા શ્રી. અંબાલાલ પટેલને અને શ્રી. રણછોડલાલ તથા મુનિજી સાથેની આખી ટુકડી પકડીને લેવામાં આવ્યાં છે. મને એ વિષે તો કશો જ સંદેહ નથી કે આગેવાનો પકડાતા જાય તેમતેમ સ્વયંસેવકો તેમની જગ્યાઓ લેતા જશે અને એમના આગળનાઓની જેમ દૃઢતાથી સામનો કરશે."

પ્રકાશકની નોંધ

"ધરાસણાની લડાઈ" નો ઈતિહાસ લખવાનું કે એની સફળતા અફળતાનું માપ કાઢવાનું કાર્ય કુશળ ઈતિહાસકારનું રહેશે. એને માટે તો મહાદેવભાઈ જેવાની હસ્તસિદ્ધ લેખિની જ જોઈએ. આ તો કેવળ એ અવિરલ ઐતિહાસિક ઘટનાનો સાદો હેવાલ છે. એમાં જરા પણ અતિશયોક્તિ ન થાય એ જોવાની ખાસ કાળજી રાખી છે. ધરાસણા સત્યાગ્રહ સમિતિને દફતરે જે કેફિયતો નોંધાઈ છે એ એમની એમ આપવામાં આવી છે. એ ઉપરાંત એ પાશવલીલા નજરે જોનાર પ્રતિષ્ઠિત સજ્જનોએ વર્તમાનપત્રામાં પ્રકટ કરેલા અભિપ્રાયો અક્ષરશઃ રજુ કર્યા છે. એ કેફિયતો અને અભિપ્રાયો ધરાસણાના અત્યાચારો પર જે પ્રકાશ નાંખે છે અને સરકારને એના નગ્ન સ્વરૂપમાં જે રીતે ઉઘાડી પાડે છે તેમાં લવલેશ ઉમેરો કરવાની આવશ્યકતા રહેતી નથી. ધરાસણાના અત્યાચારો નજરે જોનાર અને એ કહાણી સાંભળનાર કે વાંચનારને તો એટલી પ્રતીતિ અવશ્ય થઈ જ હોવી જોઈએ કે એ અત્યાચારો જે રાજપ્રથા હેઠળ શક્ય હોય એને ઘડીભર વધારે નભાવી ન જ શકાય.

હિંદના તારણહાર ગાંધીજી એ લડતની કલ્પના સેવતાંની સાથે જ અનિર્ણિત કાળ માટે કારાવાસમાં પૂરાયા. ગુજરાતના વયોવૃદ્ધ અબ્બાસ સાહેબ પણ તરત જ હોમાયા. તા. ૨૧મીએ ધરાસણાનો તે ઐતિહાસિક હુમલો થયો અને એ ભૂમિ ઉપર ઉત્તમમાં ઉત્તમ બલિદાન અપાયું. ભારત કોકિલ શ્રી. સરોજિનીદેવી, પાક મુસલમાન શ્રી. ઇમામસાહેબ, મહાત્માજીના પુત્ર મણિલાલ ગાંધી અને ભાઈ પ્યારેલાલ ગિરફતાર થયા. નરહરિભાઇએ તો પોતાના રૂધિર વડે એ યજ્ઞને આહુતિ ચઢાવી. સેંકડો નવજુવાનોએ પણ પોતાનાં ઉછળતાં લોહી અહીં રેડ્યાં. આથી સુંદર બલિદાન શું હોઈ શકે? એ બલિદાનના સંભારણા તા. ૨૧મી જૂનને દિને આખુંયે ગુજરાત—ધરાસણા દિવસની ઉજવણી કરીને—કરશે. એ પ્રસંગે ગુજરાતને ચરણે આ પ્રાસંગિક ભેટ ગણાશે.

આ હેવાલ અત્યંત ઉતાવળથી તૈયાર થયો છે. તેમાંયે નવજીવનના તંત્રી ભાઈ મોહનલાલ ભટ્ટની થયેલ ધરપકડે એના મુદ્રણની મુશ્કેલીમાં ઉમેરો કર્યો. આ સંજોગોમાં વાંચક કેવળ વસ્તુને જ જુએ, અને મુદ્રણમાં કે વસ્તુ પાછળ રહેલી ત્રુટિઓને દરગુજર કરે એટલી આશા અયોગ્ય કે અસ્થાને ન ગણાય.

ધરાસણા ખાતે બલિદાન

મારથી નીપજેલાં મરણ:		વતન
ભાઈલાલભાઈ દાજીભાઈ પટેલ	તા. ૧૨–૫–૩૦	ખેડા
ભાણ્ ખેપુ હુલ્લા	,, ૧૦–૬–૩૦	સોલાપુરા
નરોત્તમ નાથુભાઈ પટેલ	,, ૧૩–૬–૩૦	સુરત

કેદની સજા

નામ	તારીખ	મુદત
ગાંધીજી	૫–૫–૩૦	અનિર્ણિત
અબ્બાસ સાહેબ	૧૨–૫–૩૦	૬ માસ સાદી
જુગતરામ દવે	,,	૬ ,, સખત
ગાંધીજીની ટુકડીના ૫૪	,,	૩ ,, ,,
સરોજિની દેવી	૨૬–૫–૩૦	૯ ,, સાદી
ઈમામ સાહેબ	,,	૬ ,, ,,
પ્યારેલાલજી	,,	૧૨ ,, સખત
મણિલાલ ગાંધી	,,	૧૨ ,, ,,
ત્રણ સૈનિકો	,,	૧૬ ,, ,,
વીસ સૈનિકો	,,	૧ ,, ,,
સોરાબ બાટલીવાળા	૨૭–૫–૩૦	૯ ,, ,,
આઠ સૈનિકો	,,	૯ ,, ,,
સોળ સૈનિકો	,,	૬ ,, ,,

(93)

નરહરિ પરીખ	૨૯—૫—૩૦	૧૨ ,,	,,
ડૉ. ત્રિભુવનદાસ	,,	૬ ,,	,,
અંબાલાલ પટેલ	,,	૬ ,,	,,
એકસો એકોતેર સૈનિકો	,,	૧ ,,	,,
બળવંતરાય ઠાકોર	૩૦—૫—૩૦	૬ ,,	સાદી
વજુભાઈ	,,	૧૨ ,,	સખત
પુરાતન બુચ	,,	૧૨ ,,	,,

કુલ: ૨૮૬

ઘવાયેલાની યાદી

તારીખ	સંખ્યા
૧૬—૫—૩૦	૧૧
૨૧—૫—૩૦	૭૪૧
૨૨—૫—૩૦	૧૫૦
૨૯—૫—૩૦	૧૫
૩૦—૫—૩૦	૫૬
૩૧—૫—૩૦	૧૧૫
૧—૬—૩૦	૧૧૧
૩—૬—૩૦	૫૮
૬—૬—૩૦	૭૨

કુલ: ૧૩૨૯

સમરાંગણમાં ગયેલાની સંખ્યા

તારીખ	સંખ્યા
૧૫ થી ૨૦—૫—૩૦	૩૦૦
૨૧—૫—૩૦	૧૫૭૦
૨૯—૫—૩૦	૭૫
૩૦—૫—૩૦	૧૧૧
૩૧—૫—૩૦	૧૬૫
૧—૬—૩૦	૧૬૨
૩—૬—૩૦	૧૬૨
૬—૬—૩૦	૧૫૪

કુલ: ૨૬૯૯

૨૬૯૯—૫૯ (બે વાર ગણાયેલા)=કુલ ૨૬૪૦

૧

ટૂંક ઐતિહાસિક અવલોકન

હિંદી નેતાઓનાં મનમાં 'સ્વરાજ'ની વાત વરસો થયાં રમ્યાં કરતી હતી, પણ તેના સ્વરૂપ વિષે સ્પષ્ટ કલ્પના તેમને નહોતી. હિંદુસ્તાનને સ્વરાજ જેવું કંઇક આપવાનો વખત આવી પહોંચ્યો છે એમ તેઓ ચોક્કસ માનતા હતા. મદ્રાસની મહાસભાએ સ્વરાજ એ હિંદનું ધ્યેય છે એ સ્પષ્ટ રીતે જાહેર કર્યું, અને મહાસભાના બંધારણમાં એનો સમાવેશ કરવામાં આવ્યો. આ લક્ષ્યસિદ્ધિનો માર્ગ રહેશે એમ નિર્ધાર થયો હતો. તે વખતે પણ ઘણા 'સ્વરાજ'નો ચોકસ અર્થ સ્પષ્ટ રૂપે સમજતા નહોતા. ૧૯૨૮ની કલકત્તાની મહાસભાએ 'સ્વરાજ' શબ્દની આ પ્રમાણે વ્યાખ્યા બાંધી; બની શકે તો સામ્રાજ્યની અંદર સંસ્થાનિક સ્વરાજ, અને નહિ તો સામ્રાજ્યની બહાર સંપૂર્ણ સ્વતંત્રતા અથવા પૂર્ણ સ્વરાજ. આ ધ્યેયને પહોંચવા માટે જરૂરી પગલાં લેવાને સરકારને એક વર્ષની મુદત આપવામાં આવી. એ મુદત દરમ્યાન એટલે કે ૧૯૨૯ના ડિસેમ્બર સુધીમાં, સરકાર તરફથી જો કશું ન કરવામાં આવે તો પછીની મહાસભાએ 'સ્વરાજ' એટલે 'બ્રિટિશ સામ્રાજ્યની બહાર સંપૂર્ણ સ્વાતંત્ર્યપ્રાપ્તિ' એ અર્થ કરવો એવી મહાસભાની પ્રતિજ્ઞા હતી. સરકાર તરફથી વાઇસરૉયે જાહેર કર્યું કે સંસ્થાનિક સ્વરાજ એ હિંદ વિષેની બ્રિટિશ રાજ-

નીતિનું અંતિમ લક્ષ્ય રહેશે, પરંતુ આ લક્ષ્યને કેટલા વખતમાં સિદ્ધ કરવામાં આવશે એ જણાવવાને તેઓ રાજી ન હતા. ગાંધીજીએ સરકારના હૃદયપલટાની ચોક્કસ ખાતરી માંગી, પણ હૃદયપલટાનાં કંઈ જ ચિહ્નો ન જણાતાં ૧૯૨૯ના ડિસેમ્બરમાં લાહોરની મહાસભાએ કલકત્તા ખાતેના પોતાના ઠરાવને અનુસરીને પૂર્ણ સ્વરાજને પોતાના ધ્યેય તરીકે રજૂ કર્યું.

૨
સવિનય ભંગનો કાર્યક્રમ

આ હેતુ પાર પાડવા માટેનાં સાધનો નક્કી કરવાનું મહાસમિતિ ઉપર છોડવામાં આવ્યું હતું. એ મહાસમિતિની કારોબારી સમિતિ ૧૯૩૦ ના ફેબ્રુઆરી માસમાં સત્યાગ્રહાશ્રમ ખાતે મળી, અને તેમાં ગાંધીજીએ પૂર્ણ સ્વરાજ મેળવવા માટે તેમને જે સર્વોત્તમ યોજના લાગતી હતી તે રજૂ કરી. એ સભાએ અનીતિમય, સમાજવિરોધી, અને સ્વતંત્ર હિંદની ધારાપોથીમાં ન હોઈ શકે એવા કાયદાઓનો સાદર નિરાદર કરવાનો ઠરાવ કર્યો. મીઠાના હેડિયાવેરા સામે કંઈ દાયકાઓથી રાજદ્વારી પુરુષોએ પ્રકોપ કર્યો છે, એ વેરો કાયદાપોથીમાં કલંકરૂપ છે એને નાબૂદ કરવો જોઈએ અને એવા હડહડતા અન્યાયને દૂર કર્યે જ છૂટકો, એટલે ગાંધીજીએ આ વેરાને સવિનય ભંગ માટે પસંદ કર્યો, અને મહાસભાએ ગાંધીજીને સત્યાગ્રહની લડતના સેનાપતિ નીમ્યા.

આ સ્થળે ૩,૫૦૦ વર્ષો પર મિસરી લોકોના આર્થિક દબાણમાં કચરાઈ રહેલી એક બુદ્ધિમાન પ્રજાની આપણને યાદ આવે છે. ફારાઓએ ઇસરાઇલનાં સંતાનોને વારંવાર વચન દીધાં કે તેઓ ઊજડમાં જઈ તેમના ખુદાની બંદગી કરી શકશે; પણ એની છાતી તો નરી પથ્થરની જ હતી. આજે આપણા પર રાજ્ય કરતા ફારાઓ પણ પ્રસંગેપ્રસંગે કચવાતા દિલે આપણને સુધારાનાં મોટાં બટકાં આપવાની મોટીમોટી વાતો કરે છે, પણ સંકટનું આભલું વીખરાઈ જાય છે ત્યાં તો તેઓ પાછા નફટ

અને છે અને આપણા માથા પરનો કરનો બોજો વધાર્યે જ જાય છે, પરંતુ આપણો તારણહાર મુસા કરતાં વધારે વિચક્ષણ છે. અને કોઈ બનાવી ન જાય એટલે એણે તો સરકારની સાફ દાનતની નિશાની તરીકે નીચેના અગિયાર સુધારાઓ કરવામાં આવે એવી માગણી કરી:

૧. સંપૂર્ણ દારૂનિષેધ;

૨. હૂંડિયામણનો દર રૂપિયાની ૧૬ પેન્સ થાય;

૩. જમીનમહેસૂલ ઓછામાં ઓછું અર્ધું કરી નાંખવામાં આવે અને પછી ધારાસભાના અંકુશ તળે તે મૂકવામાં આવે;

૪. મીઠાનો કર તદ્દન નાબૂદ થાય;

૫. લશ્કરી ખર્ચ હાલ છે તેના કરતાં અર્ધો કરી નાંખી તેમાં ઘટાડો કરવાની શરૂઆત થાય;

૬. આ પ્રમાણે કરવાથી મહેસૂલમાં થતા ઘટાડાને અંગે મોટામોટા પગારદારોના પગાર અર્ધા અથવા તેથી જેટલા ઓછા કરવાનું ઘટે તેટલા ઓછા કરવામાં આવે;

૭. પરદેશી કાપડ ઉપર સ્વદેશીની પૂરેપૂરી રક્ષા થાય એટલી જકાત નાંખવામાં આવે;

૮. શ્રી. હાજીનો હિંદી દરિયાકાંઠાના વેપાર સંબંધી કાયદાનો ખરડો પસાર કરવામાં આવે;

૯. સામાન્ય ન્યાયની અદાલતોએ ખૂનના અથવા ખૂનમાં મદદ કરવાના ગુના માટે જેમને તકસીરવાર ઠરાવ્યા હોય તેવા સિવાયના બધા રાજકીય કેદીઓને છોડી દેવામાં આવે, બીજા રાજકીય ગુનાઓ માટે કામ ચાલતાં હોય તે બધાં બંધ થાય, રાજદ્રોહ વિષેની ૧૨૪અ કલમ, ૧૮૧૮નું રેગ્યુલેશન અને એવા જ બીજા કાયદા રદ થાય, અને આજે દેશવટો ભોગવી રહેલા દરેક હિંદીને દેશમાં પાછા આવવાની પરવાનગી મળે;

૧૦. સી. આઈ. ડી (ગુપ્તચર ખાતું) નાબૂદ કરવામાં આવે અથવા ધારાસભાના અંકુશ નીચે મૂકવામાં આવે;

૧૧. ધારાસભાના અંકુશ તળે રહીને આત્મરક્ષણને માટે જેને બંદૂક જેવાં હથિયાર જોઈએ તેને તેવાં હથિયાર મેળવવાનો પરવાનો આપવામાં આવે.

પણ સરકારને તો આ વિનંતિનો સ્વીકાર કરવાની જરાયે દાનત ન હતી.

૩
મીઠાની લડત

મહાસભા તરફથી કુલ મુખત્યારી મળ્યા પછી ગાંધીજીએ વાઇસરૉય ઉપર કાગળ લખી સરકાર વિષેનો લોકમત અને લોકો પર પડેલી આફત રજૂ કર્યાં, અને એ અન્યાયો દૂર કરવાને વિનંતિ કરી. પણ સરકારે તો આ કાગળનો 'વાસી જવાબ' વાળ્યો એટલે ગાંધીજીને સવિનયભંગની લડત આદરવાની ફરજ પડી.

મીઠાના એકહથ્થુ ઇજારા વિષે ગાંધીજી લખે છે;

"પાણી સિવાય મીઠા જેવી એક પણ વસ્તુ નથી કે જેના ઉપર વેરો નાંખીને સરકાર કરોડો ગરીબગુરબાં, લૂલાંલંગડાં અને બીમાર અને તેમનાં પશુ પાસેથી પણ કર ઉઘરાવી શકે. એટલે આ મીઠાવેરો એ મનુષ્યની કુટિલ બુદ્ધિમાંથી નીકળેલો અતીવ નિર્દય હેડિયાવેરો છે. સરકારી પુસ્તકો મુજબ ૮૨ રતલના મણ મીઠાની ઓછામાં ઓછી કીંમત ૧૦ પાઈ છે અને તેની ઉપર કર ૨૦ આના એટલે ૨૪૦ પાઈ છે. એટલે બનાવટની કીંમતના ૨૪ગણા દામે મીઠું બજારમાં મળે છે. ગરીબને આ કેટલું ભારી પડે છે એની આપણને કલ્પના ન આવી શકે. જેમ કપાસ ઉગાડવાનું તેમ આ અમાનુષી ઈજારો ચાલુ રાખવાને અર્થે મીઠું પકવવાનું સરકારે અમુક જ જગ્યાએ રાખ્યું છે. બીજે હજારો સ્થળે એ ઉત્પન્ન થઈ શકે પણ ત્યાં તે ઉત્પન્ન નથી કરવામાં આવતું, નથી કરવા દેવામાં આવતું. રેંટિયાનો ઈરાદાપૂર્વક નાશ કરવાનું અચૂક પરિણામ એ આવ્યું કે ઘેરઘેર કપાસ ઉગાડવાના ઉદ્યોગનો નાશ થયો. મીઠાના એકહથ્થુ ઈજારાનું અનિવાર્ય પરિણામ એ આવ્યું કે હજારો જગ્યાએ ગરીબ લોકો પોતાને માટે મીઠું બનાવી લેતા તે પરાણે બંધ પડયા. કોંકણથી એક ભાઈ મને લખે છે કે જો લોકોને છૂટ હોત તો દરિયાના વિશાળ કિનારા ઉપર ભરતીના જુવાળ રવી જાય તેમાંથી ઢગલો મીઠું ઉત્પન્ન કરી શકતા હોત; પણ તે દુઃખ સાથે જણાવે છે કે કુદરત કિનારા ઉપર મીઠું બનાવે છે કે લાગલા જ સરકારી અમલદારો તેને પાછું દરિયામાં પહોંચાડવા ચૂકતા નથી. છતાં એ ખબરપત્રી એમ પણ જણાવે છે કે જે લોકો આ પોલીસ અમલદારોની નજર ચૂકવી શકે છે તેઓ આ મીઠું ઉપાડી પણ જાય છે. ગુજરાતના કાર્યકર્તાઓ જણાવે છે કે ઘણી જગ્યાએ એટલું મીઠું પડેલું છે કે જો

બનાઈ ન હોય તો લોકો જેમ ધરતીમાંથી માટી ખોદી લાવે તેમ મીઠું ખોસવી લાવી શકે એમ છે. બંગાળને મીઠું બનાવવાની છૂટ હોત તો પોતાને જેટલું જોઈએ તેટલું મીઠું તે ઉત્પન્ન કરી શકે છે. પણ આજે તો બંગાળાનું બધું મીઠું પરદેશથી આવે છે."

અગરોમાંથી મીઠું લેવું એ ગેરકાયદેસર છે એમ જણાવનાર એક ભાઈને ગાંધીજીએ નીચેનો જવાબ આપ્યો છે:

"મીઠાનાં કારખાનાંનો કબજો લઈને મીઠું મેળવવા કરતાં વધારે સહેલાઈથી એ બનાવી શકાય છે ત્યારે હું લોકોને મીઠાના અગર અથવા ઢગલામાંથી મીઠું ઉપડવાની સલાહ આપું એમ નથી. પણ પેલા મીઠા-ખાતાના અમલદારે એ કૃત્યને 'પહેલા નંબરની હિંસા' કહી છે તે હું માનતો નથી. અગરમાંથી મીઠું લઈ આવવું અને ચોરીથી મીઠું બનાવવું એ બંને કાયદા પ્રમાણે સખ્ત સજાને પાત્ર ગુના ગણાય છે. પરવાના વિના મીઠું બનાવવું એ પુણ્ય શા માટે ગણાવું જોઈએ? જો એ વેરો જ અન્યાયી હોય તો તે ઉપાડેલા મીઠાથી કે બનાવેલા મીઠાની બન્ને બાબતમાં અન્યાયી ગણાવો જોઈએ. એક ચોર મારા ઘરમાંથી અનાજ ચોરી જાય અને તેમાંનું થોડું રાંધે તો કાચું અને રાંધેલું બંને અનાજ મને પાછું મળવું જોઈએ. હું સરકારે તૈયાર કરાવેલું અને કુદરતી મીઠું લેવાને બદલે જાતે બનાવી લેવાની સહેલી રીત પસંદ કરું તો તે મારી સગવડની ખાતર છે, પણ તેથી મીઠા ઉપરનો કર જે એક બાબતમાં અન્યાયી છે તે બીજી બાબતમાં ન્યાયી નથી ઠરતો. એટલે સમય આવ્યે સત્યાગ્રહીઓને મીઠાવેરા વિરુદ્ધ લડત અતિશય કાર્યસાધક રીતે ચલાવવાની પોતાની શક્તિ અજમાવવાની તક જરૂર મળવાની છે. ગુનો મીઠું અગરમાંથી લેનાર લોકોનો નથી, પણ સરકારનો તેનો કબજો લેવામાં છે. સરકાર લોકોનું મીઠું ચોરે છે, અને એ ચોરીની ચીજને માટે લોકોની પાસે ભારે વેરો લે છે. લોકોને પોતાની શક્તિનું પૂરું ભાન થશે ત્યારે જે વસ્તુ તેમની પોતાની છે તેનો કબજો મેળવી લેવાનો તેમને સંપૂર્ણ હક રહેશે."

મીઠાનો કર ગરીબોના ઉપર જ પડે એ વાતનું વિવેચન કરવાની જરૂર રહે છે ખરી? એ તો પીવાના પાણી ઉપર કર લેવાના જેવી બૂરી વાત છે. એ કરનું અન્યાયીપણું એવું ભયંકર છે કે જેમ માણસ ગરીબ થતો જાય છે તેમ તેને કર વધારે આપવો પડે છે, પૈસાદાર માણસ ઉપર અને ગરીબના ઉપર એનો સરખો જ બોજો છે. એ સરખાપણામાં જ એનો

અન્યાય રહેલો છે. વિલાયત માંસાહારી છે અને ત્યાં મીઠાની ઓછી જરૂર હોવી જોઈએ, છતાં ૧૦૦ વરસ ઉપર એ કર નાબૂદ કરવામાં આવ્યો હતો, જાપાનને મીઠાના ઇજારામાંથી એક કરોડ યેન જેટલું મહેસૂલ મળતું તે મહેસૂલ ૧૯૧૯ માં દેશે રદ કર્યું. હવે મીઠું એ દેશમાં લગભગ પડત કિંમતે મળે છે, અને ખેતીના સાધન માટે તો પડત કરતાં ઓછી કિંમતે મળે છે; જ્યારે હિંદુસ્તાનમાં જ એની પડતકિંમત કરતાં ૧૦ થી ૨૪ ગણી સુધી કિંમત પડે છે.

રૅમ્સે મૅકડૉનલ્ડ કહે છેઃ 'મીઠાવેરો નર્યો જુલમાટ છે. લોકોને આનું ભાન થઇ જાય તો અસંતોષ ફાટ્યા વિના ન રહે.'

અડધી ગુલામ અને અડધી સ્વતંત્ર એવી સરકારને તોડી પાડવા માટે મીઠાવેરો એક સુંદર સાધન છે એની પ્રતીતિ થતાં ગાંધીજીએ પોતાના મોરચા બાંધવા માંડયા. 'પ્રેમની પરિમલ વેરતાં, જગત માત્ર પર અમી વર્ષાવતાં, અને ઇશ્વરે બતાવેલા સત્યના પરમ આગ્રહથી' એમણે 'આપણી અને સૌ પ્રજાઓની વચ્ચે સાચી અને સનાતન શાંતિ સ્થાપવા માટે' પોતાનું આદરેલું પૂરું કરવા માંડયું.

૪

સ્વાતંત્ર્ય કૂચ.

મન સાથે ગાંઠ વાળીને ૧૮૦ માઇલ જેટલા છેટે આવેલા દાંડીનાં ધામે પહોંચવા માટે એમણે સત્ય અને અહિંસાને વરેલા ૭૯ સૈનિકો સાથે તા. ૧૨ મી માર્ચે આશ્રમમાંથી કૂચ આરંભી. આ આખા યાત્રામાર્ગમાં લાખો ગામડીઆઓએ ગાંધીજીનાં પગલાં પૂજ્યા, અને એ સેનાપતિએ પોતાની વ્યૂહ રચના કરી.. દાંડી પહોંચતા સુધીમાં તેમણે લાખો માણસોને પોતાનો સંદેશો આપ્યો, સત્યાગ્રહની લડતનો વ્યૂહ સમજાવ્યો અને સત્યાગ્રહીઓએ પાળવાની નિયમાવલિ સમજાવી. લોકોએ મરણપર્યંતની બધી સજાઓ ભોગવવી છતાં આત્મરક્ષણને માટે આંગળી સરખી ઊંચી ન કરવી, અને જુલમની ઝડીઓ વરસે તોયે અહિંસાને વળગી રહેવું એ ગાંધી-

જીએ લોકોના મનપર ફરી ફરીને ઠસાવ્યું. ગાંધીજીએ આપેલી નિયમાવલિ તેમના જ શબ્દોમાં આ રહી.

"સત્યાગ્રહ એટલે સત્યનો આગ્રહ. આ આગ્રહ રાખતાં મનુષ્યને અતુલ બળ મળે છે. આ બળને આપણે સત્યાગ્રહને નામે ઓળખીએ છીએ.

સત્યનો આગ્રહ ખરો હોય તો તે માતાપિતા, સ્ત્રીપુત્રાદિ સામે, રાજાપ્રજા સામે, અને છેવટે આખા જગત સામે જાળવવો પડે.

આવો વ્યાપક આગ્રહ કરતાં સ્વજન કે પરજન, બાળક કે વૃદ્ધ, સ્ત્રી કે પુરુષનો ભેદ રહેતો નથી. એટલે કોઈની સામે શરીરબળ વાપરી શકાય જ નહિ. તેથી જે બળ બાકી રહ્યું તે અહિંસાનું—પ્રેમનું—બળ જ હોઈ શકે. આ બળનું બીજું નામ આત્માનું બળ.

પ્રેમનું બળ બીજાને ન બાળે, પોતે જ બળે. એથી સત્યાગ્રહીમાં મરણ પર્યંતનું કષ્ટ હસતે મોઢે સહન કરવાની શક્તિ હોવી જોઇએ.

આ ઉપરથી સ્પષ્ટ છે કે સત્યાગ્રહી અંગ્રેજી રાજ્યનો આત્યંતિક વિરોધ કરતો છતો મનથી, વચનથી કે કાયાથી કોઈ પણ અંગ્રેજનું અહિત ન ઈચ્છે કે ન કરે. આ વિચારશ્રેણીમાંથી અસહકાર, સવિનય ભંગ ઈત્યાદિ ઉત્પન્ન થયાં છે.

આટલી સત્યાગ્રહની ઉત્પત્તિ જેઓ યાદ રાખશે તેમને નીચેના નિયમો સહેલાઈથી સમજાશે:

૧. સત્યાગ્રહી કોઈની ઉપર ગુસ્સો નહિ કરે.

૨. તે વિરોધીનો ગુસ્સો સહન કરશે.

૩. ગુસ્સો સહન કરતાં તે વિરોધીનો માર સહન કરશે, તેને કદી મારશે નહિ, તેમ તેના ગુસ્સામાં કરેલા યોગ્ય કે અયોગ્ય હુકમને પણ મારના કે બીજા ડરથી તાબે નહિ થાય.

૪. સિપાહી કેદ કરવા આવે ત્યારે તે તેની કેદમાં સુખેથી જશે. પોતાની મિલકત જપ્ત કરવા આવશે તો તે સુખેથી આપી દેશે.

૫. પારકાની મિલકત પોતાના રક્ષણ તળે હશે તેનો કબજો તે મરતાં લગી નહિ છોડે, છતાં કબજો લેવા આવનારને મારશે નહિ.

૬. મારવું નહિ એટલે ગાળો પણ ન દેવી.

૭. તેથી સત્યાગ્રહી વિરોધીનું અપમાન નહિ કરે. હાલના કેટલાક પ્રચલિત પોકારો હિંસક છે ને સત્યાગ્રહીને સારુ સર્વથા ત્યાજ્ય છે.

૮, સત્યાગ્રહી અંગ્રેજી વાવટાની સલામી નહિ કરે, પણ તેનું અપમાન પણ નહિ કરે. અમલદારનું કે કોઇ અંગ્રેજનું તે અપમાન નહિ કરે.

૯. લડતને અંગે કોઈ અંગ્રેજનું કે રાજ્યના અમલદારનું કોઈ અપમાન કરે અથવા તેની ઉપર હુમલો કરે તો સત્યાગ્રહી પોતાના જીવના જોખમે તેનું રક્ષણ કરશે.

કેદને વિષે

૧૦. સત્યાગ્રહી કેદ થાય ત્યારે જેલના સ્વમાનભંગ ન કરતા હોય એવા બધા નિયમોનું પાલન કરશે ને અમલદારો પ્રત્યે વિવેકથી વર્તશે. દાખલા તરીકે, તે અમલદારની સામાન્ય સલામ લેશે, પણ નાક ઘસવાનું કહેશે તો નહિ ઘસે. તે 'સરકારકી જય બોલો' નહિ કહે. ધર્મનો બાધ ન હોય એવો ચોખ્ખો જેલનો ખોરાક તે લેશે, કચરાવાળો કે સડેલો કે મેલા વાસણમાં પીરસાયેલો કે અપમાનપૂર્વક અપાયેલો ખોરાક નહિ લે.

૧૧. સત્યાગ્રહી ખૂની કેદી અને પોતાની વચ્ચે ભેદ નહિ પાડે. તેથી તેના કરતાં પોતે ઊંચો છે એમ માની કે કહી પોતાને સારુ ખાસ સગવડ નહિ માગે, પણ શરીરની કે આત્માની હાજતને અંગે ઊભી થતી આવશ્યક સગવડ માગવાનો તેને અધિકાર છે.

૧૨. જેમાં સ્વમાનભંગ નથી તેવી સગવડો ન મળવાથી સત્યાગ્રહી અપવાસાદિ નહિ આદરે.

દલને વિષે

૧૩. પોતાની ટુકડીના સરદારે કાઢેલા બધા હુકમો પોતાને ગમે કે ન ગમે છતા સુખેથી સત્યાગ્રહી પાલન કરશે.

૧૪. હુકમ અપમાન કરનારો, દ્વેષી કે મૂર્ખાઈભરેલો લાગે તોપણ તેનું પાલન કરીને તે ઉપરીની પાસે ફરિયાદ કરે. સત્યાગ્રહીને દલમાં જોડાતાં પહેલાં જોડાવાની યોગ્યતાનો વિચાર કરવાનો અધિકાર છે. જોડાયા પછી દલના કડવામીઠા નિયમો ને તેના નિયમનું પાલન ધર્મ થઈ પડે છે. દલના સમગ્ર વ્યવહારમાં અનીતિ માલૂમ પડે તો સત્યાગ્રહી છૂટો પડી શકે, પણ તેમાં રહીને નિયમભંગ કરવાનો તેને અધિકાર નથી.

૧૫. કોઈ સત્યાગ્રહીએ કોઈની તરફથી પોતાની ઉપર આધાર રાખનારને સારુ ભરણપોષણની આશા રાખવાની નથી. કોઈને સારુ કંઈ પ્રબંધ થઈ શકે તો તે અણધારી વાત સમજવી. પણ સત્યાગ્રહી પોતાને અને આશ્રિતોને ઈશ્વરને શરણે છોડે. શરીરબળના યુદ્ધમાં પણ જ્યાં લાખો લડતા હોય ત્યાં કોઈની ઉપર આધાર નથી રખાતો. સત્યાગ્રહી યુદ્ધને વિષે તો પૂછવું જ શું? સાર્વભૌમ અનુભવ એ છે કે આવાઓને ઈશ્વરે ભૂખે નથી મરવા દીધા.

૪

કોમી લડાઈમાં

૧૬. કોમી તકરાર કે લડાઈનું કારણ સત્યાગ્રહી ઇરાદાપૂર્વક ન જ બને.

૧૭. કોમી લડાઇ થાય તો તે કોઈ પક્ષની તરફેણ નહિ કરે. જેના તરફ ન્યાય હશે તેને તે મદદ કરશે. પોતે હિંદુ હશે તો મુસલમાન ઈત્યાદિ કોમો પ્રત્યે તે ઉદારતા બતાવશે, ને હિંદુના હુમલામાંથી તેમને બચાવતાં પ્રાણ જતા કરશે. મુસલમાન ઈત્યાદિના હિંદુ ઉપર હુમલા થતા હશે તો તેમાંથી હિંદુને બચાવતાં તે પોતે પ્રાણ દેશે, પણ સામે હુમલામાં કદી ભાગ નહિ લે.

૧૮. કોમી ઝઘડા ઉત્પન્ન થાય એવા પ્રસંગોમાંથી તે બને ત્યાં લગી બચશે.

૧૯. સત્યાગ્રહી સરઘસ કાઢે તો કોઈ પણ કોમની લાગણી દુખાય એવું કામ નહિ કરે. કોઈ કોમની લાગણી દુખાય એ જાતના બીજાએ કાઢેલા સરઘસમાં તે ભાગ નહિ લે.”

૫

લડતનાં મંડાણ

ગાંધીજી અને તેમની સેના નિયત દિવસે એટલે તા. ૫મી એપ્રિલે દાંડી પહોંચ્યાં. છઠ્ઠી એપ્રિલથી શરૂ થતું અઠવાડિયું હિંદભરમાં રાષ્ટ્રીય સપ્તાહ તરીકે ઉજવાય છે, અને તેથી સ્વાતંત્ર્ય યુદ્ધનો મંગલ આરંભ પણ એ જ દિવસથી થાય એમાં ઔચિત્ય હતું. ગાંધીજીએ એ દિવસે દાંડીમાં નિમકનો કાયદો તોડ્યો, અને દેશ સમસ્તને તેમ કરવાની આજ્ઞા આપી. આ હિલચાલ દાવાનળની જેમ આખા દેશમાં વ્યાપી વળી અને પ્રજાએ તેને અજબ ઉત્સાહથી ઉપાડી લીધી.

આ વખતે મીઠાનો સત્યાગ્રહ મીઠાની કુદરતી ખાંજણોમાંથી મીઠું લેવામાં અને તેને સાફ કરવામાં જ સમાયેલો હતો.

સરકાર કાયદાના સીધા વિધિને જ વળગી રહે, તો તો લાખો માણસોને એણે કેદમાં પૂરવાં પડત પણ આવી કફોડી સ્થિતિમાંથી ઉગરી જવા માટે તેણે તો નાયકોને પકડવાનો ને બીજાઓને મારઝૂડ કરવાનો ગેરકાયદેસર રસ્તો પકડ્યો. તેણે માની લીધું હતું કે ગામડાંની પ્રજા લાઠીથી ડરી જશે. પણ આમ માનવામાં તે

ભીંત ભૂલી. પોતાના નિર્ધારને વળગી રહેતાં લોકોમાં જે ધૈર્ય અને દૃઢતા પ્રગટી નીકળશે તેનો એની ગણતરી તેણે કરી નહોતી.

પોલીસોએ આટ ગામમાં સત્યાગ્રહીઓના હાથમાંથી મીઠું ઝૂંટવી લેવાના પ્રયત્નો કર્યા. સત્યાગ્રહીઓ પ્રત્યે ચલાવવામાં આવેલા આ વર્તાવને ગાંધીજીએ 'જંગલી' તરીકે વર્ણવ્યો. આ પછી વિરમગામમાં શરૂ કર્યું તેમ સત્યાગ્રહીઓના ગુહ્ય ભાગો દબાવવા અને તેમને બેભાન કરી મૂકવા એ બીજા પગલા પર સરકાર તરત જ આવી. મનુષ્ય શરીર પરના આવા બીભત્સ અત્યાચારથી લોકનો પુણ્યપ્રકોપ જાગૃત થયો, અને ગાંધીજીએ તા. ૨૪ મી એપ્રિલના 'યંગ ઇંડિયા'માં લખ્યું:

"સરકાર જો પોતાની આ પાશવલીલા બંધ નહિ કરે તો થોડા જ વખતમાં સત્યાગ્રહીઓ પોતાની ઉપર ગોળી ચલાવવાની ફરજ તેને પાડશે. એવું બને એમ હું ઇચ્છું નહિ. પણ સરકારને એવું બનાવવું જ હોય તો એ તક તેમને આપતાં હું જરાય આચકો ખાવાનો નથી. સત્યાગ્રહીઓની ટુકડીઓ મીઠું પકાવતી હોય અથવા મીઠું વેચતી હોય તેમના ઉપર શારીરિક બળ વાપરવાનો સરકારને હક નથી. તેની મરજી પડે તો દરેક પુરુષ, સ્ત્રી અથવા બાળકને પણ પકડે. જો સરકાર પકડશે નહિ અથવા તો મીઠાની છૂટ જાહેર નહિ કરે તો તે જોશે કે લોકો આવા જુલમ સહન કરવાને બદલે ગોળી ખાવાને ધસવાના છે.

આવા અમાનુષી અત્યાચારો તથા બીભત્સ હુમલા એ ભૂતકાળનો વારસો છે એ વાત સાચી છે. આ સરકારે તેને માન્યતા આપી ને પહેલાં કદી નહિ થયેલો એટલો તેનો પ્રચાર કર્યો છે."

ગાંધીજીએ વાઇસરૉય ઉપરના પોતાના બીજા કાગળમાં—જે કાગળ તેમની ગિરફતારી પછી પ્રગટ થયો હતો તેમાં—ધરાસણા ઉપર 'હલ્લો' લઇ જવાની વાત સ્પષ્ટ રીતે રજુ કરી હતી.

'હલ્લા'

આ બીભત્સ અત્યાચારો સામેના પ્રજાના વિરોધની જ્યારે સરકાર ઉપર કશી અસર પડયાનું જણાયું નહિ ત્યારે મીઠાના અગરો ઉપર 'હલ્લો' લઇ જઇને, નિઃશસ્ત્ર લોકો ઉપર ગોળી છોડવાની સરકારને તક આપવી એવું નક્કી કરવામાં આવ્યું.

જુદે જુદે સ્થળે માણસના શરીરપર ફાવે તેવી હેડ છેડ થાય, અને તેમના ઉપર તરેહ તરેહના ત્રાસ વર્તે તેના કરતાં તો ગોળીબાર કરવામાં આવે એમાં કંઇક તો માણસાઇ છે એમ માનવામાં આવ્યું. નોકરશાહીનું ભીતર રહેલું શેતાની રૂપ દુનિયાની આંખ આગળ તરી આવે એ હેતુથી ધરાસણાના 'હલ્લા' યોજવામાં આવ્યા. સેનાપતિ પ્રથમ હલ્લો માંડે તે પહેલાં તો તેમને પથ્થરની દીવાલો પાછળ પૂરી દેવામાં આવ્યા. અત્યાર આગમજ લડતે વ્યાપક રૂપ પકડયું હતું, અને દેશનેતાઓના પકડાવાથી લોકોનો જુસ્સો અજબ રીતે વધારે ને વધારે સળગી ઉઠતો હતો. ગાંધીજીએ યોજેલો હલ્લો માજી ન્યાયાધીશ શ્રી. અબ્બાસ તૈયબજી અને બીજાઓએ અત્યંત ઉત્સાહથી પાર ઉતાર્યો.

બ્રિટિશ સામ્રાજ્યની યાંત્રિક શક્તિનો સામનો કરવા માટે આવેલા નિઃશસ્ત્ર વીર પુરુષોને ગોળીએ વીંધવાને બદલે નોકરશાહીએ ત્રાસ વર્તાવી મૂકવાનો રસ્તો ઝાલ્યો; કારણ કે ગોળીબારને પરિણામે તો જગત આખામાં આગ સળગ્યા વિના રહે એમ નહોતું. લગભગ તે જ અરસામાં લંડન નૌકા પરિષદ ચાલી રહી હતી, અને અંદર અંદર ભાગ લેનારા પક્ષોમાં લાગણીના મેળ નહોતા; હજી આ ઘડીએ પણ પશ્ચિમની સશસ્ત્ર પ્રજાઓ તેમના હરીફોને છૂંદી નાંખવા માટે લાગ શોધતી ફરે છે. ૧૯૧૪માં 'નાની પ્રજાઓના હકો'નો પ્રશ્ન હતો, તો ૧૯૩૦માં 'નિઃશસ્ત્રોના ગોળીબાર'નો સવાલ પણ આવી ઊભો અને આવા તોફાની પાણીમાં ઝંપલાવવા કરતાં બ્રિટિશોએ લોકોને રિબાવવાનો માર્ગ લીધો, અને છાપા ઉપર ઑર્ડિનન્સો તેમજ છૂપા જાપ્તાઓ નાંખી એના ખરા ખબરો જગતને ન પહોંચે એવા પ્રપંચો કર્યા. ધરાસણા અને બીજાં સ્થળોમાં સરકારના જુલમાટના ભોગ થઈ પડેલાઓ આટલું અવશ્ય સમજી લે કે તેમણે જુલમો સહી લઇને હિંસાની આગને જગત આખાને વીંટીને વળતી રોકી છે. આજે તેઓ ભારતવર્ષના મુક્તિના ખ્વજવાહ છે, એટલું જ નહિ પણ સમસ્ત માનવજાતને તેમણે હિંસાના ચક્રમાંથી મુક્ત કરાવાની છે. આ અપૂર્વ સેવાને આનંદ બીજાઓમાં કષ્ટસહનની ધગશ ઉત્પન્ન કરે.

ધરાસણામાં સરકારે રૌરવ નરક ઉતાર્યું. લોહીતરસી અને ખુન્નસે ચડેલી સરકારે 'કાયદા અને વ્યવસ્થા'નો બુરખો ફગાવી દઈને અને જે રાષ્ટ્રને તે જમાનાઓથી ચૂસતી આવી હતી તેના નવચેતનને ડામવા માટે આંધળિયાં કરીને અહિંસક લોકો ઉપર જે સિતમો ગુજાર્યા તેનું આબેહૂબ વર્ણન હવે પછી આવશે.

૬

ત્રાજવાનાં પલ્લાંમાં

આ સિતમોથી આપણને કમકમા આવે છે, તો બ્રિટિશ લોકોને મન તો એ કશા વિસાતના નથી. તેઓ તો ગયા મહા-યુદ્ધ વખતનાં બનાવો સાથે તેમનાં આજનાં કૃત્યોની સરખામણી કરે છે અને કહે છે: 'પ્રભો! તારો પાડ માનીએ છીએ કે અમે બીજા જેવા નથી.' ખરેખાત, તેઓ બીજાઓના જેવા તો નથી જ, તેમણે તો પોતાને ખરેખરા રાક્ષસો સિદ્ધ કર્યા છે. આ કાળાં કૃત્યોનો આપણે તોલ કાઢીએ તે પહેલાં લડાઈમાં ઊતરેલા બન્ને પક્ષોની સ્થિતિનો આપણે વિચાર કરી લેવો જોઈએ. બેઉ સશસ્ત્ર હોય તો તો બન્ને સરખા છે. જો પ્રબળ ઉશ્કેરણી હોય તો પાપો એટલાં બધાં નિંદ્ય નથી. ગુસ્સાના આવેશમાં કંઈક થઈ જાય અને ફુરસદે તેનો પશ્ચાત્તાપ પણ કરાય. આ કસોટી પર ફ્રાંસમાં કેટલીકવાર ખૂનના ગુનાની માફી આપવામાં આવે છે. પણ આપણા દેશમાં આજે જે બની રહ્યું છે તેનો જોટો તો ઇતિહાસના કોઈ પણ પાનામાંયે મળી શકે એમ નથી. મધ્યયુગમાં મુસલમાનો એક હાથમાં કુરાન રાખતા તો બીજામાં તલવાર. આ રીતનો આપણે ગમે તેટલો વિરોધ કરીએ તોપણ તેમાં એક જાતનો ઊંચો આદર્શ તો હતો એમ કહી શકાય. તેઓ તો તેમને મન માર્ગ ભૂલેલાઓને તેમના સાચા ધર્મમાં લાવવા માગતા હતા. સ્ટીવનને પથરે માર્યો ત્યારે તેમાં સહાનુભૂતિ આપીને પોલ માનતો હતો કે તે પ્રભુની સેવા કરતો હતો. 'ધર્મદંડો' અને 'કેથોલિક' સંપ્રદાય પણ લગભગ એ જ ભૂમિકાએ હતાં.

એ બધાંની પાછળ ગમે તેવો ભૂલભરેલો પણ કંઇક આદર્શ હતો, અને એ વસ્તુ તેમને ઇશ્વરના દરબારમાં માફી અપાવશે, કેમકે એ ન્યાયાધીશ તો માણસની કૃતિ કરતાં તેના હૃદય તરફ, કૃતિ પાછળ રહેલા હેતુ તરફ જ જુએ છે. ગયું મહાયુદ્ધ નખશિખ શસ્ત્રસજ્જ થયેલાઓ વચ્ચે હતું; અને તેથી બેઉ પક્ષ સમાન કક્ષાએ હતા. બન્ને પક્ષો તરફથી યુદ્ધના આવેશમાં અત્યાચારો કરનાર અભણ સિપાઇઓ હતા, બ્રિટિશ સંસ્થાઓમાં ઊછરેલા સિવિલિયનો નહિ. અમેરિકામાં લોકો કાયદો પોતાના હાથમાં લઇ હબસીઓ પર જુલમ કરે છે તેમાં જુલમના ભોગ થઇ પડનાર હબસીમાં ખ્રિસ્તી શહીદના જેવી વિશુદ્ધિ નથી હોતી અને જુલમગારમાં ધર્માંધ જાલિમ જેવું આદર્શનું ઉમદાપણું નથી. રાજા લિયોપોલ્ડે બેલ્જિયન કોંગોમાં જુલમો વરસાવ્યા તે પરથી માલૂમ પડશે કે એ જુલમગારોમાં બ્રિટિશોના જેવી ધનની ભૂખાળવી લાલસા હતી, પણ એના ભોગ થઇ પડનારાઓમાં કોઈ વિશુદ્ધ આદર્શને માટે તપસ્યા કરવાની ભાવના નહોતી. આપણે આજે જે જોઈ રહ્યા છીએ તે તો અધમતામાં ઉપલાં બધાં દૃષ્ટાન્તોને ટપી જાય છે. બન્ને પક્ષો વચ્ચે આસમાન જમીન જેટલું અંતર છે. એક પક્ષે ખ્રિસ્તી ધર્મવીરોનો ઉચ્ચ આદર્શ છે, તો બીજી બાજુ ધનની લોલુપતા છે. આમાં અને બે હજાર વર્ષ ઉપર પેલેસ્ટાઇનમાં બનેલા બનાવો વચ્ચે સામ્ય જડી આવશે. એક બાજૂ ઇશુ છે, ને તેનો આત્મસમર્પણનો આદર્શ છે; બીજી બાજુ ફારીસીઓ છે, ને તેમણે સ્વાર્થને માટે ઇશુનો પીછો પકડ્યો છે. આ ઘેટા જેવી જણાતી આવેલી સરકારની ચામડી આપણે જરાક ઊંચી કરી તો એની અંદર રહેલાં વિકરાળ વરુઓનું આપણને દર્શન થયું છે. આ માપે તોલ કાઢીએ તો જર્મનોના જુલમોની જે વાતો લખાઈ છે તે ખરી હોય તોપણ તેઓ માણસાઈવાળા ગણાવા જોઈએ. આ બ્રિટિશ લોકોએ ધનની લાલસાને લીધે જે લોકો પોતાના કશા પણ સ્વાર્થ વિના, આંગળી પણ ઊંચી કર્યા વગર, જુલમ આગળ ગરદન ઝુકાવતા હતા તેમના ઉપર સિતમો વરસાવીને પોતાનામાં માણસાઈ જેવું છે જ નહિ

એમ પુરવાર કરી આપ્યું છે, અને એમના ખેદા પંજા દેખાડી આપીને તેઓ માણસની દુનિયાના નથી એમ જાહેર કર્યું છે.

૭

ઉપસંહાર

આ બનાવો જોયા પછી હવે આપણે આ રાક્ષસોને આપણી ભૂમિમાંથી જેમ બને તેમ જલદી કાઢવા કેડ કસવી જોઈએ. લોકો આજે ઊંઘમાંથી જાગ્યા છે, અને આપણા આ જાલિમોના ધમપછાડાથી લોકો આ પાર કે પેલે પાર કરવાને માટે કટિબદ્ધ થતા જણાય છે. ઑર્ડિનંસો અને જુલમો આપણને કમર કસવાનાં આહ્વાન આપે છે, અને ભવિષ્યમાં આપણે માટે કારમામાં કારમા જુલમો સામે ટકી રહેવાની શક્તિ મેળવવાનો આદેશ આપે છે. ધરાસણાએ હિંદમાંની બ્રિટિશ સલ્તનતને મરણ ઘા માર્યો છે, અને શેતાન પોતે પછડાઇ પડે તે પહેલાં નિર્દોષોનાં લોહીની નીકો વહેવડાવવા માગે છે. ફારાઓ અને તેના પોલીસ સાર્જંટો ગાંસડાં પોટલાં સાથે એલાર્ડપિયર ઉપર બીજી જ આગબોટમાં ઘર તરફ સિધાવતા હોય તેવી આપણે રાહ જોઈશું. ઈશ્વર આપણાં દુઃખના દિવસ ઓછાં કરે અને મુક્તિનો મંગલ દિવસ જલદી આણે:

"ભગવન્ દયા કર! તેને અમારે માથે કેવી કેવી વીતી છે!
અમારી લીલી વાડીઓને પરાયાઓએ ઉજડ કરી છે,
અમારાં ઘરનાં પરદેશીઓએ પાધર કર્યાં છે.

ચાંગળું પાણીને માટે અમારે પૈસા આપવા પડે છે;
અમારાં બળતણ અમારે વેચાતાં લેવાનાં હોય છે.

સિતમની ચક્કી તળે અમારી ગરદન દબાઈ રહી છે,
તનતોડ પરસેવામાં અમને આરામનું નામ નથી,
અમારા ખાદિમો અમારા ખાવિંદો બન્યા છે.

અમારા બત્રીશલક્ષણાઓને એ લોકો શૂળીએ ચઢેવે છે;
અમારા ગુરુજનોનાં મોં ઉપર તેઓ થૂંકે છે.


ભગવન્! દયા કર! તારી કૃપાનો પ્રવાહ અમારા પર વહેવડાવ;
અને ફરી નવલ પ્રભાતમાં એ દિવ્ય નૂર પ્રગટાવ."

અહિંસાને ધ્રુવતારક રાખી આપણે આપણી સ્વાતંત્ર્ય કૂચ કરતા રહીશું, તો આપણા ભવિષ્યના દિવસો ભૂતકાળ કરતાં વિશેષ ઉજમાળા થશે. ધરાસણાએ જગતને પ્રતીતિ કરાવી છે કે ઉશ્કેરણીનાં પ્રબળ કારણો મળ્યા છતાં અને હિંસાના અનેકાનેક ઘોંચપરોણા છતાં ગુજરાતના નૌજવાનોએ આ જ્ઞાન ઝીલી લીધું હતું અને અહિંસાને ચુસ્ત રીતે વળગી રહ્યા હતા. ધરાસણાનું ક્ષાત્ર તેજ હિંદભરમાં વ્યાપી જશે તો શસ્ત્રબંધીની પરિષદોની કશી જરૂરત રહેશે નહિ, અને મોટી 'ડ્રેડનૉટો', લડાયક વહાણો, તાંબિયાના ભાવે પણ કોઇ લેશે નહિ. એ દિવસ જલદી આવો એવી ઇશ્વર પ્રત્યે પ્રાર્થના છે.



ધરાસણાના મીઠાના અગરો

ધરાસણામાં સરકારી પાશવલીલા



૨૧ મીએ ઘવાઈને મેદાનમાં પડેલા સેંકડો સૈનિકો

ધરાસણાનું બલિદાનસત્ર

બુધવાર તા. ૧૨ મી માર્ચ ૧૯૩૦ ને દિવસે ગાંધીજીએ મીઠાની લડાઇને માટે જે ચિરસ્મરણીય કૂચ શરૂ કરી તે ખરું જોતાં તા. ૫ મી એપ્રિલે દાંડી આવતાં પૂરી થઇ નહોતી. છઠ્ઠી એપ્રિલે દેશભરમાં શરૂ થયેલી મીઠાના સત્યાગ્રહની લડત દાબી દેવા સરકારે જે અમાનુષી અત્યાચારો કર્યા તેની સામે ગાંધીજીનો પુણ્યપ્રકોપ પ્રકટી ઉઠયો અને સરકારને ખોપરીઓનાં બલિદાન આપી તેની રૂધિરતૃષા છીપાવવાનો ગાંધીજીએ નિશ્ચય કર્યો. તા. ૨૬ મી એપ્રિલે એમણે છરવાડાના મીઠાના ઢગલાઓ દીઠા અને તે ગામમાં ભાષણ કરતાં જ તેમણે પોતાનો ઈરાદો જાહેર કર્યો:—

મીઠાચોરનો મોંઘો ઈલકાબ

" પ્રજાએ મને મહાત્માને બદલે મીઠાચોરનો ઈલકાબ આપ્યો એ મને ગમે છે. પણ મીઠાચોર થવું સહેલું નથી. મહાત્માપણું તો સહેલું છે. ખાવાપીવામાં થોડાક ઢોંગ કરે, લંગોટ પહેરે તો મહાત્માનું પદ તો આ દેશમાં સહેલાઈથી મેળવી શકાય છે. મીઠાચોરનું પદ એમ સહેલાઇથી મળે એવું નથી. એમ તો આજે હમણાં જ પાસેની ખાડીમાંથી તમારી સાથે થોડું મીઠું લઈશું. સરકાર માબાપે એ બધું માટીમાં મેળવ્યું છે એટલે ચોખ્ખું મીઠું તો નહિ મળે, પણ જેવું મળશે તેવું આપણે હમણાં લઈશું. પરંતુ ચોર તો ક્યારે કહેવાઈએ ? ચોરી માટે દંડ કરે ત્યારે જ ને ? ચોરી કરીએ ને કોઈ બોલાવે પણ નહિ તો પછી એ ચોરી શાની ? થોડી

ધૂળ આપણે લઇશું એ સરકારી કાયદામાં ચોરી ભલે ગણાતી હશે, પણ એને સંસાર પણ ચોરી માનતો નથી ને સરકાર પણ માનતી નથી. ચોરી કરીએ ને એના બદલામાં હાથ ભાંગતા હોય તો તે ચોરી ખરી. આજે આપણે મીઠું લેશું, પણ સંભવ છે કે મારા કે તમારા કોઇના હાથ ભાંગવાના નથી.

ખરી ચોરી તો ત્યારે કહેવાય જ્યારે પેલા પહાડો લૂંટીએ. ઉંટડી ગયેલો ત્યારે દૂરથી આ પહાડો રૂડારૂપાળા લાગેલા, આજે પડખેથી જોઉં છું તો એ તો મેલા અને ભૂંડા દેખાય છે. પણ ગમે તેવા હોય, એ પહાડો ઉપર હાથ નાંખીએ અને તેના બદલામાં હાથ ને કાંડા ભાંગે કે જેલમાં નાંખે ત્યારે આપણે મીઠાચોર ખરા.

લૂટમાં ભળવાનું નોતરું

"મને" મીઠાચોર તો ત્યારે જ કહેજો, જ્યારે આપણે આ ધરાસણાના અગરનો કબજો કરીએ. આમ ખૂણેખાંચરેથી શેરબશેર મીઠું લઇએ એમાં તે શું? સરકાર પણ મનમાં કહેતી હશે, આમ છોકરાંની રમત શું કરો છો? ખરો ખેલ કરવો હોય તો આવો અને ધરાસણાના કે ભાંયદરના કે ખારાઘોડાના અગરો લૂંટો. અત્યારે આપણે છોકરાંની રમત કરીએ છીએ એ હું કબૂલ કરૂં છું, પણ રમતમાંથી કોઇક દિવસ ગમ્મત કરવાના છીએ. એ ગમ્મત કરીએ ત્યારે તમે છરવાડા ને ધરાસણાનાં ભાઇઓ અને બહેનો બધાં મારી સાથે આવજો. પણ હમણાં નહિ. જ્યારે એ કરવાનો સમય આવશે ત્યારે હું તમને બધાંને નોતરવાનો છું. જ્યારે ધરાસણાની ચડાઇનાં બ્યાન લખાશે ત્યારે આ અગરોના પડોશીઓ પોતાને વિષે શું લખાવશે? તે વખતે તમે નાસી ગયા એમ લખાવશો કે છાતી કાઢીને ઊભા રહ્યા એમ લખાવશો? જેમણે બત્તી બુઝાવીને માર માર્યો તેમના ઉપર આપણે રોષ નહિ કરીએ, તેમને ગાળ પણ ન દઇએ. આપણે તો જુદો જ ન્યાય તોળવો છે. પેલી કહેવત છે ને કે 'આંગળું આપતાં પહોંચું કરડે'? આપણે પણ આ લોકો આંગળું લઇ લે તો કહેશું સાથે પહોંચું પણ લો; પહોંચું લેશે તો કહેશું, ખભો લો; ને ખભો લેશે તો ગરદન આપવા તૈયાર થઇશું. આપણા સ્વયંસેવકોને મારપીટ

કરવા માંડી છે તો હવે એવો સીધો મેલ રચીએ કે બધી મારપીટ આપણાં માથા પર ખેંચી લઈએ."

આ ઈરાદો રોજને રોજ વધારેને વધારે દૃઢ થતો હતો અને દાંડીમાં અટકાવેલી કૂચ ધરાસણા સુધી પહોંચાડવાનો નિશ્ચય જાહેર કરનારો કાગળ વાઇસરોય પર મોકલવાની ગાંધીજી તૈયારી કરી રહ્યા હતા. તા. ૪ થી મેને રાત્રે ૧૧ાા વાગે એ કાગળ પૂરો કરીને આખા દિવસના થાકેલા એ સૂતા. એમનો મૌનવાર સાંજથી જ શરૂ થયો હતો. કાગળમાં એમણે તારીખ અને સહી લખવાની જ બાકી રહેવા દીધેલી. એમાંનો કેટલોક ભાગ અહીં આપવામાં આવે છેઃ–

પ્રિય મિત્ર,

ઇશ્વરેચ્છા હશે તો મારો ઇરાદો તા. . . . ના રોજ ધરાસણા તરફ કૂચ કરી તા. . . . ના રોજ મારા સાથીઓ સાથે ત્યાં પહોંચી મીઠાના અગરના કબજા માટે માગણી કરવાનો છે. એવું જાહેર કરવામાં આવ્યું છે કે ધરાસણાના અગર ખાનગી માલકીના છે. આ તો માત્ર ધોખો દેવાની વાત થઈ. વાઇસરોય સાહેબનું મકાન જેટલું સરકારના કબજામાં છે એટલા જ આ અગર પણ સરકારના કબજામાં છે. સત્તાવાળાની પ્રથમ પરવાનગી સિવાય એક ચપટી મીઠું ત્યાંથી ઉપાડી શકાય એમ નથી.

વિનોદમાં અને મસ્તીમાં કહેવામાં આવ્યું છે તેમ આ હુમલાને આપ ત્રણ રીતે રોકી શકો છોઃ

૧. મીઠા વેરો રદ કરીને;

૨. મને તથા મારી ટુકડીને પકડીને, સિવાય કે દેશ, હું આશા રાખું છું તેમ, અમારી બધાની જગ્યા પૂરી લે;

૩. કેવળ ગુંડાશાહી ચલાવીને, સિવાય કે જેટલાનાં માથાં ફૂટે એટલા બીજા, હું આશા રાખું છું તેમ, ત્યાં આવીને ખડા થાય.

આ પગલું લેવાનો નિર્ણય મેં કશો આંચકો ખાધા વિના કર્યો છે એમ નથી. મેં આશા રાખી હતી કે સરકાર સત્યાગ્રહીઓ સાથે સભ્યતાપૂર્વક લડશે. સત્યાગ્રહીઓને પહોંચી વળવા સાધારણ રીતે પ્રચલિત છે તે કાયદાનો અમલ કરીને સરકારે સંતોષ માન્યો હોત તો મારે કાંઇ કહેવાપણું નહોતું. તેને બદલે, જાણીતા આગેવાનો

સાથે વધતેઓછે અંશે કાયદા મુજબનો વર્તાવ ચલાવીને, બીજા સાધારણ સત્યાગ્રહીઓ પ્રત્યે તો જંગલી અને કેટલીકવાર બીભત્સ અત્યાચારો કરવામાં આવ્યા છે. આવું છૂટુંછવાયું બન્યું હોત તો તો જોયું ન જોયું કરી શકાત. પરંતુ મારી પાસે તો બંગાળ, બિહાર, ઉત્કલ, યુક્ત પ્રાંતો, દિલ્હી અને મુંબાઈથી ખબરો આવી છે, જે ગુજરાતમાં મળેલા અનુભવોનું સમર્થન કરે છે અને ગુજરાત વિષે તો મારી પાસે પારવિનાનો પુરાવો પડેલો છે. કરાંચી, પેશાવર તથા મદ્રાસમાં વિનાકારણ અને વિનાઉશ્કેરણી ગોળીબાર થયેલા જણાય છે. સરકારની દૃષ્ટિએ કિંમતવિનાનું અને સત્યાગ્રહીની દૃષ્ટિએ ભારે કીમતી એવું મીઠું સ્વયંસેવકો પાસેથી ઝૂંટાવી લેવા માટે તેમનાં હાડકાં ભાંગવામાં આવ્યાં છે અને ગુહ્ય ભાગો દબાવવામાં આવ્યા છે. મથુરામાં એક આસિસ્ટન્ટ મેજિસ્ટ્રેટે એક દશ વરસના બાળક પાસેથી રાષ્ટ્રીય વાવટો ઝૂંટવી લીધાનું કહેવાય છે. અને આવી રીતે ગેરકાયદે પડાવી લીધેલો વાવટો પાછો માગનાર ટોળીને ઘાતકી રીતે માર મારવામાં આવ્યાના અહેવાલો મળ્યા છે. એ વાવટો પાછળથી આપી દેવામાં આવ્યો એ જ સૂચવે છે કે અંતઃકરણ ગુનેગાર હતું. બંગાળામાં મીઠાને અંગે ઓછા માણસોને પકડવામાં આવ્યા છે. તેમ અત્યાચારો પણ ઓછા થયા છે. પરંતુ સ્વયંસેવકો પાસેથી વાવટા ઝૂંટવી લેવામાં અકથ્ય જુલમો થયેલા કહેવાય છે, ડાંગરનાં ખેતરો બાળી મૂકવામાં આવ્યાનું કહેવાય છે, ખાવાનું પણ જબરાઈથી લઈ લેવામાં આવ્યું છે. અમલદારોને શાક નહિ આપવા માટે ગુજરાતમાં એક સ્થળે આખું શાકબજાર લૂંટી લેવામાં આવ્યું હતું. આ બનાવો મોટાં ટોળાંની સામે બનેલા છે. મહાસભાના હુકમને લીધે જ આ ટોળાંએ સામે થયા વિના આ બધું સહન કર્યું છે.

તેથી અત્યારે શરૂ થયેલી ડરાવી દેવાની નીતિનો અમલ આખા દેશને આવરી લે તે પહેલાં મને લાગે છે કે મારે વિશેષ ઉગ્ર પગલું લેવું અને આપના ક્રોધને વધારે જલદ પણ વધારે સાફ માર્ગે વાળવો. મેં વર્ણવી છે તે બધી વાતો આપ નહિ જાણતા

હો. હજી પણ આપના માન્યામાં એ આવશે નહિ. મારે તો એ વસ્તુ તરફ આપનું ચોક્કસ ધ્યાન ખેંચવું જ રહ્યું.

કારણ સત્યાગ્રહના શાસ્ત્ર પ્રમાણે તો, સરકાર જેમજેમ વિશેષ દમનનીતિ વાપરે અને જેમજેમ વિશેષ બેકાયદે બને તેમતેમ સત્યાગ્રહીઓએ વિશેષ ને વિશેષ સંકટો વહોરવાં જોઈએ. સ્વેચ્છાએ ખમેલાં તીવ્રમાં તીવ્ર સંકટોને પરિણામે ચોક્કસ વિજય જ છે. હું જે કાર્ય ઉપાડવા ધારું છું તેમાં રહેલાં જોખમોનું મને જ્ઞાન છે. પરંતુ દેશ મારી વાત સમજવામાં ભૂલ કરે એવો સંભવ નથી. હું જે વિચારું છું અને કરવા ધારું છું તે જ કહું છું. હિંદુસ્તાનમાં પંદર વરસથી હું કહેતો આવ્યો છું અને પરદેશમાં વીસ વરસ સુધી મેં એ જ વાત કહી છે અને તે જ વાત હું ફરી કહું છું કે હિંસાને જીતવાનો ઉપાય શુદ્ધ અને નિષ્કલંક અહિંસા જ છે. મેં એ પણ કહ્યું છે કે દરેક હિંસામય કૃત્ય, વાણી અને વિચાર પણ અહિંસાની પ્રગતિને આડે આવે જ છે. વારંવાર આટલી ચેતવણી આપ્યા છતાં લોકો હિંસાનો આશ્રય લેશે તો હરકોઈ મનુષ્યના કૃત્યને માટે બીજા મનુષ્યની જેટલી જવાબદારી અનિવાર્ય રીતે ગણાય છે તે સિવાયની બીજી કોઇ જવાબદારી મારે શિર નથી. પરંતુ આ જવાબદારીનો પ્રશ્ન બાજુએ રાખતાં પણ જો અહિંસા એ ઋષિમુનિઓએ કહ્યું છે તેવું અમોઘ બળ હોય અને તેના પ્રયોગનો મારો વિશાળ અનુભવ મારે એળે ન જવા દેવો હોય તો કોઈ પણ કારણસર મારે નિશ્ચિત પગલાં લેવાનું મુલતવી રાખવું જોઈએ નહિ."

રાત્રે ૧૨-૪૫ ને સુમારે સુરતના ડિસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટ સંખ્યાબંધ પોલીસ સાથે આવીને એમને પકડી ગયા. અહિંસાની મૂર્તિરૂપ ગાંધીજીને આ હિંસક અને બીકણ માણસો રાત્રિના અંધકારમાં ઉપાડી ગયા. ગાંધીજીની ધર્મયાત્રાનો તો યેરવડા જેલમાં અંત આવ્યો પણ એમના સાથીઓની કૂચ અને દેશની ફરજ હજી અધુરી રહી હતી.

ગાંધીજી પકડાયા પછી તરત જ ગુજરાતના વયોવૃદ્ધ નેતા પૂ. અબ્બાસ સાહેબે આવીને એમનું સ્થાન લીધું, અને પોતાના

જલાલપુરના ભાષણમાં ધરાસણા પર હુમલો લઈ જવાનો ગાંધીજીનો ઈરાદો પાર પાડવાનો પોતાનો નિશ્ચય જણાવ્યો.

તા. ૮ મી મેને દિવસે જ આ ધાડ માટે અબ્બાસ સાહેબ સાથે ઈમામ સાહેબ, મણિલાલ ગાંધી, નરહરિ પરીખ, પ્યારેલાલજી, વાલજી દેસાઈ અને જુગતરામ દવે એટલા સભ્યોની સંગ્રામ સમિતિ નીમવામાં આવી અને તા. ૧૨મીએ કરાડી છાવણીમાંથી કૂચ કરી અબ્બાસ સાહેબ છાવણીમાં રહેલા સત્યાગ્રહીઓ સાથે તા. ૧૪ મીએ સાંજે ઉંટડી છાવણીમાં પહોંચી જાય અને તા. ૧૫ મી સવારે ૬॥ વાગે ધરાસણાના મીઠાના ઢગલા પર હલ્લો કરે એમ નક્કી થયું. તા. ૯ મીએ અબ્બાસ સાહેબે નીચે પ્રમાણેનું જાહેરનામું બહાર પાડયું:

ધરાસણા ઉપર

"મીઠાના કાયદા સામેની સત્યાગ્રહની લડત શુદ્ધ શાંતિ અને અહિંસાને રસ્તે આજ સુધી ચાલી હોવા છતાં સત્તાવાળાઓ કાયદા ને બંદોબસ્તના બહાના હેઠળ કોઈ પણ સુધરેલા રાજ્યને ન છાજે એ રીતે વર્ત્યા છે, સત્યાગ્રહીઓ ઉપર હેવાનિયત ભરેલા અને બીભત્સ ઈલાજો લેતાં પણ પાછું વળીને જોયું નથી. તેથી ગાંધીજી એવું પગલું લેવાનો ઈરાદો ધરાવતા હતા કે જેથી સરકારને કાં તો પોતાની રીત બદલી સત્યાગ્રહીઓ સાથે સભ્યતા અને નીતિથી વર્તવું પડે અગર તેમના ઉપર લાઠી કે ગોળી ચલાવવી પડે.

આ હેતુ પાર પાડવા ખાતર મહાત્માજીએ વાઇસરોય ઉપર નોટિસનો કાગળ ઘડી મૂકયો હતો, જે પાછળથી મેં રવાના કર્યો છે, કાગળમાં તેમણે ધરાસણાના મીઠાના અગર પર 'દરોડો' પાડવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો છે.

આમ હોવાથી હવે તેમની ઘડેલી યોજના અમલમાં ઉતારવાની ફરજ આપણી ઉપર આવી પડી છે. એટલા માટે હું મહાત્મા ગાંધીજીની પહેલી સત્યાગ્રહી ટુકડી સહિત કરાડી છાવણીથી તા. ૧૨મી મેની સવારે પેદલ કૂચ કરવા ધારું છું. અમારી ટુકડી તા. ૧૪મીની સાંજે ધરાસણા પહોંચશે અને તા. ૧૫મીની સવારે સાડાછ વાગે સરકારી અગરનો કબજો લેવા માટે જશે."

સરકારે પણ પોતાની તૈયારી કરવા માંડી હતી. તા. ૧૨મી ને દિવસે શ્રી. અબ્બાસ સાહેબને પકડવાના તેની આગાહી દેવા માટે મિ. કોઠાવાળા ૧૧મીએ સાંજે અબ્બાસ સાહેબ પાસે આવ્યા. અબ્બાસ સાહેબ જે પગલું ભરવા ધારે છે તે ફોજદારી ગુન્હો છે અને તે લેતાં ન અટકે તો સત્તાધીશો તે અટકાવવા પગલાં લેશે એવી મતલબનો કાગળ લઈને એઓ આવ્યા હતા. આ વિનય માટે અબ્બાસ સાહેબે કલેકટરનો આભાર માન્યો પણ પોતાનો નિશ્ચય ફરે એમ નથી એમ જણાવ્યું.

તા. ૧૨ મી ને સોમવારે ગાંધીજી પકડાયા પછી બરાબર એક અઠવાડીયે સવારે ૬ ને ટકોરે સૌ કૂચને માટે હારબંધ ઉભા રહી ગયા. પૂજ્ય કસ્તુરબાએ અબ્બાસ સાહેબને ગળામાં સુતરની માળા આરોપી, કપાળે ચાંલ્લો કર્યો, અને ગાંધીજીનું પ્રિય ભજન 'વૈષ્ણવજન તો તેને કહીએ' ગાઇને જવા નીકળ્યા. એમને વળાવવા આવનારાઓમાં મિસિસ તૈયબજી અને મુંબઈથી આગલી રાતે જ આવેલાં શ્રીમતી કમલાદેવી ચટ્ટોપાધ્યાય, પૂજ્ય કસ્તુરબા અને કેટલાંક બીજાં બહેનો હતાં, તેમજ ગ્રામવાસીઓ મોટી સંખ્યામાં હતા. હજુ તો માંડ પાંચેક મિનિટ ચાલ્યા હશે ત્યાં તો સડક પર છ ખાલી મોટર અને બસો પોલીસોનું મોટું લશ્કર નજરે પડ્યું. હજુ તો લશ્કર આવતું જ જતું હતું. એ ઉપરથી એમનું ભાવી એ ભાઈઓ કળી ગયા. નજદીક જતાં ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ, પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ અને મિ. આંટિયા એમની સામે આવી ઊભા રહ્યા, અને લાઠીઓ, બંદૂકો અને સંગીનોથી સજ્જ થયેલી સત્યાગ્રહીઓની સંખ્યાના કરતાં ચારગણી પોલીસની સંખ્યાએ એમને ઘેરી લીધા. ગ્રામવાસીઓને આગળ આવતાં અટકાવ્યાં, અને ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટે ગુજરાતીમાં એમને સંભળાવ્યું 'તમને ગેરકાયદે મંડળી ગણવામાં આવે છે, અને તેથી તમને વિખેરાઇ જવા ફરમાવવામાં આવે છે.' અબ્બાસ સાહેબે એક ક્ષત્રિયને શોભે એવી શૂરવીરતાથી કહ્યું: 'અમે તમારા હુકમનો અનાદર છીએ, અને તમે કરતા આવેલા છો, તેમ ખુશીથી આ તમારા દંડાઓ અને બંદુકો અમારી ઉપર ચલાવી શકો છો.' પરંતુ તેમ કરવાનો તો તેમણે ઇનકાર કર્યો, અને અબ્બાસસાહેબ સાથે આખી ટુકડીને

પકડી ખાલી આવેલી મોટરોમાં બેસાડી લઇ ગયા. શ્રીયુત જુગતરામ હવે જેઓ હમેશાં અબ્બાસસાહેબને મળવા આવતા અને એ જ મુજબ આગલી રાતે પણ આવેલા તેમને પણ પકડવામાં આવ્યા. સૌને જલાલપુર કોર્ટમાં લઇ જવામાં આવ્યા.

તેજ દિવસે જલાલપુરની અદાલતમાં એમનો બધાનો મુકદમો ચાલ્યો, શ્રી અબ્બાસ સાહેબને ૬ માસ સાદી, શ્રી. જુગતરામને ૬ માસ સખત અને બીજા ૫૪ ને ૩ માસ સખત સજા કરવામાં આવી. આ રીતે સત્યાગ્રહ આશ્રમમાંથી ગાંધીજી સાથે નીકળેલી ટુકડીની કૂચ પૂરી થઈ.

અબ્બાસ સાહેબ તથા તેમની ટુકડીની ધરપકડ થશે એવી ગણત્રી આગળથી જ કરવામાં આવી હતી એટલે સુરત જીલ્લાના સૈનિકોની ટુકડીઓ ધરાસણા ઉપડી જવા તૈયાર થઈ રહેલી હતી.

પૂ. અબ્બાસસાહેબ આશ્રમની આખી ટુકડી સાથે પકડાઈ ગયા પછી સુરત જિલ્લાના બસો ઉપર સૈનિકો ઊંટડીની છાવણીમાં જમા થઈ ગયા. ઘડીભર તો શ્રી. મણિલાલ ગાંધીની સરદારી નીચે ધરાસણા ઉપર તુરત જ હુમલો કરવાનો વિચાર કર્યો, પણ પછી અગાઉ નક્કી કરેલી તા. ૧૫મીને જ વળગી રહેવું એમ ઠર્યું. પૂ. અબ્બાસસાહેબ પકડાય પછી શ્રીમતી સરોજિનીદેવી ધરાસણાની ચડાઈની સરદારી લે એમ નક્કી થયું હતું. અલ્લાહાબાદમાં તા. ૧૨ મીએ મળેલી કાર્યવાહક સમિતિમાંથી તેઓ સીધાં ઊંટડી આવ્યાં, અને સવારે સાડાચાર વાગે પ્રાર્થના ચાલતી હતી તે વખતે જ છાવણીમાં પહોંચ્યાં.

કૂચનો સમય સવારનો ૬–૩૦ વાગ્યાનો રાખ્યો હતો. તે પહેલાં બધા સૈનિકો નાહીધોઈને પરવારી ગયા હતા. નીકળતી વખતે ધ્વજવંદન કરી, 'વૈષ્ણવજન'વાળું પદ ગાઈ પૂ. બાના આશીર્વાદ સાથે બરાબર નક્કી કરેલ વખતે જ કૂચ શરૂ થઈ. મોખરે શ્રીમતી સરોજિનીદેવી હતાં. ઊંટડી ગામની હદ પૂરી થઈ અને ધરાસણાની શરૂ થઈ ત્યાં સુધી પૂ. બા, ઇમામસાહેબ વગેરે તેમની સાથે હતાં. બરાબર ૭–૫ મિનિટે અગરની હદમાં કસ્ટમ હાઉસ આગળ તેમને રોકવામાં આવ્યાં. સામે પોલીસ સજડ સાંકળ

કરીને ઊભા રહ્યા. તેમનામાંના કેટલાક પાસે બંદૂકો અને કેટલાક પાસે લાઠી હતી. કલેક્ટર તથા ડે. પોલિસ સુપરિન્ટેન્ડન્ટ પણ ત્યાં પહોંચ્યા. તેઓ કહે, 'આગળ જવું હોય તો જબરાઈ કરીને જાઓ.' સરોજિનીદેવીએ કહ્યું, 'અમે તમારી સાંકળ તોડવા ઇચ્છતાં જ નથી. We will stand till doomsday—પ્રાણાન્ત સુધી અમે અહીં જ ઊભવાનાં છીએ.' ત્યારપછી દસેક મિનિટ પછી પાસેના ઘરમાંથી કોઈએ ખુરસી આણી આપી તે ઉપર તેઓ બેઠાં. થોડીવાર પછી સૈનિકો પણ બેઠા, એટલે તેમની સામે લાઠીવાળા પોલીસો પણ બેઠા. સૈનિકોએ બેઠાબેઠા કાંતવા માંડ્યું.

આ વખતે કેટલાક અગરિયાઓ અગરની હદની અંદર પોલીસની હારની પાછળ બેઠા હતા. એવું સાંભળવામાં આવ્યું છે કે અમલદારોએ અગરિયાઓને કહ્યું કે તમે આ ગાંધીના માણસોને કહો કે મીઠું અમારું છે માટે તમે પાછા જાઓ. પણ અગરિયાઓએ તેમ કહેવાની ના પાડી, એટલે તેમને અગરની હદની બહાર કાઢી મૂક્યા. આવી વાત થઈ હો કે નહિ, એટલું તો નક્કી છે જ કે અગરિયાઓને પણ અગરની હદમાંથી બહાર કાઢ્યા અને અગરમાં કામ બંધ રહ્યું.

અત્યારસુધી સૈનિકો સાથે પ્રેસરિપોર્ટરો, ફોટોગ્રાફરો અને બીજાઓ પણ હતા અને તેઓ વાતોચીતો કરતા. સરોજિનીદેવીએ પોતાને વાંચવા માટે પુસ્તક તથા પોતાનું પાણી મગાવ્યું. સાડા-આઠ વાગે બીજા સૈનિકોને પાણી જોઈતું હતું. કેટલાક ભાઈઓ પાણી લઈને ગયા, પણ પાણી આપવા ન દીધું. સરોજિનીદેવી માટે ચોપડી તથા પાણી લઈને ગયા. પણ પોલીસે સૈનિકોની આસપાસ લાઠીની સાંકળ કરી લીધી હતી અને તેમને અટકાવ્યા. તેમણે ફોજદાર સાથે અને પછીથી કલેક્ટર સાથે વાટાઘાટ કરી કે તમે આ લોકોને પકડ્યા નથી એટલે તેમને જોઈતી વસ્તુઓ પહોંચાડવાનો અમને હક છે. આના જવાબમાં 'ચાલ્યા જાઓ' એટલું જ કહેવામાં આવ્યું. પોલીસ સુપરિન્ટેન્ડન્ટે કહ્યું, 'It is a shame on India that you bring a woman for fighting

(હિંદુસ્તાનને શરમ છે કે એક સ્ત્રીને તે લડવા મોકલે છે).' તેમને તુરત જ જવાબ આપવામાં આવ્યો કે કેવળ જીવદયાનું કામ કરવા ગયેલી સ્ત્રીઓ ઉપર વિરમગામમાં ઘોડેસવારનો હુમલો લઈ જનારા આ સરકારના અમલદારોનાં મોમાં આ ટીકા ન શોભે. સરોજિનીદેવી સ્ત્રી છે, પણ સ્ત્રી કરતાં ઘણુંયે વધારે છે. તેઓ તો અપવાદરૂપે આમાં પડ્યાં છે.

દસ વાગ્યા સુધી પ્રેસરિપોર્ટરોને માત્ર પેનસિલ અને કાગળ સાથે જવા દેતા હતા, પાણી લઈને નહિ જ. પણ દસ વાગે તો તેમને પણ કાઢ્યા, અને એટલા સેનિકો જ રહ્યા. તેમની આસપાસ પોલીસનું બહુ મોટું કુંડાળું કરવામાં આવ્યું, અને લોકોને બહુ જ દૂર કાઢવામાં આવ્યા. આગલે દિવસે સૈનિકોની આસપાસ કોઈ ટોળે ન વળે એવી સૂચનાઓ આસપાસનાં ગામના લોકોની સભા ભરીને આપવામાં આવી હતી. પણ સૈનિકોને ઘેર્યા છે અને તેમને પાણી પણ આપવા દેતા નથી, એટલે લોકો તો એ જોવાને અને એનો તો પાણી પહોંચાડવાને ટોળેટોળામાં ઊલટ્યાં. પણ રેડ ક્રોસ ધારણ કરેલ તથા પ્રમાણપત્રવાળી નર્સને પણ ના પાડવામાં આવી હતી ત્યાં બીજાઓને તો ના પાડવામાં આવે તેમાં શી નવાઇ? છતાં શહેરની નર્સ એમ સહેજે પાછી જાય? ગ્રામનિવાસી બાઇઓ અને તેમાંય બહાદુર કોળી બાઈઓ એમ કાંઈ પાછી હઠે? તેઓ પોલીસની સાંકળ તોડીને અંદર જવાનું કરતી હતી, એટલે પોલીસનો એક વડો અમલદાર કહેઃ 'આમ ચોરી શા માટે કરો છો? ત્યારે પેલી બહેને જવાબ દીધોઃ ચોર તો તમે છો. અમારા બાપુને ચોરી ગયા છો.' આ બહેનોને પાણી આપવા ન જ જવા દીધી ત્યારે તેણે કહ્યુંઃ 'હું પાણી લાવી છું તે તમે તો પીઓ. તમને તરસ લાગી હશે. તમે પણ અમારા ભાઇ જ છો ને? અંદર બેઠેલા અમારા ભાઈઓને નથી પીવા દેતા તો તમે તો પીઓ.'

એક બીજી કોળણ બાઈ પોલીસ અમલદારને કહેઃ 'આવી પાપી નોકરી છોડી દઈ આ કપડાં ઉતારી નાંખો. અમે તમને ખાદી આપીએ. અને તમારું ભરણપોષણ બીજી રીતે ન થતું હોય તો અમે તમારું અને તમારાં બૈરાંછોકરાંનું પૂરું કરવા તૈયાર

છીએ. પણ તમારે બૈરાંછોકરાં છે જ નથીઃ હોય તો આટલો જુલમ કરતે નહિ.'

આવી પ્રશ્નપરંપરાના જવાબમાં પોલીસ અમલદાર બચાવ કરે છેઃ 'આજે મીઠું લૂંટવા આવ્યા છે અને કાલે તિજોરી લૂંટવા આવે તો શું અમારે લૂંટવા દેવી? માટે અમે પાણી પાવા દઈશું નહિ.' પછી બાઈઓને ધમકી આપે છેઃ 'તમે અહીંથી નહિ જશો તો તમારા પર ગોળીબાર કરી મારી નાંખીશું.'

આવી એક તરફથી પુષ્પેથીયે કોમળ ભારતવર્ષની કોકિલા ભૂખે અને તરસે ઉનાળાના તડકામાં મહાત્માજીના કાર્યક્રમને પાર ઉતારવા માટે ઉગ્ર સંકલ્પ ધારણ કરીને ૫૦ સૈનિકો સાથે બેઠી હતી એ દૃશ્ય જેટલું પાવક હતું તેટલું જ હૃદય પીગળાવતું હતું; ત્યારે બીજી તરફથી આ સરળ બહાદુર સ્ત્રીઓના વિનોદ અને ટકોર કાંઇક રમૂજ પણ આપતા. બહેનોનાં ટોળેટોળાં માથે બેડાં લઈને ત્યાં જવાનું કરતાં, કેટલીકને તો ત્યાં પહોંચતાં પહેલાં જ આપણા સ્વયંસેવકો સમજાવીને પાછી કાઢતાં.

સાંજે ૭ વાગવા આવ્યા. ચોમેરથી ગામેગામની બહેનો પાણીનાં બેડાં સાથે ઉલટી. તેમને રોકવા માટે પોલીસો હાંફળા-હાંફળા દોડાદોડ કરી રહ્યા. ફોટોગ્રાફરો તેમના ફોટા લેતા હતા. પરિસ્થિતિ સવારના જેવી જ હતી. સરોજિનીદેવી અગિયારબાર વાગતાં તો મૂર્છિત થઈ જશે એમ બધા ધારતા હતા પરંતુ તે તો મોં ઉપર પાઉડર લગાવતાં હતાં. કાંસકીથી વાળ ઓળતાં હતાં. આરસીમાં જોતાં હતાં અને દૃઢાસન લગાવીને બેઠાં હતાં. સરકારી અમલદારો સાથે સારી પેઠે વાતો પણ કરતાં હતાં. શી વાતો કરતાં હશે તે તો શી ખબર પડે? પણ એમને ઠીક ચાબકા લગાવતાં હશે અને ગમ્મત પણ કરાવતાં હશે.

પોલીસ સુપરિન્ટેન્ડન્ટ મિ. રૉબીન્સને સવારે તો બડાઈ હાંકી હતી કે જ્યાં સુધી મિસિસ નાયડુ અહીં બેસશે ત્યાં સુધી હું પણ અહીંથી ખસવાનો નથી. પણ આ બડાઈ હાંકતી વખતે આ સાહેબ ભૂલી જતા હતા કે પોતે જ્યારે એક સુકોમળ સ્ત્રીને ખાવાપીવાનું અટકાવી બેઠા છે ત્યારે તેઓ તો ઘણીયે વાર નાસ્તા-

પાણી કરી આવવાના છે. સવારે તો આ લોકોએ ભારતની કોકિલા સાથે હરિફાઈમાં ઊતરવા હામ ભીડી, પણ બપોરના તડકામાં તો ગોરા અમલદારો છૂ જ થઈ ગયા હતા.

લડતનો રંગ બરાબર જામ્યો: હજારોની સંખ્યામાં લોકો આ પાવક દૃશ્ય શાન્તિથી જોઈ રહ્યા હતા.

રાતે પોણા વાગે કોણ જાણે શા કારણથી પોલીસ અમલદારોએ પોતાનો નિર્ણય ફેરવ્યો અને પાણી તથા ખાવાનું આપવા દીધું રાતે દસ વાગે પોલીસોએ શ્રીમતી સરોજિનીદેવીને એક શેતરંજી આપી અને રાતે એક વાગે તેમનો બિસ્તરો મળ્યો ત્યાં સુધી તેઓ સડક ઉપર શેતરંજી ઉપર જ સૂતાં. ત્યાં જ પડ્યા હતા. સવારે છ વાગે છાવણીમાંથી સ્વયંસેવકોને માટે નાસ્તો પણ મોકલવામાં આવ્યો હતો. પોલીસ અમલદારોએ કહ્યું કે હવેથી ખાવાનું તથા પાણી આપવા દેવામાં આવશે.

સરોજીનીદેવી તથા બીજા સત્યાગ્રહીઓની આ તપશ્ચર્યાની વાત બીજે દિવસે સવારે તો દેશના ઘણા ભાગોમાં ફેલાઈ ગઈ અને છાપાંઓમાં તેના વર્ણનો ઉભરાવા લાગ્યાં. જેણે આ હકીકતો જાણી તે બધાનો હૈયામાં ભારે દુઃખ થયું અને આ સરકારની નિષ્ઠુરતા વિષે તેમને ભાન થવા લાગ્યું. સરકારની જુલમ કરવાની અને સત્યાગ્રહીઓની સહન કરવાની શક્તિનો દેશને બરાબર ખ્યાલ આવ્યો.

૧૬મીએ સવારના ૬॥ વાગે છાવણીમાંથી પચાસપચાસ સૈનિકોની ત્રણ ટુકડીઓ પાછી ધરાસણા મોકલવામાં આવી. એ ત્રણે ટુકડીઓને પણ પહેલી ટુકડીની જેમ અટકાવવામાં આવી. સરોજિનીદેવીની ટુકડીને દશ વાગે પકડવામાં આવી, અને સરકારી હદની બહાર લઈ જઈને તેમને બધાંને છોડી મૂકવામાં આવ્યાં. બરાબર સત્તાવીસ કલાક પછી એ ટુકડી છાવણીમાંથી પાછી આવી. પેલી ત્રણ ટુકડીઓને પણ પકડીને સરકારી હદની બહાર છોડી મૂકવામાં આવી. પણ એ તો તાજા જ ગયેલા હતા, એટલે તરત ભેગા થઈને એ દોઢસોએ ફરીથી હુમલો કર્યો. જુદેજુદે ઠેકાણેથી જઈને ઘણા સૈનિકો મીઠાના ઢગલાની વાડ સુધી પહોંચી ગયા.

મેદાનમાં બરાબર રંગ જામ્યો હતો. હજારો લોકો શાંતિથી ઊભા રહીને લડાઈ જોતા હતા. બપોરે બે વાગે સુરતની એક ટુકડીએ ચપળતાથી પહોંચી જઈને અગરોમાંથી મીઠું પણ મેળવ્યું. પણ આપણે તો મીઠાના ઢગલાનો કબજો લેવાનો હતો. એટલે બધી ટુકડીઓએ અગરમાંથી મીઠું લેવાનો પ્રયત્ન ન કર્યો. સુરતની ટુકડીમાંથી અગિયાર સૈનિકોને પોલીસોએ લાઠીથી ખૂબ માર માર્યો. ઘણાખરાને છાવણીની ઇસપિતાલમાં લાવવામાં આવ્યા.

સાંજે મેદાનમાં રહેલા ૨૨૫ સૈનિકોને પકડીને કેદમાં નાંખવામાં આવ્યા. એમને માટે પાકી બાંધેલી જેલની તો જરૂર જ નહોતી. એટલે એમને તો એક વાડામાં રાખવામાં આવ્યા હતા. પહેલે દિવસે તો એમને બે પૈસાના ચણા મળ્યા હશે. નહાવાનું તો એમને મળે જ ક્યાંથી? આખો દિવસ તાપમાં પડી રહેવાનું. અને ખાવાનાં સાંસાં. સૈનિકોએ નક્કી કર્યું કે જ્યાં સુધી એમને સ્વચ્છ ખોરાક અને નહાવાનું નહિ મળે ત્યાંસુધી ખોરાક સ્વીકારવો નહિ.

સત્તરમીથી વીસમી સુધી રોજ સોદોઢસો સૈનિકોને મેદાનમાં ઉતારવામાં આવતા. પોલીસ એમને રોજ સાંજે કેદ પકડીને પોતાની હદની બહાર છોડી આવતી. આવી રમત વધારે ચલાવવાનો કંઈ અર્થ નહોતો. એટલે નક્કી કરવામાં આવ્યું કે ૨૧મી તારીખે સવારે સૈનિકોની મોટી સેના લઈને મીઠાના ઢગલાઓ ઉપર સામટો હુમલો કરી, જરૂર પડે તો તારની વાડ પણ તોડીને મીઠાનો કબજો લેવો.

૨૦મી તારીખ સુધીમાં સૈનિકોની મોટી ભરતી થઈ ચૂકી હતી. ધરાસણા, ડુંગરી અને બીલીમોરા એ ત્રણ છાવણીઓ મળીને સૈનિકોની સંખ્યા ૧,૫૦૦ ઉપર પહોંચી હતી. એ જ સાંજે બધા સૈનિકોને ધરાસણાની છાવણીમાં ભેગા કરવામાં આવ્યા. સૈનિકોનો આટલો મોટો સમુદાય અંગ્રેજી અમલમાં ગુજરાતે આ પહેલાં ભાગ્યે જ જોયો હોય. સૈનિકોના ઉત્સાહથી છાવણીનું આખું ચોગાન ગાજી રહ્યું હતું. સાંજના પ્રાર્થના પછી શ્રી. નરહરિભાઈએ બધા સૈનિકોને ઉદ્દેશીને ટૂંકું ભાષણ આપ્યું. ગુજરાતની લાજ એમના

હાથમાં હતી. ગાંધીજીના સંકલ્પ પ્રમાણે બીહાવેરાને નાબૂદ કરાવવાનું પણ એમના હાથમાં હતું. હિંસા સામે અહિંસાની હરીફાઇ એમણે કરી બતાવવાની હતી.

૨૧મીએ સવારે ૬ વાગે બધા સૈનિકો ચોગાનમાં ખડા થઇ ગયા. સંગ્રામસમિતિના ચારે સભ્યો—ઇમામસાહેબ, નરહરિભાઇ, મણિલાલ ગાંધી અને પ્યારેલાલજી—આ મોટા સૈન્યને દોરવાના હતા, સરોજિનીદેવીએ બધાને વિદાયવચનો કહ્યાં. ઇમામસાહેબે ગદ્ગદ કંઠે ઇશ્વર પાસે સત્ય અને અહિંસાની શક્તિ માગી. આખું વાતાવરણ પવિત્ર અને ગંભીર બની ગયું હતું. સવાછ વાગે ઇમામસાહેબે સૌને મોખરે રહી કૂચ શરૂ કરી. એમની પાછળ આખું સૈન્ય ચાલવા માંડયું. આગળ જતાં સૈનિકો પોતપોતાના પ્રિય યુદ્ધનાદો મોટેથી બોલતા હતા. ધરાસણાના મેદાનમાં પહોંચતાં સૈન્ય બે ભાગમાં વહેંચાઇ ગયું, અને મીઠાના બે જિલ્લાઓ ઉપર જુદાજુદા ભાગે હલ્લો કર્યો. તારની વાડની બહાર અને અંદર લાઠીવાળા સિપાઇઓ ગોઠવાઇ ગયા હતા. સૈનિકો વાડની નજદીક પહોંચતાં સિપાઈઓની લાઠી ઘૂમવા લાગી. દૂર ઊભેલા પ્રેક્ષકોને સૈનિકો ઉપર પડતા ફટકા સાંભળીને કમકમાટી ઊપજતી હતી. લાઠીઓ પગ પર, વાંસાપર, છાતી પર, માથા પર—એટલે શરીરના બધાય ભાગો પર–સડાસડ પડતી હતી. થોડીક મિનિટમાં અનેક સૈનિકો ઘાયલ થઈને મેદાનમાં ગબડવા લાગ્યા. વાડની અંદર રહેલા સિપાઇ-ઓએ સૈનિકો પર ઢેફાં પણ વરસાવવા માંડયાં. જોતજોતાંમાં તો ૨૦૦ ઉપર સૈનિકો ઘાયલ થઈને ભોંય પર પડ્યા. એમને ઉપાડીને બહાર લાવવાનું કામ કરનારાઓ પણ પહોંચી વળતા નહોતા. કેટલાક અમલદારો પણ સૈનિકો ઉપર છૂટથી લાઠીઓ ચલાવતા હતા. આલમશાહ નામનો એક અમલદાર અજબ નિર્દયતાથી માર મારતો હતો, અને સિપાઈઓ પાસે માર મરાવતો હતો. ઢોરની જેમ સૈનિકો ઝૂડાતા હતા. એટલામાં મિ. આંટિયાએ આવીને મણિલાલ ગાંધીને પકડવાનો હુકમ આપ્યો. હુકમનો અમલ થાય તે પહેલાં તો આલમશાહે આવીને એમને થોડા ફટકાઓ લગાવી દીધા. નરહરિભાઈ અહીંથી સૈનિકોના મોટા

સમુદાયને દોરવા માટે તેમની પાસે ગયા કે તરત જ એમના પર ફટકા પડવા માંડ્યા. થોડા પગ પર પડ્યા, થોડા હાથ પર, થોડા વાંસા પર, અને છેવટે એક માથા પર પડ્યો. સૈનિકો એમને બચાવવા માટે એમની આસપાસ ફરી વળતા, પણ એ આગળ જ ધસતા હતા. માથાના ઘાથી નરહરિભાઈ પડી ગયા. ખૂબ લોહી નીકળ્યું, અને કળ વળ્યા પછી બીજાની સહાયથી ધીમેધીમે ચાલીને એ બહાર આવ્યા. સૈનિકો પણ લાઠી વીંઝાતી હતી તેની સામે આગળ ધસતા હતા. માર ખાઈને પડનારની સંખ્યા વધતી જ જતી હતી. આવા પાશવ હુમલા સામે નિઃશસ્ત્ર અહિંસક સૈનિકો આંગળી સરખીયે ઉપાડતા નહોતા, અને અપૂર્વ હિંમત અને સહનશીલતાથી માર સહન કરતા હતા. લાઠી પકડી લઈને પણ સૈનિકો પોતાનો બચાવ કરતા નહોતા, પણ નાળિયેરની જેમ પોતાનાં માથાં ધડાધડ ફૂટવા દેતા હતા, પણ આખરે એમને ધીમેધીમે પાછળ હઠવું પડ્યું, અને બધા સૈનિકો ઢગલાથી થોડે દૂર આવી પડ્યા.

સરોજિનીદેવી લડાઇમાં ઊતર્યાં નહોતાં, પણ મેદાન પર બધો વખત હાજર હતાં. સૈનિકોને આમ દૂર આવેલા એ નિરાંતે ન જોઇ શક્યાં. એમને ફરી હુમલો કરવાનું કહેવા માટે એ સૈનિકો વચ્ચે ગયાં. એટલામાં જ મિ. આંટિયાએ એમને ગિરફતાર કર્યાં.

આ ટુકડીમાં આમ ચાલતું હતું તે વખતે બીજી ટુકડીમાં પણ એ જ ઘટના ચાલી રહી હતી. ઇમામસાહેબ અને પ્યારેલાલજીને તો સવારે મેદાનમાં આવતાની સાથે જ કેદ કરી લીધેલા. સૈનિકો ઉપર મારનો વરસાદ વરસતો જ હતો. ઘણા ઘાયલ થયા પછી બાકીનાને પણ દૂર હઠવું પડ્યું. અહીં તો સૈનિકો સામે ઘોડો પણ દોડાવવામાં આવ્યો હતો.

દશ વાગ્યા સુધીમાં તો ૩૦૦ ઘવાયલા સૈનિકોને છાવણીની ઇસપિતાલમાં ખસેડવામાં આવ્યા. થોડીઘણી લાઠી ખાનારની સંખ્યા તો એ સિવાય ૪૪૦ હતી. આખી છાવણી ઘવાયેલાઓની ઇસપિતાલ બની ગઇ હતી. સમરાંગણમાં જેટલા ઘવાઇને પડતા તેમને ત્યાંથી ખસેડીને બહાર લઇ જવાનું કામ બહુ કઠણ હતું. સૈનિકો ભીની જમી-

નમાં ઘવાઇને ટપોટપ પડતા હતા. રેડ ક્રોસવાળા ૧૦૦ માણસો એમને કેવી રીતે પહોંચી વળે? મીઠાના અગરો પાણીથી ભરેલા હતા, અને તેની સાંકડી પાળ પર થઇને ઘવાયલાઓને ઊંચકી લાવવાના હતા. સ્ટ્રેચરો બહુ ઓછી હતી. બે માણસો સાથે ચાલી શકે એટલી પાળ પહોળી નહોતી. એટલે ઘણાખરા સૈનિકોને રેડ ક્રોસવાળા માણસો વાંસા પર નાંખીને ઉપાડી લાવતા. અગરોની આજુબાજુ ઘૂંટણ સુધી પાણીથી ભરેલી ખાઇ હતી, તેમાં થઇને ઘવાયેલાઓને લઇ જવાના હતા. ઘવાયેલાને ખાઇની પાસે જ નાંખવા પડતા. ત્યાં તેમની તાત્કાળિક સારવાર કરવામાં આવતી, અને ત્યાંથી તેમને સ્ટ્રેચર પર છાવણીની ઇસપિતાલમાં મોકલવામાં આવતા, મેદાનમાં ગામની અને બહારની ઘણી બહેનો રડતી જાય અને ઘવાયેલાની સરવાર કરતી જાય, એ કરુણ દેખાવ જોવો બહુ ભારે પડતો હતો.

ઘાયલ થયેલા અને માર પડેલા સિવાયના બધા જ સૈનિકો મેદાનમાં સાંજ સુધી બેસી રહ્યા. આગળ જવાની શક્તિ કે હિંમત એમનામાં રહી નહોતી. એમ આગળ જવું એમને વાજબી પણ નહોતું લાગતું. કેમકે એમની દૃષ્ટિએ એમ કરવામાં ફક્ત ઘાયલ થઈને પડવાનુંજ રહેતું હતું. સાંજ પડતાં પોલીસે એમના પર ધરીથી ધસારો કર્યો, અને એમને છાવણીના નાકા સુધી હાંકી લાવ્યા. મેદાન પર હજી એંશી જેટલા સૈનિકો બેસી રહ્યા હતા. રાત પડતાં એ બધાને પોલીસે પકડી લઈને ધરાસણા ગામની હદની બહાર મૂકયા.

રાત્રે બધા સૈનિકો પાછા છાવણીમાં નહોતા ફર્યા. કેટલાકે બારોબાર પોતાને ગામ પાછા જવાનું યોગ્ય ધાર્યું. છાવણીના મેદાનમાં હજારેક સૈનિકો તો હતાજ. આખા દિવસમાં સૈનિકોએ સહન કરવામાં કંઈ બાકી રાખી નહોતી. તોપણ કેટલાકને આમ સહન કર્યાં કરવું ઠીક નહોતું લાગતું. સૈનિકો માંહોમાહે વાતો કરતા હતા. રાત્રે પ્રાર્થના પછી બધા સૈનિકોને કહેવામાં આવ્યું કે જેમની ઇચ્છા હોય તે પોતાને ઘેર જઈ શકે છે, જે લાઠીનો માર અને બંદૂકની ગોળીનો વરસાદ પીઠ બતાવ્યા વિના સહન



તા. ૧૮મી મેથી ૨૩મી મે સુધી ધરાસણા ધર્મયુદ્ધના સરમુખત્યાર શ્રી. નરહરિ પરીખ. ૨૧ મીના હુમલામાં એ ઘવાયા હતા છતાં એવી દશામાં સરકારે એમને ગીરફતાર કર્યા હતા.



ઊંટડી છાવણીની હોસ્પીતલનું દશ્ય

કરવા તૈયાર હોય તે જ અહીં રહે, અહીં તો પોલીસ આપણી આસપાસ ઘેરો ઘાલી આપણને ખોરાક પણ ન મળવા દે. સવારની પ્રાર્થનામાં પણ એ જ વાત કહેવામાં આવી. બસો જેટલા સૈનિકો આથી પોતાને ઘેર ગયા.

૨૨મી તારીખે હલ્લો કરવાનો નહોતો એટલે આખો દિવસ શાંતિ રહેશે અને રહેલા સૈનિકોની બરાબર વ્યવસ્થા કરવાનો વખત મળશે એમ બધા ધારતા હતા. પણ દશ વાગે બૂમ ઊઠી કે મિલિટરી આવીને છાવણીને ઘેરો ઘાલે છે. છાવણીમાં થોડો ગભરાટ ફેલાયો. તપાસ કરતાં વાત ખોટી નીકળી. પણ પાંચ જ મિનિટમાં વાઘ ખરેખર આવ્યો. લાકડીવાળા પચાસેક સિપાઈ-ઓ અને શીખ મિલિટરીના સો માણસો વાડની બહાર આવીને ઊભા. ડિસ્ટ્રિક્ટ મૅજિસ્ટ્રેટે છાવણીના માણસોને ગેરકાયદેસર મંડળીના સભ્યો જાહેર કરી પંદર મિનિટની અંદર છાવણી ખાલી કરવાને હુકમ આપ્યો.

સૈનિકોને છાવણીના ચોગાનમાં તરત ભેગા કરીને એમને સૂચના અપાઈ કે આવી સ્થિતિ છે, જેમની મરવાની અને માર ખાવાની તૈયારી હોય તે જ અહીં રહે. ૨૦૦ સૈનિકો ચોગાનમાં બેસી રામધૂન ગાવા લાગ્યા. એ જ મિનિટમાં લશ્કર આવ્યું. લાઠીઓ ઘુમાવતા બધા આવ્યા કિટસન લાઈટ અને પાણીના ગોળાઓ ફોડી નાંખ્યા. અને બધા સૈનિકોને ચાલ્યા જવા કહ્યું. કોઈ ન ઊઠ્યું, કેટલાકને ઘસડ્યા અને પછી લાઠીનો પ્રહાર શરૂ થયો. કેટલાક ઊઠીને ચાલવા માંડ્યા, પણ ઘણાખરાને ઘસડીને બહાર કાઢવા પડ્યા. ૨૦૦માંથી ૧૫૦ જેટલાને માર પડ્યો. ૨૦ને સખત ઈજા થઈ. ચાર બેભાન થયા. આ સૈનિકોમાં બોરસદ તાલુકાના પાળજ ગામના સ્વ. ભાઈલાલ દાજીભાઈ પણ હતા. તેમને એટલો બધો મૂઢ માર પડ્યો હતો કે તે બેભાન થઈ ગયા. તેમને દવાખાનામાં લાવ્યા પછી ઇન્જેક્શન આપ્યું. થોડી વારમાં તેમને ભાન આવ્યું ત્યારે તેમણે કહ્યું: 'મારા પર ચાર-પાંચ પોલીસો બૂટ સાથે ચડી બેઠા, અને તેમણે પેઢામાં બૂટની એડીઓ અને લાતો મારી તથા લાઠીના ગોદા પણ માર્યા. પછી

શું થયું તેની મને ખબર નથી.' આવું ઘાતકી અને જંગલી વર્તન બીજાઓ પર પણ થયું હતું, અને તેમને બેભાન કર્યા હતા. દાક્તરોએ એ ભાઈને તાત્કાલિક ઘટતી માવજત કરી રાખ્યા, અને માન્યું કે આરામ થતો જશે. પણ એમના પરનો હુમલો જીવલેણ નીવડ્યો. વીસ મિનિટમાં તેમણે દેહ છોડ્યો. આ હુમલા વખતે ભાઈ રતિલાલ લલ્લુભાઈ દેશાઈ (ગોપીપુરા, સુરત, ઉંમર વર્ષ ૪૨, ધંધો વેપાર) હાજર હતા. તે નીચે પ્રમાણે કેફિયત લખાવે છે:

"તા. ૨૨મીએ સવારે દશેક વાગે છાવણી ખાલી કરાવવા પોલીસ તથા મિલિટરી આવેલી ત્યારે વચલા મેદાનમાં સૈનિકો ભેગા થઈ બેઠેલા. તેમની બાજુમાં રેડ ક્રોસના સ્વયંસેવક તરીકે હું ઊભો હતો. મરનાર ભાઈલાલભાઈને મેં બેઠેલા જોયા હતા. તેઓ ખસેડતાં ખસતા ન હોવાથી પોલીસોએ તેમને લાઠીના ગોદા તથા લાતો નિર્દયતાથી મારી. તેઓ જમીન પર ઢળી પડતાં તેમને ઘસડીને પચાસેક ફૂટના દૂરના દરવાજા પાસે લઈ ગયા. ત્યાંથી પાછા આવવાનો ભાઈલાલભાઈએ પ્રયત્ન કર્યો એટલે ફરીથી પોલીસો તથા સરકારના બીજા ભાડુતી ગુંડાઓ તેમને લાઠીના ગોદા તથા બૂટની લાતોથી પેઢામાં તથા ગુદામાં મારવા લાગ્યા. ત્રીસચાળીસ આવા ગોદા તથા લાતો મારી. પછી મરનાર બેભાન થયા એટલે હું બીજા ભાઈઓની મદદથી તેમને 'સ્ટ્રેચર' પર ઊંચકી દવાખાનામાં લઈ ગયો. તે વખતે દા. ભરૂચાએ તેમને તપાસી દવા આપી. હું તેમને માથે બરફ ઘસતો હતો. થોડીવારે તેમને ભાન આવતાં, તેમને ક્યાં મારવામાં આવ્યા તેમ પૂછતાં, તેમણે હાથના ઈશારાથી અને બોલીને કહ્યું કે પેઢામાં તથા ગુદાની જગ્યાએ લાતો અને ગોદા મારવામાં આવ્યા છે. ત્યારપછી અર્ધા કલાકના આશરે તે ગુજરી ગયા."

તેમના મરણ બાદ દાક્તરોએ પોસ્ટમૉર્ટમ (શબની તપાસ)ની માગણી કરી. પોસ્ટમૉર્ટમ માટે લાશ વલસાડ મોકલી. સાથે મુંબઈવાલા દા. ભાસ્કર પટેલ, એમ. ડી., ને મોકલવામાં આવ્યા. દવાખાનામાં પહોંચતાં દાક્તરે પોસ્ટમૉર્ટમ વખતે હાજર રહેવા દેવાની માગણી કરી હતી, પણ મ્યુનિસિપાલિટીના દાક્તરે તેમ કરવા દેવાની ના પાડી. મ્યુનિસિપાલિટીના ચેરમેનની વિનંતી છતાં પણ બહારથી અંદર જવા દેવાની પોલીસે ના પાડી. પોસ્ટમૉર્ટમ પૂરું થયા પછી દા. ભાસ્કરરાવે રિપોર્ટની માગણી

કરી. એનો જવાબ દાક્તરે ન આપ્યો અને ફોજદાર પાસે માંગવા જણાવ્યું. એ ઉપરથી અને શ્રી. મણિબહેન સાથે પોલીસ અમલદારે મોકલાવેલ સંદેશા ઉપરથી દાક્તર ભાસ્કરરાવે મિ. બ્રેહામ ઉપર રિપોર્ટ માટે તા. ૨૪ને રોજ અરજી કરી. ત્રીજે દિવસે સવારે, તા. ૨૬ના રોજ, સાડાસાત વાગતાં ત્રણ અમલદાર દવાખાનામાં આવ્યા અને દાક્તર પાસે દર્દીઓના રેકોર્ડ વગેરેની માગણી કરી. દાક્તર ભાસ્કરરાવે જવાબ આપ્યો કે રેકોર્ડ બરાબર રાખ્યાં છે, પણ વ્યવસ્થિત ગોઠવવા માટે વલસાડ મોકલવામાં આવ્યાં છે. ત્યારબાદ એમણે ભાસ્કરરાવની મરનાર ભાઈ સંબંધીની કેફિયત લીધી, જેમાં દાક્તરે છેવટે જણાવ્યું કે અચાનક મૃત્યુ પેટ પર મૂઢ માર વાગવાથી પણ થઈ શકે છે. પોસ્ટમૉર્ટેમનો રિપોર્ટ મેળવવા માટે દા. ભાસ્કરરાવે કરેલી અરજીનો જવાબ તા. ૨૭ના રોજ સવારના નવ વાગતાં મળ્યો, જેમાં મિ. બ્રેહામ પોતે જણાવે છે કે તમારી અરજી સ્વીકારવામાં આવતી નથી કારણ રિપોર્ટ એ કંઈ જાહેરપત્ર નથી.

આ પ્રમાણે સરકારે પોતાની રીત પ્રમાણે આવા ગંભીર કેસ પર પણ ઢાંકપિછોડો કર્યો છે.

પોસ્ટમૉર્ટેમ પછી તેમની લાશ પ્રજાને સોંપવામાં આવી, અને વલસાડમાં તેમના શબને અગ્નિદાહ દેવા રાત્રે અગિયાર વાગે સાતેક હજાર માણસોએ ભાગ લીધો અને ખૂબ ધામધૂમથી અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો.

ચાળીસ સૈનિકોને આખરે ગિરફતાર કરવા પડ્યા. કલાક પછી એમને ઊંટડીના પાદર પર લઈ જઈને છોડી મૂકવામાં આવ્યા. સાંજે ફરી ડેપ્યુટી પોલીસ સુપરિન્ટેન્ડન્ટ થોડા પોલીસો સાથે આવીને કાગળો વગેરે તપાસી ગયા.

આવો ગોઝારો અત્યાચાર જોઇને તો બધાને જ કમકમાટી ઊપજે, પણ એ જાણીનેયે આખા ગુજરાતમાં અને હિંદમાં દુઃખ, અસંતોષ અને રોષની જ્વાળા સળગી ઊઠી છે. કાયદાનું પાલન હિંદમાં કેમ કરાવાય છે તે આના પરથી સ્પષ્ટ રીતે બધાને માલૂમ પડ્યું છે.

પણ સત્યાગ્રહીઓનો તો એ દિવસે સ્પષ્ટ રીતે વિજય જ થયો. અહિંસાનો સિદ્ધાંત અખંડ રહ્યો છે: એક પણ પોલીસને ઉઝરડો સરખો પડ્યો નથી; જેમણે બલિદાન આપ્યાં છે તેમણે હસતે મોઢે આપ્યાં છે. ચાલ્યા ગયા તેમની અસર દેશમાં ગમે તેવી થાય, પણ સેંકડો ઘવાયા અને એક મર્યા તેમની અસર વિષે તો સંશય છે જ નહિ. ભાગ્યા વિના આટલું દુઃખ વેઠતા બધા થઈ જાય, એટલે સરકારનાં બધાં શસ્ત્રો બૂઠાં થવાનાં.

તા. ૨૧મી અને ૨૨મીએ સૈનિકોને ધરાસણામાં જંગલી રીતે માર પડ્યો હતો તોપણ એમના ઉત્સાહમાં જરા પણ ઓટ નહોતી આવી. જે સૈનિકો પોતાને ઘેર ચાલ્યા ગયેલા તેઓ પણ ઇચ્છતા તો હતા જ કે લડાઈ છેવટ સુધી લડાવી જોઈએ. લડાઈમાં એક ક્ષણ એવીયે આવી ગયેલી કે જ્યારે આ લડત મોકૂફ રાખવાના વિચાર પણ ચાલતા હતા, અને તા. ૨૨મીએ તો સૈનિકોને હુકમ પણ છૂટી ગયેલો કે તેમણે છાવણીમાં પાછા ન ફરતાં પોતપોતાને ઘેર જ જવું. ડુંગરી છાવણીમાં અલાયદા રાખેલા છસો સૈનિકોને પણ ઘેર મોકલી દેવામાં આવ્યા હતા. એમાંથી ઘણાખરા ઘેર જવા બિલકુલ તૈયાર નહોતા. તોપણ તાલીમબદ્ધ સૈનિકો હુકમને માન આપી પાછા ફર્યા. પાછા જતી વખતે સૈનિકોને કહેવામાં તો આવેલું કે એમણે હમેશાં તૈયાર જ રહેવું જોઈશે, કારણકે ધરાસણાનો વાવટો તો ફરકતો રાખવાનો જ છે. આમ સૈનિકોની મોટી સંખ્યા પાછી મોકલવામાં આવી છતાં કેટલાક તો તરત જ પાછા છાવણીમાં આવી પહોંચ્યા હતા.

સદ્‌ભાગ્યે સંગ્રામસમિતિએ તરત જ નિર્ણય કર્યો કે ગમે તેટલા ઓછા માણસોએ પણ ધરાસણાની લડાઈ ચાલુ રાખવી. બાકી રહેલા સૈનિકોમાં તો એકદમ ઉત્સાહ ફેલાઈ ગયો, અને આખા ગુજરાતમાં એ ખબર વાયુવેગે ફેલાઈ ગયા. તા. ૨૩ માએ સવારે જ શ્રી. નરહરિભાઈએ નીચેનો સંદેશો લખ્યો:

વાવટો ફરકતો રાખો

"ધરાસણાનો વાવટો ફરકતો રાખો. ગઈ કાલે તારીખ ૨૨મીએ લશ્કરી માણસોની મદદ લઈ છાવણી ખાલી કરાવી. પણ કેટલાક

સૈનિકો અડગ રહી હજી છાવણીમાં જ છે. આજે સવારે જિલ્લા મૅજિસ્ટ્રેટ, પોલીસ સુપરિન્ટેન્ડન્ટ તથા ડેપ્યુટી પોલીસ સુપરિન્ટેન્ડન્ટ મારી પાસે આવ્યા અને છાવણી ખાલી કરી જવા ફરમાવ્યું. પણ મેં જણાવ્યું કે છાવણી હું નથી ખાલી કરવાનો, જે કરવું હોય તે કરો. સંભવ છે કે અત્યારે જેઓ છે તેમને ગિરફતાર કરી છાવણી ખાલી કરાવે. પરંતુ હું ગુજરાત તથા સારા હિન્દુસ્તાનને કહું છું કે લડત ચાલુ રાખે. ધ્યાનમાં રાખવાનું કે સંપૂર્ણ રીતે અહિંસક રહીને જેઓ લાઠીનો માર અથવા ગોળીબાર ખમવા તૈયાર હોય તે જ અહીં આવે. એવા બહાદુરો દેશમાંથી જરૂર નીકળશે. એમને માટે નાયકની જરૂર ન જ હોય. તે પોતે સેનાપતિ થઈ આગળ તૈયાર થાય. ઈશ્વર આ કસોટીમાંથી પાર ઊતરવાનું બળ આપો.

તા. ૨૩મીએ બપોરે દોઢ વાગે વીસ પોલીસ સાથે એક અમલદાર છાવણીનાં બધાં કાગળિયાં તપાસવા માટે આવ્યો. સૈનિકો પોતપોતાની જગ્યાએ બેસી રહ્યા હતા. મિ. દેસાઈએ કાગળિયાં ફેંદવા માંડ્યાં. દોઢેક કલાક સુધી આ તપાસ ચાલી. ત્રણચાર કાગળો વીણીને ઉપાડી લીધા. પણ એમાં કંઈ મહત્ત્વ નહોતું. તપાસ ચાલતી હતી એ દરમ્યાન વીસેક સિપાઈઓ બરાબર પહેરો ભરતા હતા. સૈનિકો પોતપોતાનું કામ કરતા હતા તોપણ તેમને અતિથિસત્કાર કરવાનું સૂઝયું. એ દિવસ સુધી જેમને પોતે સ્વેચ્છાએ પોતાનું લોહી આપેલું તેમને જ સૈનિકોએ આજે થોડું પાણી પણ પાયું. તાપમાં તરસ્યા થયેલા બધા સિપાઈઓએ તો નિરાંતે પાણી પીધું, પણ એમના અમલદારે સરકાર પ્રત્યેની પોતાની વફાદારી જાળવી રાખવા પાણી ન પીધું. કારણ એમને તો લૂંટનો જ માલ ખપે. તા. ૨૨મીએ છાવણી તોડવા આવેલા ત્યારે એમણે છાવણીના ભંડારમાંથી ફળો લૂંટીને આરોગ્યાં હતાં! સૈનિકો પાસે ફળો માગ્યાં હોત તો ઘણી ખુશીથી તેઓ એમને એ પીરસત, પણ એમને ધીરજ અને વિશ્વાસ ક્યાંથી? ભૂખ્યાં વરુની જેમ એ તો ખાવા દોડેલા.

પોતાની તપાસ પૂરી કર્યા પછી મિ. દેસાઈએ પોતાના સાથી જોડે થોડીક મસલત કરી લીધી અને સાડાત્રણ વાગે શ્રી. નરહરિભાઈને કહ્યું: "તમને ગિરફ્તાર કરીએ છીએ. અમારી સાથે આવશો ને? તૈયારી માટે જેટલો સમય લેવો હોય તેટલો લેજો." શ્રી. નરહરિભાઈએ તો તરત જ તૈયારી કરી લીધી. હતા એટલા સાથે બેસી ગયા. નરહરિભાઈ તો ખૂબ આનંદમાં હતા. એમના સાથીઓ શ્રી. ઇમામસાહેબ, પ્યારેલાલ અને મણિલાલ ગાંધી કરતાં એમનું ભાગ્ય મોટું હતું, કેમકે એમને તો સમરાંગણમાં લાઠીના મીઠા પ્રસાદ પણ મળેલા. એ આનંદ એમનાં મોં ઉપર પૂરેપૂરો દેખાઈ આવતો હતો. બધાને એમણે ખૂબ હેતથી આશીર્વાદ આપ્યા. સાથે એમા બધાએ વૈષ્ણવજનનું ભજન ગાયું, અને પા કલાકમાં એમણે વિદાય લીધી. ધરાસણાની કોર્ટ સમક્ષ એમનો કેસ ચાલ્યો ત્યારે એમણે જે કેફિયત રજૂ કરેલી તેમાંથી નીચે આપવામાં આવે છે:

"અત્યારસુધી આગેવાન ગણાતા માણસોને ગિરફ્તાર કરી લઇ સામાન્ય સૈનિકો ઉપર અત્યાચાર કરવાની નીતિ સરકાર બધે ચલાવતી આવી છે. પણ આગેવાન હોવા છતાં ગિરફ્તાર થયા પહેલાં મને લાઠીના ફટકાનો લાભ મળ્યો છે તે માટે હું મને બહુ ભાગ્યશાળી માનું છું અને ધરાસણાના મીઠાના જિલ્લા ઉપરના બધા જ હુમલા દરમ્યાન હું જાણું છું ત્યાં સુધી મારા બધા જ સૈનિકોએ ગાંધીજીના અહિંસાના સિદ્ધાન્તનું સારી રીતે પાલન કર્યું છે તે માટે પરમ કૃપાળુ પરમેશ્વરનો પાડ માનું છું. અમે મીઠાના જિલ્લામાંથી ચપટી પણ મીઠું લઇ શકયા નથી તેથી અમારી પણ જરા પણ હાર થઇ છે એમ હું માનતો નથી. સત્યાગ્રહની લડતમાં હાર કદી હોતી જ નથી. જેટલું શુદ્ધ બલિદાનનું પ્રમાણ વધારે તેટલી જીત મોટી. હું તો માનું છું કે ધરાસણાના અગર ઉપર જે બલિદાન અપાયું છે તેથી અમલદારોનાં, લશ્કરી માણસોનાં હૃદય ઓછાવત્તા પ્રમાણમાં પલળ્યાં જ હશે. ધરાસણાના ક્ષેત્ર ઉપર તેમજ બીજે એ બલિદાનનો પ્રવાહ ચાલુ જ રહેશે, અને એ બલિદાનથી જ આ સરકાર કાંતો સુધરશે, કાં તો નાશ પામશે.

છાવણી શ્રી. અંબાલાલ પટેલને સોંપવામાં આવી. તારીખ ૨૪ મીએ સવારે જ એમનો પણ વારો આવ્યો. આઠેક વાગે અમલદારો સિપાઈઓ સાથે આવ્યા. સૈનિકો કેટલાક ગામમાં ગયા હતા એ પણ પકડાવાની હોંશે દોડી આવ્યા. ડૉ. ત્રિભુવનદાસ પણ દોડતા આવ્યા. એમણે પોતાની ઓળખાણ દાક્તર તરીકે નહિ પણ સૈનિક તરીકે આગલે દિવસે આપી દીધેલી. એ તો આવતાંની સાથે જ ઝડપાયા. ભાઈ અંબાલાલને પણ તરત પકડી લીધા. બન્નેને ઉપાડી જવામાં આવ્યા. છતાં છાવણી સૂની પડી નહોતી. બાકીના સૈનિકો ત્યાં જ દૃઢ નિશ્ચય કરીને બેઠા રહ્યા.

હવે ધરાસણાની લડત માત્ર ધરાસણામાં જ રહી નહોતી. સરકારની યોજનાને લીધે એનો વિસ્તાર છેક અમદાવાદ સુધી પહોંચ્યો.

તા. ૨૫મીએ ૫૦ સૈનિકોની ટુકડી લઈને મુનિશ્રી જીનવિજયજી અને શેઠ રણછોડભાઈ ધરાસણા આવવા તૈયાર થયા. એ ટુકડીને પકડી લેવાની ઇચ્છા તો સરકારને હતી જ. પણ અમદાવાદમાં એ કામ કરવાની એની હિંમત કેમ ચાલે? પોલીસ ટ્રેનમાં તેમની સાથે જ બેઠી અને બારેજડી સ્ટેશને ટ્રેન ઊભી રાખી ઠ રણછોડલાલને તથા મુનિજીને તેમની આખી ટુકડી સાથે પકડી લેવામાં આવ્યા.

આ ટુકડીને સજા કરવામાં આવી તે જ દિવસે ધરાસણાની છાવણી તોડી નાંખવાનો નિશ્ચય સુરતના કલેક્ટર મિ. બ્રહામે છાવણીના સૈનિકો આગળ જાહેર કર્યો. તેમણે બપોરે ત્રણ વાગ્યા સુધીમાં છાવણી ખાલી કરી જવા ફરમાવ્યું, અને રેવન્યુ કોડની રૂએ એ જમીનનો ઉપયોગ સરકારની પરવાનગી વિના ખેતી સિવાયના કામમાં કરેલો હોવાથી જમીન ખાલસા થયેલી જાહેર કરવામાં આવી. વાખાનામાં ત્રણ ઘાયલ સૈનિકો હજુ પડેલા હતા. ડૉક્ટરને ખાતરી આપવામાં આવી કે ઇસપિતાલને કંઈ અડચણ નહિ આવે.

અગિયાર વાગે સૈનિકો જમતા હતા એ વખતે જ પોલીસના માણસો એક યુરોપિયન અમલદાર સાથે મોટર લઈ આવી પહોંચ્યાં.

આજુબાજુના આંબાની કાચી કેરીઓ તોડીને એમણે મોટરમાં ભરી. છાવણીના રસોડામાં જે કેરી હતી તે તેમણે માગી એટલે સૈનિકોએ ખુશીથી આપી દીધી. વધારાનો સામાન હતો તે બહાર મોકલાવ્યો. બાકી રહેલા તેવીસ સૈનિકો કેસરિયાં માટે તૈયાર થઈ ગયા હતા. ચાર વાગ્યા પહેલાં બધા અમલદારો આવી પહોંચ્યા. વલસાડના મામલતદારે જમીન ફરીથી ખાલસા જાહેર કરી. કલેક્ટરે જગ્યા ખાલી કરવાનો ફરી હુકમ આપ્યો. પણ કોઈ ખસ્યું નહિ. બેત્રણ સૈનિકોને ઘસડીને બહાર મૂકવામાં આવ્યા, અને બાકીનાઓને પોલીસ સાથે દરવાજા બહાર કાઢયા. બધા સૈનિકો દરવાજા આગળ તકલી કાંતતા બેઠા. અંદર પોલીસનો પહેરો રાખવામાં આવ્યો હતો. અમલદારો અને સો પોલીસો છાવણીના માંડવાઓ અને તંબૂઓ તોડવાના કામમાં લાગી ગયા. મોટા અમલદારો પણ ખૂબ ઉત્સાહથી આ વિનાશનું કામ કરતા હતા. એક કલાકમાં તો આખા માંડવો જમીનદોસ્ત કરવામાં આવ્યો. તંબૂઓ પણ ઉખેડી નાખવામાં આવ્યા. બધોય સામાન બાગાનમાં એકઠો કરી સાચવવા માટે લાઠીધારી પોલીસો આસપાસ ઊભા રહી ગયા.

સૈનિકો બરાબર દરવાજા વચ્ચે બેઠલા હતા એટલે વારંવાર આવજા કરતા અમલદારો એમને હેરાન કરતા હતા. સૈનિકો ખસવા તૈયાર નહોતા, એટલે કેટલાકના પગ પકડીને અમલદારો ખેંચતા. છેવટે મિ. ગેરેટ વગેરે અમલદારો છાવણીમાંથી ગયા ત્યારે એમાંનો એક ગોરો અમલદાર દરવાજાના ચોકીદારને કહેતો ગયો, “મોટર આ લોકની ઉપરથી લઈ જાઓ.” આ હુકમ સાંભળી બધા પ્રેક્ષકો ચમક્યા અને અંતિમ પરાક્રમ કેમ પાર ઉતરે છે એ જોવા પાસે પહોંચી ગયા. ઠક્કરબાપા પણ ત્યાં હાજર હતાં. બધાને થયું કે થોડી વારમાં પશુતાનું એક નવું સ્વરૂપ જોવાનું મળશે.

મોટર અંદરથી નીકળી. જેમ તેમ કરી દરવાજો ખોલાયો. પણ તેવીસ સૈનિકો ઉપર થઈને મોટર દોડાવી જવાની હિંમત કોઈની ન ચાલી. આંટિઆ આવ્યા, આલમશાહ આવ્યા, પણ મોટર કે સૈનિકો કોઈ ખસ્યું નહિ. આખરે થોડા પોલીસોને બોલાવવામાં

આવ્યા અને સૈનિકોને બાજુ પર કાઢવાનો હુકમ થયો. સૈનિકો પાંચપાંચની હારમાં પોતાના હાથની સાંકળ કરીને બેઠા હતા. પોલીસો એમને વળગ્યા અને તેમને ઘસડીને થોડે દૂર સુધી ખેંચી ગયા. કેટલાક સૈનિકો પાછા આવવાનો પ્રયત્ન કરતા હતા તેમને દાબી રાખીને ત્યાં ને ત્યાં જ રોકી દેવામાં આવ્યા. આમ મોટરનો રસ્તો ખુલ્લો થયો. મોટર ગયા પછી બધા સૈનિકો પાછા દરવાજા વચ્ચે બેસી ગયા. છાવણીની જમીન ઉપર એક ગોરો અને અઢાર બંદૂકધારી પોલીસો ચોકી ભરતા બેઠા. સૈનિકો આખી રાત છાવણીના બહારના મેદાનમાં જ્યાં એમને ખેંચી કાઢવામાં આવ્યા હતા ત્યાં જ ખુલ્લામાં સૂઈ રહ્યા. તા. ૨૭ મીએ સવારે ફરીથી એ જ અમલદાર આવીને છાવણીના ડોકટરને કહી ગયા કે દસ વાગ્યા સુધીમાં ઇસપિતાલ ખાલી કરો. આગલે દિવસે સવારે તો અમલદારો કહી ગયેલા કે ઇસપિતાલ ગમે તેટલો વખત અહીં રાખો તોપણ અમારે વાંધો નથી. વળી એ જ દિવસે બપોરે સરકારી ડોકટર કર્નલ કામટ દરદીઓને આવીને તપાસી ગયા હતા, અને છાવણીના ડૉકટરને કહી ગયા હતા કે ત્રણે દરદીઓને ખસેડવામાં કંઈ વાંધો નથી; એમને વલસાડની ઇસ્પિતાલમાં ખસેડવાની વ્યવસ્થા કરી આપીશું, પણ દરદીઓ સરકારી દવાખાનામાં જવા તૈયાર નહોતા, એટલે એમને સ્ટેશન સુધી મોકલી આપવાની વ્યવસ્થા કરવાનું એમણે માથે લીધું હતું. પણ તા. ૨૭ મીએ સવારે તો મિ. સુબાવાળા બે સ્ટ્રેચર લઈને આવી પહોંચ્યા અને દાક્તરને કહેવા લાગ્યા: “દસ વાગ્યા સુધીમાં દરદીઓને ઉપાડી જઈ ઇસિપિતાલ ખાલી કરો.” મોટરની વ્યવસ્થાની તો વાત જ શી કરવી? પણ સાથે આણેલી બે સ્ટ્રેચર ઉપાડવા માટેયે બે માણસો આપવા પણ તૈયાર નહોતા. દાક્તરે એમની બુદ્ધિને જાગૃત કરવાનો અને ગઈ કાલે અમલદારોએ અને કર્નલે આપેલા વચનનું સ્મરણ કરાવવાનો બહુ પ્રયત્ન કર્યો, પણ એમના શબ્દોની અમલદાર પર કંઈ અસર ન થઈ. ઘવાયેલાઓને આખરે સૈનિકો ઉપાડીને ઊંટડી ગામમાં લઈ ગયા. થોડી જ વારમાં ઇસિપિતાલનો માંડવો પણ તોડી નાંખવામાં આવ્યો. વાંસ વગેરે બધો સામાન ઉપાડવા માટે અગરિયાઓનાં ગાડાં વેઠે રોકવામાં

આવ્યાં, અને આ લૂંટનો બધો સામાન એ કહેવાતા કાયદેસરના લૂંટારાઓ ઉપાડી ગયા.

ઠેકઠેકાણેથી સૈનિકો આવવા લાગ્યા. સરકારે ૧૪૪ મી કલમનું શસ્ત્ર તા. ૨૩ મીથી ઊંટડી અને ડુંગરી ગામની હદમાં પણ ફેંક્યું. તા. ૧૩મીથી એક માસ સુધી એ કાયદાનો અમલ ધરાસણા, છરવાડા ઉમરસાડી એ ત્રણ ગામમાં તો લાગુ પડી જ ગયો હતો. ધરાસણા ખાતે લાઠા અને બંદૂકધારી સિપાઈઓ ઉપરાંત આ નવું શસ્ત્ર સરકારે વાપરવા માંડ્યું. ઊંટડીના છાવણી અને ડુંગરીનું રેલવે સ્ટેશન એ હવે યુદ્ધક્ષેત્ર બની ગયાં. ડુંગરી સ્ટેશને બધો વખત શીખ મિલિટરીનો પહેરો કાયમ રહેલો લાગ્યો. તા. ૨૭મીએ બપોરે સુરતથી એક ટુકડી ડુંગરી સ્ટેશને ઊતરી. પ્લેટફોર્મ છોડીને ટુકડી આગળ ગઈ કે તરત તેના નાયક ભાઈ પુરાતન બૂચને બોચી પકડી બહાર ખેંચી કાઢવામાં આવ્યા. બાકીનાને બીજી જ ગાડીમાં બેસાડી સુરત મોકલી આપવામાં આવ્યા.

ઊંટડી છાવણીની બહાર પડેલા સૈનિકો તા. ૨૭મીએ રાત્રે પોલીસનો પહેરો ઊઠી જતાં તરત છાવણીના આંબા નીચે જઈને પડ્યા. ૨૮મીએ સવારે નવ વાગે અમદાવાદથી વલસાડ છાવણીમાં આવેલી શ્રી. બળવંતરાય ઠાકોરની સરદારીવાળી ૩૪ સૈનિકની ટુકડીએ ઊંટડી છાવણીની સંખ્યામાં ઉમેરો કર્યો. પણ બપોરે ૧૧। વાગે પોલીસનું ધાડું આવ્યું. શ્રી. બળવંતરાયને તરત જ ગિરફતાર કરી જુદા પાડ્યા. કેટલાક સૈનિકો ગામમાં જમવા ગયેલા તે તરત દોડીને પોતાનાં સાથીઓ સાથે ભળી ગયા. એ બધા સૈનિકોને ગિરફતાર જાહેર કરીને છાવણીની હદમાંથી બહાર કાઢ્યા.

પણ છાવણી બે કલાક ખાલી નહિ રહી હોય એટલામાં ૨૭મીએ ડુંગરીથી પાછી સુરત ઉપાડી જવામાં આવેલી ટુકડીએ આવીને છાવણી સાચવી લીધી. કલાકેકમાં ખેડાના બોરસદ તાલુકાની ૪૧ સૈનિકોની ટુકડી એ ચોવીસ સૈનિકોમાં આવીને ભળી. સરકારના માણસો છાવણીની આજુબાજુ રખડ્યા જ કરતા હોય. સાંજે ૬–૩૦ વાગે પોલીસના માણસો આવ્યા, સૈનિકોને ગિરફતાર કરેલા જાહેર કર્યા, પણ હવે એ ૬૫ ઊઠવા તૈયાર નહોતા. છેવટે

મિ. આંટિયાએ કહ્યું કે તમને પકડીને ધરાસણા લઈ જવાના છીએ એટલે બધાએ ચાલવા માંડયું.

પણ વચન ન પાળવામાં પ્રવીણ એ અમલદારો રાત્રે બધી ટુકડીઓને ડુંગરી સ્ટેશને લઈ ગયા. પહેલી પકડાયેલી ૫૧ની ટુકડીને સુરત તરફ રવાના કરી, અને સાંજની ૬૫ની ટુકડીને મુંબઈ તરફ મોકલી દીધી. પકડી ગયા પછી કોઈને ખાવાનું પણ આપવામાં નહોતું આવ્યું. સુરત તરફ જતી ટુકડીને સુરતમાં ખાવાનું આપવાનું એમણે કહેલું, પણ સુરતમાં એમને કંઈ આપવામાં ન આવ્યું એટલે એ બધા સુરતના સ્ટેશને ઊતરી પડ્યા. ૨૯મીએ બપોરે એ ટુકડી બીલીમોરા સ્ટેશને ઊતરીને પાછી ઊંટડી છાવણીમાં આવી પહોંચી. મુંબઈ તરફ રવાના કરવામાં આવેલા સૈનિકોને વાંદરા ઉતારી મૂકવામાં આવેલા તે પણ ૨૯ મીએ પાછા વલસાડ છાવણીમાં આવી પહોંચ્યા.

આમ લડતે પાછું રમૂજી સ્વરૂપ પકડયું સૈનિકોને ખૂબ હાડમારી વેઠવી પડી પણ બધે ચેતન ફેલાયું. મુંબઈથી અમદાવાદ સુધી લડતના પ્રચારકો રોજ ફર્યા કરે, અને બધે જ ધરાસણાનો સંદેશો ફેલાવતા. ધરાસણા હવે એક જગ્યાએ રહ્યું નહોતું. ઊંટડીની છાવણી સરકારે તોડી નાંખી તોપણ ઊંટડીની છાવણી ચાલુ જ રહી, એટલું જ નહિ પણ નવી છાવણીઓ ઠેકઠેકાણે ઊગી નીકળી. બધે જ ૧૪૪ મી કલમ લગાડી દઈને બધે જ ગુંડારાજ્ય શરૂ કરી દે તોયે એ છાવણીઓ હવે ઉખડી શકાય એમ નહોતું. હવે તો ધરાસણાનાં મૂળિયાં આખા ગુજરાતમાં, આખા હિંદુસ્તાનમાં, નખાઇ ગયાં હતાં. થોડો વખત બધાને લાગવા માંડેલું કે સરકાર ફાવી પણ ફરી પ્રજાના મોં પર આશા ફેલાઇ ગઇ; સરકાર ખૂબ અકળાઈ અને અકળાટમાં ફરી ભાન ભૂલવા લાગી.

વલસાડ, ભાગડા, ભદેલી અને બીલીમોરાની છાવણી સૈનિકોના ઉત્સાહથી ગુંજી રહી. અને આ ગામોમાં પણ નવો જ પ્રાણ ફૂંકાયો. ઉપરના ગામોના નૌજુવાનો આખો દિવસ છાવણીના કામકાજમાં ગોઠવાઈ ગયા છે. જેમ ગુરુકા લંગરમાં સેવા કરવી એ જીવનનો લહાવો છે એમ અકાલી ભાઈબહેનો માને છે, તેમ

આ સત્યાગ્રહી છાવણીની કોઈને કોઇ પ્રકારની સેવા કરવી એને આજનો રાષ્ટ્રધર્મ સમજી છાવણીમાં બ્હેનો પાણી ભરવા, રાંધવાનું વગેરે કામ કરવા હોંશેહોંશે આવતી. ગામનાં મહાજને પણ પોતાથી બનતો આર્થિક ફાળો આપ્યો. આવો અજબ ફેરફાર છાવણીવાળાં ગામોમાં ઘડીવારમાં થઈ ગયો.

શિરોડાના અગરો લૂંટીને પ્રખ્યાત થયેલ મહારાષ્ટ્રી ટુકડી અબદુલ્લા શેઠની આગેવાની નીચે વલસાડ આવી. તા. ૨૮મીએ ટુકડીએ છરવાડામાં ૧૪૪મી કલમનો છડેચોક ભંગ કર્યો, અને તા. ૨૯મીએ તો ધરાસણા તરફ હલ્લો પણ શરૂ કર્યો. વિલેપારલેમાં સ્વામી આનંદાનંદ જેલ ગયા પછી તેમનું સ્થાન લેનાર ભાઇશ્રી અબદુલ્લાભાઈ વયોવૃદ્ધ છે. મુંબઈમાં રહી તેમનું શરીર ઘસાઇ ગયું છે, પણ તેમનો ઉત્સાહ કોઇ નૌજુવાનને પણ શરમાવે તેવો છે. આવા પાક બુઝર્ગ અબદુલ્લાભાઇ પોતાના સૈન્યને લઇ ધરાસણામાં કૂચ કરતા હતા, ત્યાં ગોરા અમલદારોએ તેમને રોક્યા. અબદુલ્લાભાઇ તો પોતાનું માથું આપવા તૈયાર હતા. એટલે તેઓ તો પોતાના ધારેલ નિશાને પહોંચ્યા વિના પાછા ફરવાના નથી એમ જોઇ ચાર પોલીસોએ તેમને ટાંગાટોળી કરી દૂર ખસેડ્યા. છાતીના પડખા પર અને પીઠ પર આ મુસ્લિમ સરદારને લાઠીના ગોદા પડ્યા. તેમનો શ્વાસ રૂંધાવા લાગ્યો. તે ખૂણે પડ્યા. ત્યાં તો પોલીસો અબદુલ્લાભાઇની વીર સેના પર લાકડીઓ ફેરવવા લાગી. આ સૈન્ય સાથે ફરતા ખબરપત્રી રાજારામ કૉલેજના અધ્યાપક મોહનલાલ શાહ પર પણ પોલીસ રૂઠી. અને તેમને પણ સોટીઓ પડી. વ્રજલાલ નામના ગર્ભશ્રીમંત નૌજુવાન સાતેક લાકડીઓ પગ પર પડવાથી લંગડા બન્યા. તેનની સેવા કરવા જનાર રેડ ક્રોસવાળા સૈનિકોને પણ લાકડી પડી. લાકડીઓના ગોદા મારતા મરતાં પોલીસોનાં ટોળાંએ આ મહારાષ્ટ્રી સૈન્યને ડુંગરી સ્ટેશને લાવી તડકામાં બેસાડ્યું અને ગાડીમાં બેસાડી વલસાડમાં છોડી મૂક્યું. કુલ પંદર સૈનિકોએ દિવસે સારો માર પડ્યો.

સરકારે ફરી પોતાના સ્વભાવ પર જવું શરૂ કરી દીધું છે. દેશ જાણતો હતો કે સત્યાગ્રહીઓ પોતાનો ધર્મ બરાબર પાળશે એટલે સરકાર પણ પોતાનો નીચ ધંધો બરાબર કરશે. જુલમી કાયદાઓ તોડી તે માટ દુઃખ સહન કરવું એ એકનો ધર્મ રહ્યો જ્યારે એવા કાયદાઓ ઘડી કાયદાને નામે અને શાંતિને નામે જુલમ કરી પ્રજાને ડરાવી દેવાનો બીજા પક્ષનો ધંધો થઈ પડ્યો. ધરાસણામાં તો પોલીસનું જ—ગુંડાઓનું જ—રાજ ચાલવા લાગ્યું. શોલાપુર અને ખારાઘોડામાં જેમ ગાંધી ટોપીનું દર્શન એમને અકારું થઈ પડ્યું, તેમ ધરાસણામાં પણ થવા માંડ્યું ધરાસણાની સડક પર ધોળી ટોપીવાળા તો ન જ ચાલી શકે એવો હુકમ પોલીસને મળી ગયો. આટલાં બધાં શસ્ત્રો છતાં એક ગાંધી ટોપીથી સરકાર ડરે છે!

ધરાસણાના અત્યાચારોથી આખા દેશમાં પ્રજાના હૃદયને ભારે આઘાત થયો, આ સરકારની પશુતાનું બધાને સચોટ રીતે ભાન થયું પણ સાથે સાથે પ્રજાનો નિશ્ચય વધારે દૃઢ થયો એ બધું શ્રી. જયરામદાસના "ગુજરાતનું ક્ષાત્ર તેજ" નામના નીચેના લેખમાંથી લીધેલા ફકરાઓ પરથી સ્પષ્ટ રીતે જોઈ શકાશે.

"માનવી હૃદયમાં રહેલી પશુતાએ પોતાના વિકરાળ નખનું દર્શન ધરાસણામાં કરાવ્યું છે. અંગ્રેજી રાજ્યના અમલદારોએ ધરાસણામાં જે કૃત્યો કર્યા છે તેનું સાચું વર્ણન તેના નગ્ન સ્વરૂપમાં કદાચ હિંદ બહાર કદી નહિ પહોંચવા દેવામાં આવે. જો પહોંચવા દેવામાં આવશે તો એ સાંભળીને યુરોપ કદાચ શરમથી માથું નીચું નમાવશે. ધરાસણાનાં બ્રિટનનાં પરાક્રમો એ યુરોપની સંસ્કૃતિ પર કાયમના કલંકરૂપ છે. જગતના ઇતિહાસમાં ક્યાંયે એનો જોટો મળે એમ નથી. ખરી હકીકત જોઈએ તો શી છે? અહિંસા-પાલનની પ્રતિજ્ઞાવાળા અને જે કાયદાને પ્રજાના એકેએક પક્ષે વખોડી કાઢ્યો છે એવા કાયદાનો ભંગ કરી છડેચોક કારાવાસ વહોરી લેનારા નિઃશસ્ત્ર સ્વયંસેવકો જાણે મધરાતના અંધકારમાં મનુષ્ય અને ઈશ્વરની સામે ગુનો કરવા નીકળેલા હથિયારબંધ બહારવટિયાની ટોળી હોય એવી રીતે પોલીસો તેમના પર તૂટી પડે

છે. તેમને પકડી લઈ કાયદા વિધિમાંથી પસાર કરવાનો લવલેશ પ્રયત્ન જ થતો નથી. સત્તારૂપી મદિરાથી ઉન્મત્ત બનેલી નોકરશાહીના હુકમથી પોલીસો કાયદો પોતાના હાથમાં લઇ લે છે. લાઠીઓ વીંઝાય છે, માથાં ફૂટે છે, ત્રણસો શાન્ત સત્યાગ્રહીઓનાં લોહી વહે છે, અને એમાંથી એક પાળજના વીર ભાઇલાલભાઇ ઘાને વશ થઇ મરણને ભેટે છે. પોલીસો રણક્ષેત્રમાંથી વિજયી થઇ પાછા ફરે છે, અને સ્વયંસેવકો પોતાનાં ઘવાયેલા સાથીઓને તત્કાળ ઊભી કરેલી ઇસપિતાલમાં લઇ જાય છે. કોઇ પણ સુધરેલો દેશ આવા પરાક્રમને માટે મગરૂર થઈ શકે ખરો ?

આશ્ચર્ય તો એ છે કે આ બધું કાયદા અને બંધારણને નામે કરવામાં આવે છે. ધરાસણામાં ગયે અઠવાડિયે નાદીરશાહીનાં જે હયાસૂનાં કૃત્યો થયાં તેમને માટે કયા કાયદા અને બંધારણે છૂટ આપેલી છે ? જાગૃત થયેલી પ્રજા પર જુલમ ગુજારી તેને દબાવી દેવાની ઘેલછાભરી આતુરતામાં કાયદા અને બંધારણને તિલાંજલિ આપવામાં આવી છે. અમે તો મીઠાના કાયદાને માનતા જ નથી. પણ સરકાર તો એ કાયદાની કલમોને અનુસરવાનો ડોળ કરે છે. આજે ગુજરાતમાં જે મવાલીરાજ્ય પ્રવર્તતું જગત જોઇ રહ્યું છે એને માટે એ કાયદામાં ક્યાંયે જરા સરખી મંજૂરી આપવામાં આવી હોય એમ અમે તો જોઇ શક્યા નથી. એ કાયદાની ૪૧ મી કલમમાં કહેલું છેઃ ' આ કાયદાની રૂએ જેને સારુ સજા થઇ શકે એવો કોઇ પણ ગુનો થતો અટકાવવા દરમ્યાનગીરી કરવી અને પોતાની સત્તામાં હોય એ બધાં વાજબી સાધનો વાપરીને ગુનો અટકાવવો એ ગામડાના દરેક અમલદારની તેમજ પોલીસ, જકાત, અફીણ, આબકારી, જંગલ અને મહેસુલ ખાતાંના દરેક અમલદારની ફરજ છે.' કાયદો કોઈ પણ અમલદારને 'બની શકે તે બધાં' સાધનો વાપરવાની સત્તા આપતો નથી. તેણે માત્ર વાજબી સાધનોનો જ ઉપયોગ કરવો રહ્યો. એટલે નિઃશસ્ત્ર અને નિર્દોષ સત્યાગ્રહીઓ પર લાઠીના પશુતાભર્યા હુમલા કરવા એ સરકારે કાયદાને ટકાવવા માટે મંજૂર કરેલું 'વાજબી' સાધન જ ગણાય ને ! મીઠાના અગર પર ધાડ શરૂ થઈ તે પહેલાં ઊંટડીમાં ભેગા

થયેલા સ્વયંસેવકોને ગિરફતાર કરીને કાયદાની કલમનો ભંગ થતો અટકાવી શકાત. મીઠાના કાયદાની ૩૯મી કલમમાં મીઠાખાતાના કોઈ પણ અમલદારને એટલી સત્તા તો આપેલી છે કે 'મીઠાને લગતા આ અથવા બીજા કોઈ પણ કાયદાનો અમુક માણસે ભંગ કર્યો છે એમ માનવાનું તેને કારણ મળે, અથવા તો એની પાસેથી બિનજકાતી મીઠું મળી આવે તો એવા માણસને અટકમાં લઈને તે એની ઝડતી લઈ શકે છે, અને તેને યોગ્ય લાગે તો તે તેને ગિરફતાર પણ કરી શકે છે.' ધરાસણાના સત્યાગ્રહીઓએ મીઠાના અગર પર 'ધાડ' પાડી, થોડાક મણ મીઠું ઉપાડયું અને એ રીતે મીઠાના કાયદા પ્રમાણે ગુનો કર્યો ત્યારપછી તેમને ઉપલી કલમ પ્રમાણે અટકમાં લઈ શકાત. પણ એથી સરકારનો હેતુ ન સરત. તેનો હેતુ કાનુનભંગ કરનારાઓને કાયદેસર સજા થાય એટલું જ જોવાનો નથી. તેનો હેતુ તો એથી વધારે સૂક્ષ્મ છે.

આપણે એ ન ભૂલવું જોઈએ કે આ દેશમાં આજે હિંસા અને અહિંસાનાં દળ વચ્ચે ઐતિહાસિક સંગ્રામ ચાલી રહ્યો છે. ગુજરાતની ભૂમિ પર બે સેનાઓ સામે મોઢે જંગ ખેલી રહી છે. ધરાસણામાં એ સંગ્રામ પરાકાષ્ઠાએ પહોંચ્યો જણાય છે. સરકાર પ્રજાના જુસ્સાને કચડી નાંખવા માગે છે. એને માટે ગિરફતારીનો ઉપાય નિષ્ફળ નીવડયો છે. સત્યાગ્રહીઓને ભૂખે મારવાનો ઈલાજ ફરી અજમાવવામાં આવે તો લોકમત પર બહુ જ માઠી અસર થયા વિના રહે એમ નથી. અપમાનો, બીભત્સતાઓ અને છૂટાછવાયા હુમલાના ઉપાયો પણ એળે ગયા છે. એટલે હવે લોકોને પાઠ શીખવવાને સારુ નિર્દોષ, નિઃશસ્ત્ર અને સામો ઘા ન કરે એવા સત્યાગ્રહીઓને લાઠી વડે ઘાસની જેમ વાઢી નાંખવા રહ્યા. આત્મા નિર્બળ થાય એટલા સારૂ શરીરને ભાંગવું રહ્યું. પણ જો ભારતવર્ષનો આત્મા ગોળી અથવા લાઠીની સામે નિર્બળ બની થથરશે તો ભારતવર્ષને માટે કોઈ કાળે ઉદ્ધારની આશા નથી. અમે જાણીએ છીએ કે ગુજરાત આખું પુણ્યપ્રકોપથી સળગી ઊઠયું છે. ગુજરાતના પુરુષો અને ગુજરાતની સ્ત્રીઓ હજુ તો પૂરેપૂરી સંખ્યામાં સેનામાં જોડાયાં જ નથી. એના તાલીમબદ્ધ

કસાયેલા સ્વયંસેવકો રોજરોજ આગેવાનોને હોમતા જઈ નવાનવા આગેવાનો ઊભા કરશે, અને તેમના હુકમોને અનુસરશે. ગાંધીજીના અહિંસક પ્રતિકારના સંદેશાનો જેટલો સારો જવાબ ગુજરાત આપશે એટલો બીજો કોઈ પ્રાંત નહિ આપી શકે. ગુજરાત છેક છેવટની ઘડી સુધી ઝૂઝશે અને રાષ્ટ્રને વિજય અપાવશે. દેશના બીજા ભાગોએ ધરાસણામાં પ્રગટેલા ક્ષાત્રતેજને ઝીલી લેવું ઘટે છે. એકેએક પ્રાંતમાં એવાં નાનાંનાનાં રણક્ષેત્રો વેરાયેલાં જ છે જ્યાં સરકારના નોકરો ગિરફતારીઓ, હુમલા અને એથીયે ભૂંડાં કામો વડે લોકોમાં ત્રાસ વર્તાવી તેમને દબાવવા મથી રહ્યા છે. ત્યાં પણ સત્યાગ્રહીઓએ તેમજ પ્રજાજનોએ સરકારી હિંસાના સખતમાં સખત પ્રકારો સામે ધરાસણાના અડગ વીરોની જેમ અડીખમ ઊભું રહેવું ઘટે છે. આવા યુદ્ધનું પરિણામ એક જ હોઇ શકે. કોઇ પ્રજા એકવાર તંદ્રા અને ભયને ફેંકી દે તો તેને સ્વતંત્ર થતાં રોકવાની કે વિલંબ કરવાની દુનિયાની કોઇ પણ સત્તાની મગદૂર નથી. ગુજરાતમાં કે બીજા પ્રાંતોમાં ભવિષ્યમાં સત્યાગ્રહ ગમે તે રૂપ લે, પણ ધરાસણાનું ક્ષાત્રતેજ પ્રજામાં વ્યાપી જશે કે તરત જ વિજય આપણા હાથમાં આવીને પડશે.”


ઉપર જણાવ્યા પ્રમાણે તા. ૨૯મીએ સરકારે લાઠી ફરીથી ચાલુ કરી દીધેલી. તા. ૩૦મીથી ધરાસણા પર સીધા હલ્લા ફરીથી શરૂ થયા. એ દિવસે ૧૧૧ સૈનિકોની ટુકડી ઊંટડીથી સવારે ૭-૪૫ વાગે નીકળી. મેદાનમાં એ પહોંચી ત્યારે સિપાઈઓ વગેરે તૈયાર નહોતા એટલે સૈનિકો ઘણે નજીક સુધી જઈ શક્યા. તરત જ બ્યૂગલના અવાજથી લાઠીવાળા અમલદારો અને સિપાઈઓ ભેગા થઈ ગયા. થોડા સૈનિકો મીઠાના, ઢગલાની તારની વાડ સુધી પહોંચી ગયેલા; એક પાસે જઈ અંદર કૂદવાની તૈયારીમાં હતો. અને બીજાએ જોરથી ખેંચીને એક તાર છૂટો પાડી નાંખેલો. તેમને તો તરત માથાં ભાંગી ભોંય પર પાડ્યા. અને પછી વારાફરતી બાકીના સૈનિકોનાં માથાં ભાંગવાં માંડ્યાં. આમ માર મારવાનું કામ, માથાં ફોડવાનું કામ ખાસ કરીને ગોરા સાર્જંટોએ એ દિવસે




તારની વાડ તોડનાર વીર સૈનિક શ્રી. હિંમતલાલ દવે. એમને માથાપર સખ્ત ઘા લાગ્યા હતા.



વઢવાણની કોંગ્રેસ હોસ્પીતાલમાં બેભાન સ્થિતિમાં પડેલા ત્રણ સ્વયંસેવકો.



પોલીસોનો લાઠીનો માર (એમના હાથમાંની લાઠી પાતળી
નેતર તો નથી જ લાગતી)



પોલીસો નિર્દય રીતે સ્વયંસેવકને જમીનપર ઘસડે છે.

કર્યું. જાણીજોઈને બરાબર તાકીને માથા પર જ લાઠીના ઘા કરવામાં આવતા. ઘણાને લોહી નીકળ્યું. કેટલાકને સખત ઈજા થઈ. એ દિવસે બધું મળીને ૨૯ને સખત ઈજા થઈ, અને એમને ડોળીમાં નાંખીને ઇસપિતાલમાં લાવવા પડ્યા.

ઘાયલ થયેલાઓની ડોળીઓ મેદાન પરથી આવવા માંડે પછી તો બાકીનાને આખો દિવસ ઇસ્પિતાલનું જ કામ કરવાનું હોય. સૈનિકોને વિદાય કર્યા પછી બે કલાકમાં તો ઇસ્પિતાલ ભરાઈ ગયેલી હોય. પ્રથમ એમને ઉપાડી ઝૂંટડીની સત્યાગ્રહ ઇસપિતાલમાં લાવવામાં આવે અને પછી એમને મોટરમાં બેસાડી કે સુવાડીને વલસાડમાં ખાસ ઊભી કરવામાં આવેલી ઇસ્પિતાલમાં લાવતા. ૩૦મીએ તો પાંસળાંમાં સખત માર પડ્યાને લીધે બેભાન થઈ ગયેલાની સંખ્યા ૬ની હતી. એક તો ચાર કલાક સુધી લવારા કરતા હતા અને શંકરભાઈ બાબરભાઈ નામના બીજા એક એટલી ગંભીર સ્થિતિમાં આવી ગયેલા કે વલસાડના સરકારી ઇસપિતાલના ડૉક્ટરે કહ્યું કે પોલીસને ખબર આપી એ માણસની મરણ વખતની કેફિયત લેવી જોઈએ. જેમને પાંસળાં અને છાતીમાં માર પડતો તેમને ઘણા કલાક સુધી શ્વાસ લેવાની ભારે મુશ્કેલી પડતી.

માથામાં મારવાથી લોહી નીકળતું જોઈ તા. ૩૧મીએ સરકારે મૂઢ માર મારવાની રીત શોધી કાઢી. એ દિવસે સવારે મહારાષ્ટ્ર અને ખેડાની ૧૧૧ની ટુકડી સાત વાગે નીકળી. મહારાષ્ટ્રની ટુકડીએ માર ખાઈને ડોળીમાં નંખાઈને આવવા જેવી સ્થિતિ થયા વિના પાછા ન ફરવાની પ્રતિજ્ઞા લીધી. એમની એ પ્રતિજ્ઞા એ દિવસે બધા સૈનિકોએ પાળી. સૈનિકો મેદાનમાં પહોંચ્યા ત્યાં તો એમને માટે આવકારની સામગ્રી તૈયાર જ હતી. આજે બહુ નજીક સુધી તો ક્યાંથી જવાય? સરકારની આજની રચનામાં ઘણો ફેર હતો. માથા ફોડી લોહી કાઢવાનો કાર્યક્રમ એણે ફેરવ્યો હતો, પણ લોહી કાઢ્યા વિના વધારે સખત માર મારવાની યુક્તિઓ એણે વિચારપૂર્વક યોજી રાખી હતી. એ ઉપરાંત એક નવું સાધન પણ એણે આજે તૈયાર રાખ્યું હતું. સૈનિકો લાઠીવાળા માણસોથી તો ડરતા નહોતા એટલે પગમાં લોખંડની નાળ જડેલી હોય એવા

સાત ઘોડાઓ એમના પર દોડાવવા માટે સાત સવારો સાથે તૈયાર રાખવામાં આવ્યા હતા.

સૈનિકો આગળ ન જઇ શકાઇ એવી પરિસ્થિતિમાં મુકાયા કે તરત જ પોતાનું બળ વિખેરાઇ ન જાય એ હેતુથી બધા સાથે બેસી ગયા. કેટલાક આગળ નીકળી ગયેલા તેમની પાછળ તો સવારો અને સિપાઇઓ દોડ્યા અને તેમને બધાને ઘાયલ કરીને પાડ્યા. પહેલા સૈનિક પાસેથી જેટલા મારાઓ પસાર થાય તે બધા અકેકબબ્બે લાઠી એમને લગાવતા જાય. એક ગોરા ઘોડેસવારે તો પોતે ઘોડા પરથી ગબડી પડ્યો તેની દાઝ પહેલા સૈનિકોને ખૂબ ફટકા લગાવીને કાઢી!

પછી જે મક્કમ થઈને બેસી રહ્યા હતા તેમનો વારો આવ્યો. તેમના પર લાઠીના પ્રહાર, લાઠીના ગોદા, બીભત્સ ગાળો વગેરે તો વરસી ચૂક્યાં હતાં. પણ તેઓ ડગ્યા નહોતા એટલે તેમના પર ઘોડાનો પ્રયોગ કરવાનું ઠર્યું.

ઊંટડીથી ૫૪ની બીજી ટુકડી નીકળવાની તૈયારીમાં જ હતી ત્યાં ઉપરના સમાચાર મળ્યા. ઘવાયેલાને ઉપાડી લાવવા માટે ઘણા માણસો જોઈશે એમ લાગવાથી ક્ષણભર એ ટુકડી ન મોકલવાનો વિચાર આવેલો. પણ એ ટુકડી આઠ વાગે તો ગઇ જ. નવ વાગે ત્રીજી ટુકડી મોકલવી હતી તેને અટકાવવી પડી. તેમાંના બધા સૈનિકોને રેડ ક્રોસના કામમાં જ રોકવામાં આવ્યા. એ કામ માટે જુદા માણસો રાખવામાં નહોતા આવતા, કેમકે એ કામ કરતા માણસો પર કોઇકવાર માર પડતો. જે સૈનિકો હોય તેમનો જ એમાં ઉપયોગ થતો કે જેથી એ મારથી ભાગે નહિ. પણ ગમે તેવી પરિસ્થિતિમાં પણ રેડ ક્રોસમાં રોકેલા સૈનિકો એ વખતે કદી હલ્લો ન કરે એ નિયમ તો ચૂસ્ત રીતે પળાતો જ હતો.

બીજી ટુકડી મેદાનમાં પહોંચી તેના એ જ હાલ થયા. થોડી જ વારમાં તેમની પ્રગતિ અટકી, તેમના પર ફટકા પડવા માંડ્યા, ઘોડા દોડવા માંડ્યા. ઘાયલ થઈને સૈનિકો ટપોટપ પડવા માંડ્યા. કેટલાક ચાલી શકે એવા રહ્યા તે માર પડ્યા પછી માંડમાંડ ચાલી ઇસ્પિતાલ તરફ જવા લાગ્યા. ડોળીની હાર તો ચાલુ થઈ જ

ગઈ હતી. બીજી ટુકડી સરકારી હદમાં નહોતી જઈ શકી એટલે ઘવાયેલા સૈનિકોને ખેતરોમાંથી જ ઉઠાવી લાવવાનું કામ રેડ ક્રોસ સ્વયંસેવકો કરી શકતા હતા, પણ સરકારી હદમાં પડેલા સૈનિકોને તો ત્યાં જ પડ્યા રહેવા દેવા પડ્યા. મહારાષ્ટ્રની ૫૯ની ટુકડી આખી જ બપોરે બાર સુધી મેદાનમાં તપતી હતી કેમકે રેડક્રોસ સ્વયંસેવકો ત્યાં નહોતા જઈ શકતા. બધાને જ સખત માર પડ્યો હતો. છેવટે બાર વાગે એમને ઉપાડી જવાની છૂટ રેડક્રોસ સ્વયંસેવકોને મળી. ૫૯માંથી પાંચ જ સૈનિકો બીજાઓની મદદથી ચાલીને છાવણીની હૉસ્પિતાલમાં જઇ શક્યા. બાકીના બધાને જ ડોળીમાં લાવવા પડ્યા. એમાંના ૬ સૈનિકોના શરીર પર ઘોડાના પગના દાબડાઓ પડ્યા હતા. શાંત બેઠેલા માણસો પર ધસારો કરવાની ઘોડાઓ પણ ખૂબ આનાકાની કરતા પણ તેમને માર મારીને આગળ દોડાવવામાં આવતા. છાપાંના બે રિપોર્ટરો અને દૂરથી જોનારા એક પ્રેક્ષક પાછળ પણ ઘોડો દોડાવવામાં આવ્યો હતો, અને એ પ્રેક્ષકની ગાંધી ટોપી એક ગોરો સવાર ઉપાડી ગયો. કેટલાક સૈનિકો સરકારી હદમાં પડેલા તેમને ઘસડીઘસડીને આસપાસની કાંટાની વાડમાં સિપાઇઓ ફેંકી દેતા ત્યારે તેમને સ્વયંસેવકો લઇ આવી શકતા.

બેભાન સ્વયંસેવકો ઉપર ઘોડા દોડાવવા કરતાં વધારે જંગલી બીજું કશું ન હશે એમ સામાન્ય માણસ ધારે પણ બીજે દિવસે જુદો અનુભવ થયો.

પહેલી જૂનના દિવસે સવારે ખેડા, અમદાવાદ, ભરૂચ અને વિરમગામના ૧૬૨ સૈનિકો મીઠાના અગર ઉપર ધાડ લઇ જવા નીકળ્યા. કેટલાક ઊંટડી નજીકના અગર તરફ ગયા, તો ભરૂચ વગેરે સ્થળોથી આવેલાઓ છાવણીથી માઇલેક છેટે આવેલા બીજી બાજુના અગર તરફ પહોંચ્યા.

તેઓ અગરોની નજીક પહોંચ્યા કે તુરત જ પોલીસોએ સાંકળ રચી દીધી, અને બળતા તાપમાં તેમને પોણો કલાક સુધી શેકાતા રોકી રાખ્યા. મિ. ઇસ્માઇલ દેસાઇએ લાઠી લગાવવાનો આરંભ કર્યો, અને પોલીસો તુરત જ તેમાં ભળ્યા. બપોરના બારેક વાગ્યા

હશે એટલામાં તો અગર આગળ લગભગ એકએક સૈનિક ઘાયલ થયો હતો. ઘોડા દોડાવવાનું પણ મુલતવી નહોતું રહ્યું.

લાઠીના માર પછી હાથપગ ખેંચીને સૈનિકોને ઢસડવા એ તો જાણે સામાન્ય થઇ પડ્યું હતું. સૈનિકોને આંખ મીચીને જંગલી રીતે મારવામાં આવ્યા. જખમીઓને ઊંટડી છાવણી અને વલસાડની હૉસ્પિતાલોમાં ખસેડવામાં આવ્યા હતા. ઘાયલ થયેલાઓની સંખ્યા ૧૧૫ની હતી. તેમાં પચીસને સખત ઘા લાગ્યા હતા, પંદર બેભાન થયા હતા, એકને લોહીની ઊલટીઓ થતી હતી અને બેને આંચકીઓ આવતી હતી.

એક સૈનિકનાં કપડાં ઉતારી નાંખવામાં આવેલાં અને તેના ગુદાદ્વારમાં એક સાર્જન્ટે લાઠી ઘોંચી હતી. સૈનિકે લાઠી ખસેડવાનો પ્રયત્ન કર્યો, પણ પેલો એનું પિશાચી કામ કરતો અટક્યો નહિ. ઘણા સૈનિકો આ જાતના વર્તાવના ભોગ થઇ પડ્યા હતા, અને તેઓ ગુહ્ય ભાગો ઉપરની વેદનાથી લાંબો વખત પીડાયા છે. એક ભાઇના ગુહ્ય ભાગ ઉપર સોજો ચડ્યો, અને કેટલાક કલાકો સુધી બેભાન રહ્યા. અમલદારોને આટલેથી પણ કળ વળી નહોતી. તેમણે અનિરુદ્ધ નામના ભાવનગરના એક જુવાન સૈનિકને બાવળના કાંટાઓ ભોંક્યા. એમને છાવણીની હૉસપિતાલમાં લાવવામાં આવ્યા એ પછી દાક્તરોએ એ કાંટા કાઢી નાંખ્યા. કાંટા કાઢવામાં આવ્યા તે વખતે એમને ખૂબ લોહી વહેતું હતું અને બેભાન હતા.

બે જણ સખત ઘાયલ થયા હતા તેમનો કબ્જો સરકારે લીધો હતો, પણ છેક સાંજે તેઓ કાંટાની વાડ આગળ પડેલા જડી આવ્યા હતા. તેમનામાંના એકને લાઠીના ચાળીશ જેટલા ઝપાટાઓ મારવામાં આવ્યા હતા, અને છતાં એમણે પાછું કદમ ન ભર્યું એટલે એમને નિર્દય રીતે ઝૂડવામાં આવ્યા. આ ભાઇઓની આવી નિશ્ચળતાથી સાર્જન્ટનો પિત્તો ઊછળી આવ્યો લાગે છે, કારણકે તેણે એમનાં મોંમાં ખાડીમાંની મીઠાવાળી માટી ભરાવડાવી અને પછી ખાડીના પાણીમાં તેમનાં માથાં ઝબોળાવ્યાં. આમ વીસેક વખત કરવામાં આવ્યું હતું. આ પછી તેમને સરકારી હૉસ્પિતાલમાં ખસેડવામાં આવ્યા હતા, ત્યાં તેઓ ત્રણ કલાકથી

પણ વધારે વખત સુધી બેભાન અવસ્થામા રહ્યા હતા. તેમને ભાન આવ્યું ત્યારે તેમને પૂછવામાં આવ્યું કે તેઓ ઘર ચાલ્યા જવા તૈયાર છે કે નહિ? તેમણે તેમ કરવાની ના પાડી, એટલે વળી પાછા તેમના ઉપર ૧૦–૧૫ સપાટાઓ લગાવવામાં આવ્યા, અને લાંબે સુધી તેમને ખેંચી લાવવામાં આવ્યા. અહીંથી છેક સાંજના ૭ વાગે એમને ઊંચકી લેવામાં આવ્યા.

આ બધા જુલમાટ વિરમગામની ખ્યાતિવાળા મિ. નીલનાં આગમન પછી થયા છે. એની હિચકારી હિંમતનાં ફરીથી અહીં દર્શન થયાં. ઘાયલ થયેલાઓમાંના કેટલાકનાં બયાનો અમે નીચે આપીએ છીએ:

૧. આલમશા અને બીજા કેટલાક ગોરા અમલદારોએ પોતાના ભારે જોડા સાથે એક સૈનિકની છાતી ઉપર પગ મૂક્યા અને તેમને ખૂબ દાબ્યા. આ તાંડવને લીધે સૈનિકના શ્વાસ સુદ્ધાં ગુંગળાવા લાગ્યા.

૨. એક બીજા ભાઈને નગ્ન કરવામાં આવ્યા, અને આલમશાએ તેમના ગુહ્ય ભાગ ઉપર ત્રણ લાતો મારી. એ ભાઈને છાતી ઉપર, કમર ઉપર અને પીઠ ઉપર કેટલીક લાઠીઓ પડી હતી.

૩. એક ભાઈ જે ૨૧મા મેના હલ્લામાં હતા તે આજે ફરી મેદાને ઊતર્યા હતા. આ ભાઈને ફરી જોઈને એક અમલદાર તો રાતોપીળો થઈ ગયો. તેણે કહ્યું: 'આ વખતે તો જોજે તારા નાકની ભૂકી સરવા નાંખીશ.' અને એમ કહેતાંકને એણે નાક ઉપર એક સપાટો લગાવ્યો. નાક તો લોહી ગળતું થઈ જ ગયું. વળી પાછો એ ભાઈના ગળા ઉપર ઝપાટો મારવામાં આવ્યો, અને એ જમીન ઉપર ઢળી પડ્યા. ચાર પોલીસોએ એમને ઊંચા કર્યા, અને પેલા અમલદારે એમના ગુહ્ય ભાગ ઉપર લાઠીથી ઘોંચપરોણા કર્યા. આ ભાઈ બે કલાક સુધી બેભાન રહ્યા હતા.

૪. એક બીજા ભાઈની છાતી ઉપર લાઠીના સખત સપાટા પડ્યા હતા, અને તેમની સ્થિતિ ઘણી ગંભીર હતી. મહામુસીબતે

તે શ્વાસ લઈ શકતા હતા. છાતીમાં એમને સખત શૂળ થતું હતું, અને માથા ઉપર એમને સખત ઝપાટો પડયો હતો. લગભગ આખા શરીર ઉપર તેમને માર પડયો હતો, અને બે કલાકથી વધુ તેઓ બેભાન રહ્યા હતા. એક ગોરા અમલદારે એમના બે પગ વચ્ચેથી લાકડી ઘોંચવાનો હુકમ કર્યો, અને પછી લાકડીના ગોદાથી એમની લંગોટી ખેસડી નાંખવામાં આવી. આ ભાઈએ ચતુરાઈથી ગુહ્ય ભાગને બચાવી લીધા. એમના તંગિયા ચીરી નાંખવામાં આવ્યા અને પેટ તેમજ પીઠ ઉપર એમને લાઠીનો માર મારવામાં આવ્યો હતો.

એક દિવસના વિરામ પછી તા ૩જી એ ફરીથી હલ્લો લઈ જવામાં આવ્યો એ હલ્લામાં શ્રી મુકાદમ પણ પંચમહાલની ટુકડી સાથે હતા. અમદાવાદ ભરૂચ, સિંધ અને ખેડાની ટુકડીઓ મળી આ દિવસે મેદાનમાં કુલ ૧૬૨ સૈનિકો ઉતર્યા હતા.

લડત જોવા મુંબઈથી શ્રી. નટરાજન, ભારતસેવા સંઘવાળા શ્રી. દેવધર, મુંબઈની સ્મોલ કોઝ કોર્ટના રિટાયર્ડ જડ્જ શ્રી. હુસેન તૈયબજી બાર-એટ-લૉ અને શ્રી. અમૃતલાલ ઠક્કર મેદાન બહાર ખાનગી જમીનમાં ઉભા હતા. તેમને એક સાર્જન્ટે ત્યાંથી તરત ચાલ્યા જવાનો હુકમ આપ્યો. એટલે શ્રી. હુસેન તૈયબજી વગેરેએ જવાબ આપ્યો કે "અમે કંઈ લડવા નથી આવ્યા, અમે જોવા આવ્યા છીએ, અને ૧૪૪મી કલમનો ભંગ ન થાય એ રીતે ઉભા રહીશું." પણ તેમની આ દલીલની એ સાર્જન્ટ ઉપર કંઈ અસર ન થઈ. તેણે તરત જ દમામથી કહ્યું: "તમે ચાલ્યા જાવ, નહિ તો તમારા જાન જોખમમાં આવશે તો અમે નહિ જાણીએ." એટલે સામેથી શ્રી. હુસેનસાહેબે કહ્યું કે "આ ખાનગી જમીન છે, અને અહીં ઉભા રહેવાનો અમને હક છે." એટલે તરત જ કરડાકી કરી પેલા સાર્જન્ટે કહ્યું, "જાવ છો કે નહિ? એ બધી જમીન અમારી છે. મી. ઠક્કર, ચાલ્યા જાવ, ચાલ્યા જાવ!"

એસોશિયેટેડ પ્રેસના રિપોર્ટરનું પણ એજ રીતે અપમાન કરવામાં આવ્યું. પોતાના દુષ્ટ કૃત્યોની સાચી ખબર બહાર પડે એ સરકારને કેમ ગમે? રિપોર્ટરને કહેવામાં આવ્યું, કે "તમે ખબર ગમે ત્યાંથી મેળવી લેજો, અહીંથી ચાલ્યા જાઓ!'

શ્રી. વામન મુકાદમની ટુકડી થોડે દૂર ગઈ એટલે તેની આસપાસ પોલીસોએ કોર્ડન કરી લીધી. પછી શ્રી. મુકાદમને કેદ કરી લેવાનો દેખાવ કરી તેમને ટુકડીમાંથી ખેંચી લીધા. ટુકડીને પણ ગિરફતાર થયેલી જાહેર કરી કેદના બહાના હેઠળ તેને ત્યાંથી બહાર કાઢી છોડી મૂકવામાં આવી. શ્રી. વામનરાવનું ખૂબ અપમાન કરવામાં આવ્યું, તેમને ફટકારવામાં આવ્યા અને તેમને દરેક રીતે નમાવવાના પ્રયાસ કરવામાં આવ્યા. એ બધી હકીકત શ્રી. વામનરાવના શબ્દોમાં જ એમની કેફિયતમાં વાચક જોઈ શકશે.

શ્રી. વામનરાવની ટુકડી મેદાનમાંથી બહાર આવ્યા પછી તરત જ પાછા અગરો ઉપર ધસારો કરવા ઉપડી. બીજી બાજુથી છાવણીમાંથી સિંધ, ખેડા, અમદાવાદ, પંચમહાલ અને ભરૂચની ટુકડીઓને બીજા અગર ઉપર ધસારો કરવા રવાના કરવામાં આવી. એટલે પોલીસે લાઠી વીંઝવા માંડી અને સૈનિકો ઉપર ઘોડા દોડાવવામાં આવ્યા. બીજી ટુકડીને કોર્ડન કરી ઘેરી લીધી. તેને બેસાડી દેવામાં આવી. અને એકેએક સૈનિકને ઉંચકી, ફટકા મારી બહાર કાઢી મૂકવામાં આવ્યા. અને ત્યાર પછી તેમની ઉપર પણ ઘોડા દોડાવવામાં આવ્યા. કેટલાક સૈનિકોને તો ઓળખી ઓળખીને મારવામાં આવ્યા!

સિંધની ટુકડીના કેપ્ટન શ્રી. મરીવાલાને સારી રીતે ફટકાર્યા. તેઓ આગળ ધસતા હતા, એટલે તેમની ઉપર પોલીસે બધું ઝનૂન ઠાલવ્યું. તેમના ગુહ્ય ભાગ ઉપર તાકી તાકીને પ્રહાર કરવામાં આવ્યા.

પણ આ દિવસની નવીનતા તો એ ઘોડેસવારો લોકો પર ત્રાસ વર્તાવવા માટે ઉંટડી ગામમાં ઘોડા દોડાવી વળ્યા એ હતી. મેદાનમાં નહતો ગયો એવા એક સ્વયંસેવકને સખત ફટકો લગાવ્યો અને ગામના એક માણસને પર માર માર્યો. ગોરા સ્વારે નીચે તરી એક ખૂલ્લા ઘરમાં પેસી જવાનો પ્રયત્ન કર્યો પણ બારણાં તરત બંધ થઈ ગયા એટલે એ દાખલ થઇ શક્યો નહિ.

આટલા હત્યાકાંડ છતાં ગુજરાત પાછી પાની કરવા તૈયાર ન હતું. હિંદુસ્તાનના બીજા ભાગોમાંથી પણ સૈનિકો આવ્યા કરતા. પણ ચોમાસું નજીક આવલું હોવાથી લડાઈ મોકુફ રાખવાનું ઠર્યું. શ્રી નરહરિભાઈની ધરપકડ પછી લડાઈની સરમુખત્યારી શ્રી છગનલાલ જોષીના હાથમાં હતી તેમણે નીચે પ્રમાણેનું જાહેરનામું બહાર પાડ્યું:—

ધરાસણાની અહિંસક લડાઈ હવે એક ચડાઈ કરી હાલ તુરતમાં વર્ષાઋતુ શરૂ થવાની હોવાથી મોકુફ રાખવામાં આવે છે.

ધરાસણા પર બીજી ચડાઈ કરવા માટે અમદાવાદના મિલમાલિક શેઠ શ્રી. રણછોડલાલભાઈએ રણશિંગડું ફૂંક્યું કે તરત જ સારા ગુજરાતમાંથી સેંકડો નવજુવાનો સ્વરાજ્યપ્રાપ્તિ અર્થે પોતાના બલિદાન આપવા ધરાસણાના રણમેદાનમાં ખડા થઈ ગયા છે. ધરાસણાની ચડાઈમાં ગોરા અને દેશી અમલદારો સૈનિકોનાં માથાં લાઠીઓના પ્રહારથી નાળિયેરની માફક ફોડે છે, હાથપગ તોડી નાખે છે, કાંટા અને ટાંકણીઓ ભરી ચોંકાવે છે, નાગા કરી ગુહ્ય ભાગો દાબી કે તે પર લાઠી લગાવી બેભાન કરે છે. ખારા પાણીમાં ડુબાવી, ગળચિયાં મારી મોઢામાં કાદવ અને મીઠાના ડૂચા મારે છે. શરીર પર ઘોડા દોડાવે છે. આ રીતે સરકારી ક્રૂર કૃત્યોનો ભોગ અત્યાર પહેલાં ૧,૨૦૬ જેટલી સંખ્યાના સૈનિકો થયા છે. જોકે લાઠીનો નાનોમોટો ફાળો તો ધરાસણાના ધર્મયુદ્ધમાં ભાગ લેનાર આશરે ૨,૫૦૦ સૈનિકોને નસીબે આવ્યો છે. તેમાંથી ૨૨૯ જેટલી મોટી સંખ્યા તો સરકારની મહેમાન થઈ છે. આ બધું અનુભવ્યા બાદ પણ સૈનિકોનો જુસ્સો તલભાર પણ ઘટ્યો નથી, એટલું જ નહિ પણ સરકારની નફટાઈ અને જંગલી ક્રૂરતાનો અંત લાવવા માટે વધુ ને વધુ સહન કરવા સેંકડો ઘવાયેલા અને બિનઘવાયેલા ગુજરાતના નવજુવાનો તૈયાર થઈ ગયા છે. બલિદાનનો ચેપ સારા ભારતવર્ષમાં વ્યાપ્યો છે. મહારાષ્ટ્ર અને સિંધના કસાયેલા સૈનિકો મેદાનમાં ઉતરીને ગયા. કર્ણાટક અને પંજાબથી સૈનિકો આવી રહ્યા છે. પણ આ બધો જુસ્સો, અને ફના થઈ જવાની જે ધગશ ગુજરાતમાં અને આખા હિન્દુસ્તાનમાં વ્યાપી રહેલી છે, તેનો

પૂરેપૂરો લાભ કુદરતી સંજોગોને કારણે ધરાસણાના રણક્ષેત્ર પર લઈ શકાય એમ ન હોવાથી, હાલતરત તો સરકારે જહાંગીરી ફતવાઓ—ઓર્ડિનંસો—કાઢી ગાંધીજીએ પ્રજા સમક્ષ મૂકેલ જે કાર્યક્રમને તોડી પાડવા પછાડા માર્યા છે એ જ કાર્યક્રમને જાનને જોખમે પણ જલદીથી પાર પાડવામાં દેશના સૈનિકોએ કટિબદ્ધ થઈ ખપી જવું જોઈએ. તેથી ધરાસણાના યુદ્ધમાં ઘવાયેલા અને બિનઘવાયેલા સૈનિકો તેમજ ધરાસણા તરફ કૂચ કરવા માટે સંકલ્પ કરીને બેઠેલા સૈનિકો હવે ઘેર બેસવાને બદલે ગાંધીજી અને તેમના સંઘે કૂચ કરતા પહેલાં આઝાદી ઘેર ન આવે ત્યાં સુધી ઘર કે આશ્રમ સામું ન જોવાનો સંકલ્પ કર્યો હતો તેમ દેશનાં ગામેગામડે વહેંચાઈ જાય અને ગામેગામડે ધરાસણા પેદા કરે, એટલે કે મીઠાની લડતને જ્યાં જ્યાં અનુકૂળ હોય ત્યાં ચાલુ રાખે તે ઉપરાંત બીજા અન્યાયી કાયદાઓના સવિનય ભંગ કરવાનું અને તેમ કરતાં કરતાં જેલ, મારપીટ કે ગોળી સહન કરવાનું ક્ષેત્ર ઊભું કર્યા વિના જંપે નહિ.

સત્યાગ્રહ છાવણી અને હોસ્પિટલના માંડવાઓ જમીનદોસ્ત થયા, છાવણીની જમીનો ખાલસા થઈ, ગામડિયા ઉપર કેર વર્તાવવા ગામડાંમાં લશ્કર ફેરવ્યાં, ઊંટડીમાં ગોરા સિપાઈઓએ ઘોડા ખૂંદ્યાં અને રસ્તે ચાલતા પર પણ લાઠીઓ ફેરવી હોસ્પિટલ પાસે ઊભા રહેનારને લાઠીના પ્રહારથી બેભાન કર્યા. છતાં ધરાસણાનાં આસપાસનાં ગામડાં અને શહેરોની પ્રજાના સાથ અને સહકાર લેશમાત્ર ઘટવાને બદલે વધે જ જાય છે: તેથી જ ચારસોચારસો સૈનિકોના રસોડાં અને સેંકડો સજ્જડ ઘવાયેલા સૈનિકોની ઈસ્પિતાલ કોઈ પણ લશ્કરી છાવણીને ટક્કર મારે એવી રીતે ચાલી રહ્યાં છે. ખેડૂતોએ, વેપારીઓએ, ડૉક્ટરોએ, બહેનોએ, ટૂંકામાં પ્રજાના આમવર્ગે લડત ટકાવી રાખવા જે હિંમત બતાવી છે અને કીમતી સહાય કરી છે તેની નોંધ સ્વાતંત્ર્યના ઈતિહાસમાં સોનેરી અક્ષરે લેવાયા વિના નહિ રહે.

ધરાસણાની ચડાઈમાં ગુજરાતે દુનિયાને પણ છક કરી નાંખે તેવો ફાળો આપ્યો છે. અને આ લડતમાં મહારાષ્ટ્ર તથા સિંધના

જે બહાદુર સેવકોએ ઝંપલાવી લડતને દીપાવી છે તે માટે હમેશને સારૂ હિંદ માતા મગરૂર રહેશે.

તા. છઠ્ઠી જુનને શુક્રવારે આ લડાઈનો છેવટનો હલ્લો લઇ જવામાં આવ્યો. 'વંદેમાતરમ્' ગવાયા પછી ૧૫૪ સૈનિકો કેસરિયાં કરવાના ઉત્સાહથી સવારે સાત વાગે જમા થયેલી ઉંટડી છાવણીની જમીનમાંથી મીઠાના ઢગલાઓ તરફ ઉપડયા. પા કલાકમાં જ પોલીસ ચોકી આગળ બધા આવી લાગ્યા એટલે સામે લાઠીવાળાઓ ગોઠવાઇ ગયા અને બ્યૂગલ ફુંકાતાં બીજા અમલદારો તથા સિપાઇઓ આવી લાગ્યા. એ ત્રણ સૈનિકો આગળ ધસવાનો પ્રયત્ન કરતા હતા તેમને મારીને, ગબડાવીને રોકયા. આગળ વધી શકાય એમ નહોતું એટલે સહેલાઇથી વિખેરાઇ ન જવાય એ હેતુથી બધા બેસી ગયા. ઇસ્માઇલ દેસાઇ ગાળો દેતા મેદાનમાં પોલીસોને સૂચનાઓ આપતા ફરતા હતા, કોને ખાસ મારવા તેની ઓળખાણ પોલીસોને આપતા હતા. થોડીવારમાં સૂચના મળી કે હવે લાઠીઓ અને ઘોડાઓ છૂટશે એટલે જેને જવું હોય તે ચાલ્યા જાય. આ સાંભળી ૨૬ સૈનિકો ઉઠીને ચાલ્યા ગયા. એ બધા નાહિંમત હતા એમ કોઇ ન માને. મનમાં ખૂબ હિંમત રાખી સૈનિકો મેદાન સુધી પહોંચે પણ સામે રાક્ષસ જેવા સ્વરૂપો લાઠીઓ લઈને ઉભા એ જોઇને જરૂર પાછા હઠવાનું મન થાય. એ દેખાવ કંઇ સામાન્ય નથી હોતો. તોપણ ઇશ્વર કૃપાથી ઘણા હિંમત રાખી રોજ બેસતા તેમ છેલ્લે દિવસે પણ બેઠા રહ્યા.

તરત જ લાઠી લીલા શરૂ થઇ ગઈ. બેઠેલા સૈનિકો મારથી નીચે ઢળી પડવા લાગ્યા. કેટલાક થોડા પ્રહારો વેઠીને ઉઠી જતા. મારનું વર્ણન વારંવાર કરવું એ પણ મુશ્કેલ છે, બાકી છેલ્લા દિવસનો માર કંઈ બીજા દિવસો કરતાં ઉતરે એવો નહતો. ઉલટું, આજે એમના હાથમાં તો છેલ્લો ભોગ હતો એટલે કેટલાક અકરાંતિયા મારાઓ તો પેટ ભરી ભરીને મારી લેતા. કેટલાક તો જૂની ઓળખાણ કાઢીને મારતા. કેટલાક સૈનિકો ઘણા દિવસ થયાં ઉંટડીમાં વ્યવસ્થા માટે રોકાયા હતા તેમને તો ખાસ નજરમાં રાખીને

માર મારવામાં આવ્યો. માર મારતાં થાકે એટલે હાથ કે પગ પકડીને મૂએલાં ઢોરની જેમ સૈનિકોને ઘસડે.

અર્ધા કલાકની અંદર તો એમણે પોતાનું કામ પૂરૂં કર્યું. મેદાનમાં અર્ધોએક ફર્લોંગ ઘસડાયા પછી પોણોસો સૈનિકો માર ખાઇને પડ્યા હતા. સારવાર કરનારા સ્વયંસેવકો તેમને ડોળીઓમાં ઉપાડી ઉંટડીની ઇસ્પિતાલમાં લઇ ગયા. આ બધા દૃષ્યના સાક્ષી લડતમાં નહોતા પડ્યા એવા શ્રી. મુકુંદ માલવિયા તથા રાજેન્દ્ર દલાલ પણ હતા. સૈનિકોને તરત વલસાડ લઇ જવામાં આવ્યા. ત્યાંથી કેટલાકને તો ૪ દિવસ સુધી બીજે ખસેડી ન શકાયા.

ધરાસણાનો સબરસ સંગ્રામ ચોમાસું નજીક આવેલું હોવાથી તા. ૬–૬–૩૦ને રોજ છેલ્લી ચડાઇ પછી મોકુફ રહ્યો. ધરાસણામાં સરકારે જે અત્યાચાર અને હત્યાકાંડ ચલાવ્યો છે એ તો આ સરકાર કેટલી હદ સુધી જવા તૈયાર છે એની એક ઝાંખી જ છે. અહીં જે રીતે સત્યાગ્રહી સૈનિકો પર જુલમ ચલાવી પ્રજાને ડારી દઇ તેમનો જુસ્સો તોડી પાડવાનો પ્રયત્ન સરકાર તરફથી થયો છે તેજ જાતનો પ્રયત્ન આખા દેશમાં થવાનો છે. એની પ્રસ્તાવના જ માત્ર ધરાસણામાં થઇ છે. જેલનો ડર પ્રજામાંથી સદંતર નીકળી ગયો છે અને જેલ જવું એ તો બાળકની રમત જેવું થઇ પડ્યું છે એટલે સરકારે લાઠીનો વધારે ઉગ્ર ઉપાય ધરાસણામાં અજમાવ્યો. ગુજરાતના સૈનિકોએ લાઠીનો ભય કાઢી નાંખી એ શસ્ત્રને પણ નકામું કરવા માંડ્યું છે. જ્યારે આખા દેશમાં લાઠીનો ડર નીકળી જાય અને ફૂલની જેમ લાઠીનો વરસાદ સહન કરવા પ્રજા તૈયાર થઈ જાય ત્યારે લાઠી પણ નકામી થઈ જશે. ધરાસણાએ એ વસ્તુની શરૂઆત કરી દીધી છે, ૧૨૦૦ ઉપર સૈનિકોએ અહ લાઠીના ઘા ઝીલ્યા છે. ધરાસણાના મીઠાના ડગલાઓમાંથી ચપટી પણ મીઠું નથી મળ્યું એ હકીકતને જો કોઈ આ લડતની હાર માનતા હોય તો આપણા સત્યાગ્રહનું સાચું સ્વરૂપ એ સમજ્યા નથી. આપણે ઇચ્છ્યુ હોત તો ખુલ્લા અગરોમાંથી ઘણુંયે મીઠું ઉપાડી શક્યા હોત પણ આપણો હેતુ જુદો હતો. પૂર્ણ

સ્વરાજના આખા યુદ્ધનો ધરાસણા એ તો એક વિભાગ જ છે. સરકાર પોતાના બધાં શસ્ત્રો અહીં અજમાવી ચૂકે અને એ રીતે એની લોહી પીવાની ઇચ્છા તૃપ્ત થાય અને પ્રજા એ બધું અહિંસાત્મક રહીને સહન કરી લે તો સરકારનો હૃદયપલટો થાય એ આ લડાઇનો મૂળ હેતુ છે. મીઠું મેળવવું હતું તો ઘણી જગ્યાએ લોકો સહેલાઇથી મેળવી શકતા હતા. ધરાસણાની જીત તો પ્રજાની અપૂર્વ અહિંસામાં રહેલ છે. ગમે તેવાને પણ જોઇને કમકમાટી ઉપજે એવા અત્યાચારો સૈનિકોએ હસતે મોંઢે આંગળી પણ સામી ઉપાડયા વિના વેઠયા છે એ વાતની કિંમત કોઇ ઓછી ન આંકે. એની અસર પ્રજા અને સરકાર પર ઓછી થઇ નથી. પ્રજામાં ભારે હિંમત આવી છે. આ સરકાર માટેનું જે થોડાઘણાને માન હતું ને તદ્દન ઉતરી ગયું છે. સરકારનું અસલ સ્વરૂપ પ્રજાએ ચોખ્ખી રીતે જોઇ લીધું છે. અને પ્રજાનો જે ભાગ આજે સરકારનો કંઇ વિરોધ નથી કરતો તે પોતાની નબળાઇને લીધે જ એમ પણ એમને પોતાને ખાત્રી થઇ છે.

સરકારનો હૃદય પલટો બહુ સહેલાઇથી થઇ શકે એમ તો કોઇ માનતું જ ન હોય. આખા દેશનું સ્વાતંત્ર્ય મેળવવાની લડત થોડા દિવસમાં અને થોડા ભોગે પૂરી થાય એમ પણ કોઇ આશા ન રાખતું હોય, છતાં પણ સરકારને વળગી રહેલા લોકોનાં હૃદયનો જે થોડો ઘણો પણ ખ્યાલ આવ્યો છે તે પરથી કહી શકાય છે કે એમનાં હૃદય પીગળવા માંડયાં છે. ધરાસણામાં પોલીસના માણસો આ જાતના અત્યાચાર કરીને એટલા દુઃખી થયા છે કે એમાંના ઘણાખરા તો બનતાં સુધી મારવાનું નાપસંદ કરતા, અમલદારોને બતાવવા ખાતર જ્યારે મારતા ત્યારે ધીમેથી મારતા. કેટલાક બદમાશો ખૂબ માર મારતા એ વાત સાચી છે. અમલદારોને જાતે માર મારવો પડે છે એ સ્થિતિ આવી એ શું બતાવે છે? એટલું જ કે અમલદારો ન મારે તો સામાન્ય સિપાઇ પણ લાકડી ન ઉપાડે. આ સ્થિતિ ધરાસણામાં છૂટે હાથે અપાયેલા બલિદાનને લીધે આવી છે.

ધરાસણાનાં આશાજનક પરિણામો તો આજે આખો દેશ અનુભવે છે. ધરાસણાના પાઠો પણ પ્રજાએ બરાબર શીખી લીધા છે. સરકાર ઠેરઠેર ધરાસણા કરવાની ધમકી આપે છે; પ્રજાની મુરાદ પણ ધરાસણા કરતાં વધારે હીચકારા હત્યાકાંડ અહિંસક અને અડગ રહીને સહન કરવાની છે કેમકે એને ખાત્રી થઈ કે એમાં જ પુર્ણસ્વરાજ સમાયેલું છે, એ રીતે જ આ "સેતાની" સરકાર પોતાનો આપઘાત કરશે, એ રીતે જ અગ્નિપરીક્ષામાંથી પસાર થઈ પ્રજા વિજયવંત અને તેજસ્વી થઈ બહાર આવશે. ઈશ્વર આપણને અહિંસક અને મક્કમ રહીને સ્વતંત્રતાને ખાતર દુઃખ વેઠવાની શક્તિ આપો.

વંદે માતરમ્

ધરાસણાના અત્યાચારો વિષે સ્વતંત્ર અભિપ્રાયો

શ્રી. મીરાંબહેને (મીસ સ્લેઈડ) ધરાસણાના અત્યાચારો સંબંધી 'યંગ ઇંડિયા'માં લખેલો લેખ:

'પોલીસનું નમૂનેદાર વર્તન'

આ દિવસોમાં જ્યારે વ્હાઈટહોલ અને સિમલાના અધિકારીઓ પોલીસના વર્તનના વખાણ કરતાં કદી થાકતા જ નથી ત્યારે મને વિચાર આવ્યો કે આ નમૂનેદાર વર્તનની ધરાસણાના સત્યાગ્રહીઓ પર શી અસર થવા પામી છે તે જાતે જઇને જોઉં તો ખરી.

૬ઠ્ઠીએ મધ્યાને હું વલસાડ પહોંચી. એ જ વખતે તે દિવસની સવારના 'ધાડ'માં ઘાયલ થયેલાઓને ત્યાં લાવવામાં આવતા હતા. તેમાંના ઘણાને સ્ટ્રેચર પર સુવાડેલા હતા, અને બીજા મોટરથી ઇસપિતાલ સુધી માંડ ચાલીને જતા હતા.

'આજે માર અને રિબામણ સૌથી વધારે નિર્દય છે એમ ડોકટરો અને સ્વયંસેવકોએ ખબર આપી. સત્યાગ્રહીઓને વધારે નજીકથી જોવા માટે અને ડાકટર પાસેથી તેમના ઘાની નોંધ મેળવવા માટે હું ઘાયલોના ઓરડાઓમાં ફરી વળી.

આ વીર પુરૂષો, જેઓ થોડા જ કલાક પહેલાં તદ્દન નિ:શસ્ત્ર સ્થિતિમાં અહિંસાની પ્રતિજ્ઞા લઇને નીકળેલા તેઓ અત્યારે મારી સામે પગથી માથા સુધી છૂંદાયેલા અને ઘવાયેલા પડ્યા હતા, એ જોઇને મારી ચામડી ખરેખર કંપવા લાગી અને મને રોમાંચ આવવા લાગ્યાં.

એક જુવાનને ખભા પર અને કમરના ભાગમાં એટલું વાગ્યું હતું કે તેનાથી ચત્તા સૂવાતું નહોતું. વળી એના હાથ અને પાસાંને પણ એટલી ઇજા થઇ હતી કે આરામ માટે એનાથી પાસું પણ બદલાય એમ રહ્યું નહોતું. બીજા એકની છાતી સારી પેઠે છૂંદાયેલી હોવાથી તેનાથી પૂરો શ્વાસ લેવાતો નહોતો. પાસે જ એક ઊંચો, મજબૂત બાંધાનો મુસલમાન અતિશય લાચાર હાલતમાં પડયો હતો.

'એને કેટલું વાગ્યું છે ?' મેં પૂછ્યું.

'એને પેટ, પીઠ અને જમણા પગ પર ભયંકર માર પડયો છે. એનાં બંને વૃષણ પોલીસે ખૂબ દબાવવાથી સૂજી ગયાં છે.'

અમે ઉપલે માળે ગયાં. અહીં સુસવાટ સાથે શ્વાસોચ્છ્વાસ ચાલી રહ્યો હતો અને વચ્ચેવચ્ચે હૃદયભેદક ચીસો પડતી હતી તે તરફ મારું ધ્યાન ખેંચાયું. એક જુવાન ભારે વેદના ભોગવી રહ્યો હતો. તે વારંવાર પેટ પકડતો હતો, અને જાણે દર્દથી ગાંડો થઇ જવાનો ન હોય એવી રીતે થોડેથોડે આંતરે એકદમ બેઠો થઇ જતો હતો.


'એને સીધો પેટ પર કારી ઘા લાગ્યો છે, અને એને લોહીની ઊલટી થયા કરે છે. એનાં પણ વૃષણ ખૂબ દબાવવામાં આવ્યાં છે, એટલે એના જ્ઞાનતંતુઓ પર બહુ જ માઠી અસર થઇ છે.'

પેલા લોકો બરફ લાવીને એને માથે અને ઘાવાળી જગાઓ પર ઘસવા લાગ્યા, એટલે એને ધીમેધીમે શાતા વળવા લાગી.

અહીંથી અમે બીજી ઇસ્પિતાલે ગયાં, ત્યાં તો બીજા કેટલાયે ઘાયલ થયેલા પડ્યા હતા.

જેની જેની સાથે મેં વાત કરી તે સૌએ રાક્ષસી માર, રિબામણી, ધક્કામુક્કી અને ઘસડામણનાં એક જ જાતનાં વર્ણન આપ્યાં, અને પોલીસો તથા તેમના હિંદી અને અંગ્રેજ ઉપરીઓએ નઠારાં અને ન બોલાય એવાં બીભત્સ વચનોનો જે વરસાદ વરસાવ્યો હતો એને વિષે આ બધા માણસો અતિશય ત્રાસ અને ઉકળાટથી બોલતા હતા.

ધરાસણામાં સરકારી પાશવલીલા



૨૧ મીએ ઘવાઈને મેદાનમાં પડેલા સેંકડો સૈનિકો

૫. માણસ બેભાન થાય ત્યાં સુધી તેનાં વૃષણ દબાવીને ખેંચવાં.

૬. ઘવાયેલા માણસોને ઘસડવા, અને ઘણીવાર ઘસડતાં-ઘસડતાં માર મારવો.

૭. ઘવાયેલાઓને કાંટાની વાડમાં કે મીઠાના પાણીમાં નાખી દેવા.

૮. માણસો જમીન પર પડ્યા હોય કે બેઠા હોય ત્યાં તેમના પર ઘોડા ચલાવવા.

૯. માણસોનાં શરીરમાં, કેટલીકવાર તો તેઓ બેભાન હોય ત્યારે, ટાંકણીઓ અને કાંટા ભોંકવા.

૧૦. માણસો બેભાન થઈ ગયા પછી તેમને મારવા.

અને બીજી અનેક જંગલી વસ્તુઓ જેનો ગણતા પાર પણ ન આવે. ઉપરાંતમાં સત્યગ્રહીઓની પવિત્રમાં પવિત્ર લાગણીઓ જેટલી દુખવાય એટલી દુખવે એવાં બીભત્સ વચનો અને ગાળો.

આ આખી ઘટના એટલી રાક્ષસી, ઠંડે પેટે કરેલી અને ગેરવાજબી છે કે એનો જોટો જગતની પ્રજાઓના ઇતિહાસમા ક્યાંયે મળે એમ નથી.

બ્રિટિશ રાજ્યનું ખરૂં સ્વરૂપ હિંદુસ્તાન હવે સમજી ગયું છે, અને એ સમજની સાથે જ એ રાજ્યનો વિનાશ લખાઇ ચૂક્યો છે.

મીરાં

પૂ. કસ્તુરબાએ વલસાડ અને ઉંટડીની ઇસ્પિતાલમા ઘવાએલાઓના કરૂણ દશ્યો નજરે જોયા ત્યારે એમનું દય હલમલી ઉઠયું હતું. એમણે છાપાના પ્રતિનિધિને મુલાકાત આપતાં અતિ કરૂણ શબ્દોમાં પોતાના મનની સ્થિતિ વર્ણવી હતીઃ—

"ઘાયલ થએલા સનિકોને જોવા અને આશ્વાસન આપવા આજે મેં વલસાડ ઇસ્પિતાલની મુલાકાત લીધી અને બિછાના પર પડેલા એ ભાઇઓના મલમપટ્ટા અને પાટાઓનો કરૂણ ચિતાર જોઈ મારૂં હૃદય ઘવાયું—રોયું. પોલીસે એમના ઉપર જે જુલમ વર્તાવ્યો તે સાંભળીને કમકમાટી વિછૂટી. આ બધાનો હિસાબ તો એક દિવસ પરમેશ્વર લેશે, પરંતુ મારે એટલું કહેવું જોઇએ કે મને દુઃખ તો થયું છતાં પણ આવી અવર્ણનીય વેદના સહન કરવા છતાં એ

યુવાનોએ જે દેશભક્તિ, વીરતા અને ઉત્સાહ દાખવ્યાં હતાં તે જોઈ મારૂ દીલ હર્ષથી ઉભરાયું. સત્યને માટે આવા બલિદાનનું દષ્ટાંત તો ઇતિહાસમાં હરિશ્ચંદ્ર એકલાનુંજ મળે છે.

ચારે બાજુએથી આવા જૂલ્મોની કહાણીઓ આવે જાય છે. તેમાં સર્વ કોઇ એકમેકને સહાય અને સાથ દે તોજ આપણા કાર્યની સફળતા થાય. આટલા બધા ડાકટરો અને બ્હેનો માંદાની સારવાર કરે છે એથી મને બહુજ આનંદ થયો.

મને આશા છે કે મારા જે દેશભાંડુઓ ધરાસણાની કરૂણ કહાણી સાંભળશે તે વાઇસરૉયના નવા કાળા કાયદાઓનો સામનો કરવા બમણા ઉત્સાહથી કર ન ભરવાની હીલચાલ ઉપાડશે તેમજ દારૂનિષેધ, અને પરદેશી કાપડના બહિષ્કારની પ્રવૃત્તિ ચાલુ રાખશે. જે થવાનું હોય તે થાય પરંતુ હું તો મારી પ્રવૃત્તિ ગમે તેવા જુલ્મ સામે પણ ચાલુ રાખનાર છું; કારણ કે ધરાસણા જોયા પછી તો વધારે ને વધારે ખાત્રી થાય છે કે આ સરકારનો અંત આણેજ છૂટકો.

ડૉ. ભાસ્કર પટેલ એમ. ડી. નું

૧લી જુનનું બુલેટીન

વલસાડ ખાતેની કોંગ્રેસ ઇસ્પિતાલવાળા ડૉ. ભાસ્કરરાવ પટેલ એમ. ડી. ઇસ્પિતાલને લગતા તા. ૧ લી જુનનાં બુલેટીનમાં જણાવે છે કે બપોરના ૨ વાગે સૌથી પહેલો ૨૩ ઘાયલ વોલંટીઅરોનો જથ્થો ઇસ્પિતાલમાં આવ્યો ત્યારથી આ બુલેટીન લખતાં સુધીમાં એમ્બ્યુલન્સકારો અને સ્ટ્રેચરમાં નાખીને વોલંટિયરો આવ્યાજ કરે છે. મને એવા ખબર આપવામાં આવ્યા છે કે ૩૦ કરતાં વધુ વોલંટિયરો સખ્ત ઇજા પામેલા ઉંટડીના કેમ્પમાં પડેલા છે. અત્યાર સુધીમાં ૬૦ ને ઇસ્પિતાલમાં દાખલ કરવામાં આવ્યા છે. એકની ગોળી સુજી ગયલી છે તે દરદીને ઘણું દરદ થાય છે. કેટલાકની ઉપરથી ઘોડાઓ કુદાવવામાં આવ્યા છે. જ્યારે કેટલાકને ઘોડેસ્વારોના લાઠીના ફટકા પડયા છે. અને કેટલાકો પેટમાં મુક્કાના અને બીજા

મારથી થતાં દરદની ફરિયાદ કરે છે. કેટલાકને શરીરના જુદા જુદા ભાગ પર ઉઝરડા પડયા હતા. કારણ કે તેઓને ઘસડવામાં આવ્યા હતા. કેટલાકના અંગમાં કાંટા ભોંકાવાથી દરદ થાય છે.

ડૉ. ભાસ્કર પટેલ, એમ. ડી. નો અભિપ્રાય

મુંબઇથી અહીં છાવણીની ઇસ્પિતાલનો ચાર્જ લેવા આવેલા ડૉ. ભાસ્કરરાવ પટેલ એમ. ડી. એ આજના પોલીસ હુમલા વિષે મુલાકાત આપતાં જણાવ્યું કે જ્યારે એઓ ૧૨ વાગે અહીં આવ્યા ત્યારે ઉંટડીથી ઇજા પામેલા સ્વયંસેવકોનો દરોડો જોઇ તેઓ આશ્ચર્ય પામ્યા હતા. ૩૦ થી વધારે સ્વયંસેવકોપર ઘોડા દોડાવવામાં આવ્યા હતા. અને અત્યાર સુધીમાં ૯૦ સ્વયંસેવકોની હાડકું ભાંગી જવા માટે અને હાડકું ખસી જવા માટે સારવાર કરી હતી.

ડા. ભાસ્કર પટેલ, એમ. ડી. એમની યાદી.

ઘોડા દોડાવાયા હતા કે નહિ ?

ડેલી મેલના સ્કરૂટેટરની કોલમમાં ધરાસણામાં સત્યાગ્રહીઓ પર ઘોડા દોડાવવાની વાતનો મી૦ ગેરેટ જે ઇન્કાર કરે છે, તે સંબંધમાં ફ્રી પ્રેસ ઓફ ઇન્ડિયાના પ્રતિનિધિએ સત્યાગ્રહ ઇસ્પિતાલના ચીફ મેડીકલ ઓફીસર મી૦ ભાસ્કરરાવ પટેલ એમ. ડી. તેમજ અમદાવાદવાળા ડૉ. ભોગીલાલ પી. શાહ જેમણે રેડક્રોસ ટોળીઓની સાથે જઇ ધરાસણાથી ઘાયલ થયેલાઓને વલસાડ આણ્યા હતા, તેમની મુલાકાત લીધી હતી. તેઓ જણાવે છે કે તા૦ ૩૧ મી મે અને ૧ લી અને ૩ જી જુનને દીને વોલંટિયરો પર લાઠી-વાળા ઘોડેસ્વારો છોડી દેવામાં આવ્યા હતા. કેટલાક વોલંટિયરો ઘોડાના પગ નીચે કચરાયા હતા, અને તેમને જ્યારે ઇસ્પિતાલમાં દાખલ કરવામાં આવ્યા ત્યારે તેમનાં બદન પર ઘોડાનાં ડાબ-લાઓની સ્પષ્ટ નિશાનીઓ હતી. ડો૦ ભોગીલાલ જ્યારે આ બનાવ બન્યો ત્યારે ધરાસણા હતા. તેમણે જોયું કે સ્વયંસેવકો ઉપર ઘોડા દોડાવવામાં આવ્યા હતા, અને ઘોડેસ્વારો તેમને દયાહીન રીતે મારતા હતા. ઇસ્પિતાલમાં દરદીઓની ઇજાનો બરાબર રેકર્ડ રાખવામાં આવ્યો છે, અને તે ઉપરથી કહી શકાય છે કે ૧૦

વોલંટિયરોને ઘોડાઓથી સખત ઈજા થઈ છે, જ્યારે બીજાઓને વત્તીઓછી ઇજા થઇ છે. બીજા કેટલાક દાખલામાં વોલંટિયરોને સખત રીતે અને ઘાતકીપણે મારવામાં આવ્યા .છે. અને કેટલાક દાખલામાં તો છાતી, પેટ અને શરીરના ગુપ્ત ભાગને પણ ઇજા કરવામાં આવી છે.

શ્રી૦ ભુલાભાઇ દેસાઇની યાદી

મુંબઇના જાણીતા ધારાશાસ્ત્રી મી૦ ભુલાભાઇ જે. દેસાઇ સત્યાગ્રહીઓને જે ઇસ્પિતાલોમાં રાખવામાં આવ્યા છે તે સઘળાની મુલાકાત લઇ છાપા જોગ યાદી બહાર પાડતા જણાવે છે કે—"હું ગઇ કાલે વલસાડ આવ્યો અને દરેકેદરેક ઇસ્પિતાલની મુલાકાત લઇ આવ્યો. ઘાયલ થએલા સત્યાગ્રહીઓને લોકો આ વખતે અજબ લાગણીથી મદદ કરી રહ્યા છે. ઇસ્પિતાલની વ્યવસ્થા ઘણી જ સુંદર છે. ધરાસણાથી ઘાયલ થએલાઓને લાવવાથી માંડીને તેમની ઇસ્પિતાલમાં સારવાર કરવા સુધીનું કામ ઘણી જ સુંદર રીતે થાય છે. ઇસ્પિતાલના ડોકટરો દિવસ અને રાત મહેનત કરે છે, અને ઘાયલ થએલાઓની સારવાર સગવડ માટે સારામાં સારી કાળજી રાખવામાં આવે:છે. ઘાયલ થએલાઓને થયેલી ઇજાઓ જાતજાતની હતી. તેમને દયાહીન રીતે મારવામાં આવ્યા હતા એ દેખાઇ આવે છે, અને પોલીસ જાણે ઝાડવાને ઝુડતી હોય એ રીતે સ્વયંસેવકોના દરેક ભાગને તેમણે ઝુડયા છે. માર મારનારાઓએ પગથી માથા સુધી શરીરનો એક પણ ભાગ રહેવા દીધો નથી આ જાતની વોલંટિયરો તરફની વર્તણુંક ખચીત અમાનુષી છે, આવી જાતના મારના ભોગ થઇ પડેલા દરેક ઇસ્પિતાલમાં મેં લગભગ પંદર યુવાનો જોયા હતા. તેઓ આ બધું આનંદથી અને શ્રદ્ધાથી સહન કરતા હતા. કચ્છના એક વેપારી જેમને માર પડયો હતો, અને જેમની ઉમર આધેડ હતી તે તો પાછા હુમલામાં ભાગ લેવા તૈયાર હતા. હાથમાં ગીતા સાથે એ બોલ્યા હતા કે "બાપુજી માટે હું વધારે શું કરી શકું ?" વલસાડે ખરેખર આ પ્રસંગે મરદાનગીથી સ્વયંસેવકો પ્રત્યેની ફરજ બજાવી છે, અને સ્વદેશી

અને પરદેશી કાપડના બાયકોટની ચળવળ એ ગામમાં જોસભેર ચાલી રહી છે.

ગુજરાતના રીઢા સમાજસેવક શ્રી. અમૃતલાલ ઠક્કરે તા. ૧ લી જુને છાપાના પ્રતિનિધિને આપેલી મુલાકાતમાં જણાવ્યું હતુ:

આ લડત સુધરેલી સરકાર સાથે સત્યાગ્રહીઓની નથી પણ સંપુર્ણ અહિંસાત્મક સંગ્રામ ખેલનારાઓ પર પશુબળનો ઉપયોગ કરનાર સરકાર સાથે છે, ૧૬૫ સત્યાગ્રહીઓમાંથી ૧૧૧ સત્યાગ્રહીઓ ઘવાયા એ ખરેખર ગંભીર ખુવારી ગણાય. બ્રિટિશ સરકાર આવી ગંદી અને અસમાન લડત કયાં સુધી ચલાવશે એ કોણ કહી શકે? હું કેટલાક સ્વયંસેવકોને ઇસ્પિતાલમાં મળ્યો જેમને ઘોડાઓની ખરીઓ તળે દાબવામાં આવ્યા હતા, તેમના માથાપર અને શરીરના બીજા અવયવો પર પડેલા લોહીના ફટકાની તો ગણતરીજ કરતો નથી. આ દશ્યે મને મેસોપોટેમિયાથી આવતા ઇજા પામેલા ૧૯૨૭-૨૮ ના હિંદી સિપાઇઓની યાદ આપી. ફક્ત તેમાં આટલોજ તફાવત હતો કે કોઇપણ સત્યાગ્રહી સિપાઇએ એક લાકડી પણ ઉગામી નથી. પ્રત્યેક યુવક અને પ્રૌઢને આ ધરાસણાની અહિંસાત્મક લડતમાં જયાં સુધી સરકાર હિંસા કરી આપ મેળેજ થાકે નહિ ત્યાં સુધી લડત ચાલુ રાખવા અને તેમાં જોડાવા હું આગ્રહ કરૂં છું.

મુંબઇની સ્મોલ કોઝ કોર્ટના માજી ન્યાયાધીશ શ્રી. હુસેન બ. તૈયબજી તા. ૩ જી ના હુમલા વેળા જાતે ધરાસણા આવ્યા હતા. એમણે પોતાની નજરે જે દશ્યો જોયાં હતાં તેનું વર્ણન આપતા જણાવે છે કે:—

હીંદમાં ઠામોઠામ ફેલાયલા અસંતોષને પરિણામે ઉભી થયેલી સવિનય ભંગની હીલચાલને પુગી વળવા સરકાર કેવાં પગલાં લેતી હતી તે સંબંધી મેં ઘણુંક વાંચ્યું હતું.

સરકાર સન્મુખ એક નવા પ્રકારનો બળવો ઉભો થયો હતો. જો તે નિખાલસ સરકાર હોત તો લોકોના આદર્શોને પારખી શકી હોત. પણ સરકાર આ કામ માટેની નહિ પણ ફક્ત રાજકારોબાર ચલાવવા માટેની હોવાથી તેની નેમ પ્રજાકીય લડત કચડી નાંખવાની

હતી. કાયદો જાળવી રાખવા માટે કાયદાનો કાંઈક ભંગ ચલાવી લેવાય પણ પ્રજા તરફથી જે વર્તણુંકની સરકાર આશા રાખે તેવી વર્તણુંક તેને પણ દેખાડવી જોઇએ. પણ આપણે જોઇએ છીએ કે પ્રજાકીય લડત કચડી નાખવા માટે સરકાર દીવસે દીવસે કાયદાનું ઉલ્લંઘન કરતી ગઇ હતી. સઘળા ભાષણો, જાહેર પુરૂષોના કથનો અને ખબરો પરથી હેવાનયતપણું માલમ પડી આવતું હતું.

એક જાણીતા ગૃહસ્થે મને જણાવ્યું હતું કે તેઓ પણ ધરાસણાની ધાડ જોવા ગયા હતા અને દુરથી ઉભા હતા છતાં એક યુરોપીઅન અમલદાર તેઓ સામે ઘોડો દોડાવી લાવ્યો હતો અને તેથી નાસીને એક ઝાડીમાં ભરાઇ જવાથી તેમનો સહેજે બચાવ થયો હતો.

ત્યારબાદ કેટલાક જાણીતા ગૃહસ્થેએ સર પુરૂષોત્તમદાસ, શ્રી. વાલચંદ હીરાચંદ અને મી. નટરાજન સાથે ધરાસણા જવાનું આમંત્રણ દીધું મેં તે કબુલ્યું હતું પણ હું દિલગીર છું કે સર પુરૂષોત્તમદાસ અને મી. વાલચંદ હીરાચંદ નાદુરસ્ત તબિયતને સબબે આવી શકયા હતા નહિ.

સત્યાગ્રહ છાવણીનો આગથી નાશ થયેલો છે અને મણીબહેન પટેલની આગેવાની હેઠળ અમોએ વોલટિયરોની ટુકડીને જોઇ હતી

અમો તેઓની પુંઠે ગયા હતા.

ત્યારબાદ મી. જુવેલ બીજા ૨ અમલદારો સાથે આગ પહોંચ્યા હતા અને હું કોણ હતો તે પુછયું. મેં મારૂં નામ નિશાન આપ્યું હતું.

મી. જુવેલે મને જણાવ્યું હતું કે આ ધાસ્તીભરી જગા હોવાથી મારે ઘણા દૂર ચાલ્યા જવું.

તેના જણાવવા ઉપરથી હું સમજ્યો હતો કે મને માર પડશે અને ઉંટડી જવાથી હું સલામત રહીશ.

મને ખબર પડી હતી કે સત્યાગ્રહીઓની પહેલી ટુકડીને પકડવામાં આવી હતી અને ત્યારબાદ તેના આગેવાન શ્રીયુત વામન મુકાદમ સિવાય સઘળાઓને છોડી મુકવામાં આવ્યા હતા.

શ્રીયુત વામનને સત્યાગ્રહી વોલંટિયરો સ્ટ્રેચર ઉપર ઇસ્પતાલમાં લાવ્યા હતા જ્યાં મેં તેઓની મુલાકાત લીધી હતી.

શ્રીયુત વામને મને જણાવ્યું હતું કે તેઓને ગંભીર માર મારવામાં આવ્યો હતો અને અનેક રીતે હેરાન કરવામાં આવ્યા હતા.

આ પછી તરતજ અમોએ બ્યુગલના અવાજો સાંભળ્યા હતા અને ૨ ઘોડેસ્વારો હાથમાં લાકડીઓ સાથ ગામડાના લોકોને ધમકી આપતા ધસી આવ્યા હતા અને ઓટલા ઉપર ઉભેલું લોક પણ સલામત રહ્યું હતું નહિ. ઇસ્પિતાલ નજદીક ઉભેલો એક આદમી ઘોડા હેઠળ કચડાઇ ગયો હતો અને હાલમાં તે બેભાન પડેલો છે."

શ્રી. હુસેન તૈયબજીનો સરકારના જૂઠાણાંને પ્રત્યુત્તર

મુંબઇની સ્મોલકોઝીઝ કોર્ટના માજી જજ મી. હુસેન બી. તૈયબજી જેઓ મી. દેવધર, મી. નટરાજન અને બીજાઓની સાથે ધરાસણા ગયા હતા, અને ત્યાં સ્વયંસેવકોપર ગુજરતો ત્રાસ નજરો-નજર જોઇ યાદી બહાર પાડી હતી. એ યાદીનો સરકારી યાદીમાં જવાબ આપવામાં આવ્યો છે. મી. હુસેનભાઇ સરકારી યાદીનો નીચે પ્રમાણે જડબાંતોડ પ્રત્યુતર આપે છે.

"ધરાસણાના જુલમો સંબંધમાં મુંબઇનાં ખબરખાતાના ડાયરેક્ટરે ગયા મંગળવારે બહાર પાડેલી યાદી જે મુંબઇના પેપરોમાં ગુરૂવારે છપાઇ હતી તેનો જવાબ આપવા એક સ્ટેટમેંટ બહાર પાડવા મને કહેવામાં આવ્યું છે અને એ કહેણ હું માથે ચઢાવું છું.

ધ્યાન આપ્યું

પ્રથમ તો એ વાત માટે હું સંતોષ જાહેર કરૂં છું કે સત્તા-વાળાઓએ અમારી ફરિયાદો તરફ આંખ આડા કાન કર્યા નથી પણ તે લક્ષમાં લેવા મહેરબાની કરી છે. સરકારી યાદી ધ્યાનપૂર્વક વાંચ્યા પછી દિલગીરી સાથે મારે એ અભિપ્રાય પર આવવું પડયું છે, કે એ યાદીમાં સરકારી અમલદારોનાં સ્ટેટમેંટનો કંઇ પણ તપાસ કર્યા વગર સ્વીકાર કરવાનો સિદ્ધાંત રાખવામાં આવ્યો છે. સરકારી અમલદારોનો રિપોર્ટ એકતરફથી છે, અને તેથી તદન નકામો છે.

અમારાં સ્ટેટમેંટનો ભાવ

અમારૂં મૂળ સ્ટેટમેંટ જાહેરની સેવા બજાવવાના ભાવથી તૈયાર કરવામાં આવ્યું હતું, અને સારા કારોબાર માટે એજ ભાવ હોવો જોઈએ. અમે સરકારને અપીલ કરી હતી તે વચલા અમલદારો કે નાના કે મોટા સરકારી અમલદારોને નહિ, પણ અમારી વિનંતી હિંદના મામલા સંબંધમાં જેઓ હુકમો આપે છે તે મધ્યસ્થ સરકારને હતી, અમે એમને અપીલ કરી હતી કે અમારી માન્યતા પ્રમાણે એમની અનુમતિથી, બહાલીથી કે મરજીથી જે જુલ્મો થાય છે તેને અટકાવવા અમારા સ્ટેટમેંટમાં પ્રજા તરફથી સરકાર આગળ અમે કેસ રજુ કર્યો હતો, તે ઉપર લક્ષ આપવું.

સરકાર જવાબદારી નથી લેતી ત્યારે—

જ્યારે સરકાર પોતે એ જુલ્મો માટે બહાલી અનુમતી આપવાની ના પાડે છે એટલા વચલા અમલદારો પછી તે ગમે તેટલા ઉંચા હોદ્દા પર હોય તે આ જુલમાટના સંબંધમાં ગુનેગારની પંક્તિ પર આવે છે. અને જ્યારે ખુદ સરકારી યાદીમાં જણાવવામાં આવે છે કે સરકારી અમલદારો જેઓ આ દરોડાઓ સંબંધમાં પગલાં લેવા હંમેશાં ત્યાં હાજર રહેતા હતા અને રોજ રિપોર્ટો મોકલ્યા કરતા હતા ત્યારે જુલમાટના આક્ષેપમાંથી એ અમલદારો છુટી શકે તેમ નથી. સરકારી છાપાં-જોગી યાદીમાં આ સરકારી આરોપીઓ (અમલદારો) એ રજુ કરેલી હકીકત આપવામાં આવી છે, અને તેમનો રિપોર્ટ જાણે એ બનાવ પરના તેમના ચુકાદા જેવો જ લાગે છે.

આરોપીઓ ન્યાયાધીશ ?

આખરે ખરા મુખી આરોપીઓ છે કે જેઓ પોતાનો ચુકાદો પોતે વાંચી શકે છે ? હું કોઇને ગેરઇન્સાફ કરવા માંગતો નથી. આ સરકારી ચુકાદામાં બે દલીલો આગળ લાવવામાં આવી છે.

(૧) આરોપીઓ પોતે દરરોજ યાદીઓ બહાર પાડી તેમાં જાહેર કરતા હતા કે પોતે તદ્દન નિર્દોષ છે. આનો કંઇ જવાબ આપવાની જરૂર છે ?

(૨) કે તા. ૨૬મી મેને દિને ધરાસણાની છાવણી ખાલી કરાવવામાં આવી ત્યારે માત્ર બે જ દરદીઓને સ્ટ્રેચર પર લઇ જવાની જરૂર પડી હતી. અને આ ઉપરથી એમ બતાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે કે આજ એકલી હકીકત એમ પુરવાર કરે છે કે બીજા જુલમના કેસો ખોટા અને ઢોંગી હતા, અને ટાઇમ્સ ઓફ ઇંડિયા તો એટલે સુધી કહેવાની શેખી કરે છે કે આ એકલી જ હકીકતથી અમારા સ્ટેટમેન્ટના દરેક વાકયના ફુડચા ઉડી જાય છે.

બીજાને ઉપાડી ગયા હતા.

આ સ્ટેટમેંટ કેટલું મુર્ખાઇભર્યું છે? ધરાસણાની ઉંટડીની છાવણીમાં સ્ટ્રેચરમાં લઇ જવા પડે એવા માત્ર બેજ કેસ હતા. તેનું કારણ એ છે કે ૩૦૦ જેટલા દરદીઓને ઉંટડીમાંથી તા. ૨૬ મીની આગમચ લઇ જવામાં આવ્યા હતા, અને બીજા ૩૦૦ જેટલા કેસને બીલીમોરા પહોંચાડવામાં આવ્યા હતા. આવી જાતની હકીકત પર જે ચુકાદો આપવામાં આવ્યો હતો તેને માટે શું કહેવું?

નિષ્પક્ષપાત રહો.

મારી અપીલ સરકારને એ છે કે તેમની રૈયત તેમના અમલદારો, પછી તે ગમે તેવા ઉંચા હોદ્દાપર હોય તેની સામે ફરિયાદ કરે ત્યારે તેમણે ન્યાયની રીતે કામ લેવું જોઇએ, અને રૈયતની નિરાશા વચ્ચે હંમેશાં અમલદારોનાજ કાર્યને ટેકો આપવાની અને તેમનોજ બચાવ કરવાની વળણ રાખવી જોઇએ નહિ. શું સરકારી યાદીથી અમારો કેસ ઉડી ગયો છે? શું તેથી તેનાપર જરાપણ અસર થઇ છે? હું તો માનું છું કે તેને બદલે અમારી વાતને ટેકો મળ્યો છે.

'જગા સલામત નથી?'

ઉંટડી અને મીઠાંના અગરની વચ્ચોવચ્ચ આવેલી એક જગાપર અમે એ દરોડો જોવા ગયા હતા. એ જગા એક માઇલ જેટલી દૂર હતી. સત્યાગ્રહીઓ અને બીજાં લોકોથી અમે એક ફર્લાંગ દૂર હતા. સત્યાગ્રહીઓ જેમણે અહિંસાના સોગંદ લીધા

હતા તે કંઈ પણ હથિયાર કે લાકડી કે કશું પણ લીધા વગર પોતાના સિદ્ધાંત ખાતર સહન કરવા અને માર ખાવા આગળ વધ્યા હતા. જે અમલદારોપર અમે જુલમ ગુજારવાનો આક્ષેપ કરીએ છીએ, તેમણે અમને એ સ્થળે ચાલી જવા કહ્યું હતું. એવું જણાવ્યું છે કે એ જગા સલામત નહોતી. અમારે માટે શામાટે સલામત નહિ ? અમારે માટે એ સ્થળને શામાટે એ લોકોએ અસલામત બનાવ્યું બતાવે ? એ અમે તેમનાપર એ આક્ષેપ કરીએ છીએ કે તેમણે એ જગા અમારા માટે અસલામત બનાવી હતી. સત્યાગ્રહીઓ સામે એવું પગલું લેવામાં આવે કે આજુબાજુનો એક માઇલનો વિસ્તાર સલામત ન રહે તે માટે શું વાજબીપણું છે ? ઉંટડી ગામના રસ્તા પણ અસલામત હતા ! આજ બાબત એ વાત ચોખ્ખી પૂરવાર કરતી નથી કે શાંત સત્યાગ્રહીઓની સામે થવામાં વધારે પડતું બળ વાપરવામાં આવ્યું હતું ? તેમ મારફાડનો વિસ્તાર મોટો રાખવામાં આવ્યો હતો ? અને દંગાડામાં ભાગ ન લેનાર લોકોની પાછળ પડી તેમને મારવામાં શું વાજબીપણું હતું ?

અમે નજરે જોયું હતું

પણ અમે તો કહીએ છીએ કે અમે પોતે અમારી નજરે ઉંટડી ગામમાં યુરોપિયન ઘોડેસ્વારોને અડધાથી બે ઇંચ જાડી લાકડીઓથી ઘોડા પુરપાટ દોડાવી લોકોને મારતાં જોયા છે, અને એક માણસ તો ઘોડા નીચે આવી ગયો હતો. અને તેને સખ્ત ઇજા થઇ હતી. મેં પોતે ઘણા માણસોને ખેતરમાં તગડેલાં અને ત્યાં તેને મારેલાં જોયાં છે. તા. ૩૦ જુને ઘોડેસ્વારો આગળ આ લાઠીઓ નહોતી એમ જો કોઇ કહેતું હોય તો તે હડહડતું જૂઠાણું છે. મેં પોતે એ લાકડીઓ મારી સગી આંખોએ જોઇ હતી. સરકારી પ્રેસનોટ અમારા આક્ષેપનો શું જવાબ આપે છે ? તે તો જેના પર આરોપ મુકવામાં આવ્યો છે તેની હકીકત રજુ કરે છે. સરકારી યાદીમાં ૩૦મી જુને ઘોડા દોડાવ્યા તે વાત માટે ઇશારો સુદ્ધાં કરવામાં આવ્યો નથી. સરકારી યાદીમાં જણાવે છે કે ૩૧મીને દિને પોલીસના ડેપ્યુટી ઇન્સપેક્ટર જનરલે કોરપોરલને કહ્યું કે "મેદાનમાં જરા ચારે બાજુ ફરી કોઇ વોલંટિયરો હોય તો

તેમને આગળ ન જવા સમજાવીએ અને આ પ્રમાણે કરવામાં આવ્યું હતું. નવા જીલ્લા તરફથી કેટલાક વોલંટિયરો આવતા હતા. તેમાંના અડધો ડઝન .અગરમાં ગયા હતા તેમને સહેલાઇથી પકડવામાં આવ્યા હતા, બાકીના પાછા નાઠા હતા તેમની પુંઠે ઘોડા દોડયા હતા, પાંચ મીનીટમાં મામલો ખતમ થયો હતો. સ્વારો પાસે લાકડીઓ કે એવું કંઇ નહોતું.''

આજ રિપોર્ટ પરથી ૩૧ મી મેને દીને ઘોડાઓ હતા એ પુરવાર થાય છે. પણ ત્રીજી જુનનું કેમ? એમ તો હું, દેવધર, કે નટરાજન તે દિવસે ખેનરમાં હોત તો અમને પણ આ રીતે ઘોડા દોડાવી આગળ નહિ વધવા સમજાવવામાં આવત, અને અમે સારૂં દોડી શકયા હોત તો કહેવામાં આવત કે સવારના દોડવામાં ઘણો લાભ છે. અને અમે કચરાઈ ગયા હોત તો કહેવામાં આવત કે માત્ર તમો ત્રણને ઈજા થઇ પણ દેશને કેટલો બધો લાભ થયો?

મારી તો માન્યતા છે કે ઘોડાના ડાબલા વાગ્યાના ઘણા કેસો થયા છે.

દેશમાં શું અસર થશે?

મારી અપીલ મધ્યસ્થ સરકારને છે, વચલા અમલદારોને નહિ આવા બનાવોથી દેશાવરમાં શું અસર થશે તેનો વિચાર કરો? ૧૯૦૦ માણસની વસ્તીના ગામને તમે આવા જુલમથી ગભરાવી શકો, પણ તેની અસર આ ખંડ જેવા વિશાળ દેશમાં પ્રસરે છે, અને આ બધા મહેલ જેવા ઘરોમાં રહેતા લોકોને એમ થઇ આવે છે કે પોતાનાં અંતઃકરણને દગો દઇ આવી સરકારને ટેકો આપવા કરતાં દેશમાં અરાજકતા અને અવ્યવસ્થા ભલે આવે.

વામન મુકાદમ.

ધરપકડ પછી માર મારવા માટે, અગરની હદની બહાર માર મારવા સંબંધી અલબત અમને પ્રેક્ષક બનવા દેવામાં આવ્યા નહોતા. પણ અમે સ્થાનિક ધારાસભાના એક માજી મેમ્બર મી. વામન મુકાદમને સ્ટ્રેચર પર આણેલા જોયા હતા. તેમણે અમને કહ્યું હતું કે તેમને પકડી એક નાની કેબીનમાં લઇ જવામાં આવ્યા હતા.

પછી કેટલાક પોલીસોને માર મારવા સોંપી દેવામાં આવ્યા હતા. તેમણે તેમને બેલાકડીઓ લગાવી હતી, ગાળો આપી હતી, અપમાન કર્યું હતું. અને પછી તેમને જવા દેવામાં આવ્યા હતા.

તેમ બીજા સામાન્ય જુલમોની ફરિયાદ જેવી કે વોલંટિયરો પર એ લોક બેભાન થાય ત્યાંસુધી માર મારવામાં આવે, તેમને રસ્તા પર ઘસડયા હતા, તેમને ટાંકણી ભોંકવામાં આવી હતી, તેમને ગુપ્ત જગાએ મારવામાં આવ્યા હતા; ઘોડાઓના ડાબલા નીચે તેમને કચડવામાં આવ્યા હતા, વગેરે આક્ષેપો પુરવાર કરવાનો અમારી નાની યાદીમાં અવકાશ નહતો. અમે ત્રણ ઇસ્પીતાલો જોઇ હતી, જે ઘાયલ થયેલાઓથી ભરપુર હતી, અને તેનો અખત્યાર જે ડાકટરોના હાથમાં હતો, તેમણે ઉપલા આક્ષેપો સંબંધમાં ગંભીર ફરિયાદ કરી હતી. અને એ બનાવની રમુજી બાજુ? એ તો દીવા જેવું ચોખ્ખું છે કે સત્યાગ્રહીઓ જેમણે અહિંસાના સોગંદ લીધા હતા, અને જેઓ પોતાના દેશ પ્રત્યેની પ્રીતિ ખાતર માર ખાવા અને ગમે તે સહન કરવા બહાર પડતા હતા તે એવી ભાવના રજુ કરતા હતા જેની અવગણના ન થઇ શકે. અને દરરોજ રીપોર્ટો આપનાર અમલદારો કરતાં તેની ભાવના ઉન્નત હતી.

હું આશા-રાખું છું કે સરકારે પોતાની વલણ બદલાવવી જોઇએ અને આ માટે જવાબદાર અમલદારોની ખબર લેવી જોઇએ એ વાતને મેં પુરવાર કરી છે.

ડાકટરોનું નિવેદન

ઉંડડી અને વલસાડનાં સત્યાગ્રહ છાવણીના દવાખાનાઓમાં ધરાસણામાં ઘવાયલા સ્વયંસેવકોની સારવાર કરનાર ડાકટરો.

(૧) ડૉ. ભાસ્કર પટેલ, એમ. ડી. (૨) ડૉ. સુરજલાલ પરીખ (૩) ડૉ. નવલ વોરા, એમ. બી. બી. એસ. (૪) ડૉ. પ્રાગજી ડી. વલસાડકર, એમ. બી. બી. એસ. (૫) ડૉ. હરિકૃષ્ણ જોશી, (પાલનપુર) (૬) ડૉ. શીન્દે, (૭) ડૉ. મુકુન્દરાય જોશી, (૮) ડૉ. મુકુન્દ (અમદાવાદ) (૯) ડૉ. નવનીતરાય દેસાઇ, એમ. બી. બી. એસ. (વલસાડ) (૧૦) ડૉ. ભોગીલાલ શાહ (૧૧) ડૉ. પોપટલાલ (બીલીમોરા) (૧૨) ડૉ. ખંડુભાઇ દેસાઇ, એમ. બી. બી. એસ. (નવસારી) એ

પ્રજાની જાણ માટે સત્યાગ્રહીઓને જે જુદા જુદા પ્રકારની ઇજા થઇ હતી તેનું સવિસ્તર નિવેદન પ્રકટ કર્યું છે

" જે સ્વયંસેવકો ધરાસણાના મીઠાના અગરો પર હુમલો લઇ જતા તેમને પોલીસ ઘેરી લેતી અને લાઠીનો માર મારતી. ૨૯મી મેથી શરૂ થયેલા બીજા હુમલા દરમ્યાન એટલે ૩૦–૩૧મી મે તથા ૧ લી, ૩ જી અને ૬ ઠ્ઠી જુનના દિવસોએ આગલા હુમલા વખતે વાપરવામાં આવેલી મારવાની પદ્ધતિ ઉપરાંત

(૧) સ્વયંસેવકોની ટુકડી ઉપર ઘોડા દોડાવવાની.

(૨) એમના ગુપ્ત ભાગને દબાવી ઇજા પહોંચાડવાની.

(૩) અને છાતી અને પેટ ઉપર લાઠીનો સખ્ત માર મારવાની પદ્ધતિ ગ્રહણ કરવામાં આવી હતી.

આ દિવસો દરમ્યાન ૮૯૭ સ્વયંસેવકોને મેદાને ઉતારવામાં આવેલા તેમાથી લગભગ ૪૫૦ જેટલાને એક કે બીજી ઇજાને કારણે વલસાડની સત્યાગ્રહ હોસ્પિતાલમાં સારવાર કરવી પડી હતી. અમે એ જુદી જુદી ઇજાઓનું પૃથક્કરણ નીચે આપીએ છીએ:—

ઇજાના પ્રકાર			સંખ્યા
માથા પર ઇજા			૨૭
મોં, આંખ અને કાન ઉપર ઇજા			૧૬
ગરદન પર		,,	૧૨
ખભા અને હાથ		,,	૨૧૬
છાતી	,,	,,	૭૩
પેટ	,,	,,	૫૭
વાંસા પર	,,	,,	૨૨૯
જાંગ પર	,,	,,	૯૩
ગુપ્ત ભાગ પર	,,	,,	૨૧
હાડકાના કટકા થયેલ એવા			૧૫ (કદાચ વધારે)
હાડકાં ઉતરી જવાથી ઇજા પામેલા			૧૦
ઘોડાની નાળથી ઇજા પામેલા			૨૫
બેભાન દશામાં આવેલા			૪૦

આ ઉપરાંત એક કેસ લોહીની ઉલટીનો હતો, ચાર કન આંકડી આવતી હતી જ્યારે કેટલાકને ૨૪ કલાક સુધી પેઢાપર પડેલા મારને કારણે પીસાબ નહોતો થતો અને કેટલાકને છાતીના મારને કારણે શ્વાસ લેવો મુશ્કેલ હતો.

એમને સખ્ત માર પડેલો હતો એ બધાને ૧૦૦-૧૦૨ ડીગ્રી જેટલો તાવ આવ્યોજ છે. બે દરદીઓ તો એવા હતા કે ભાનમાં હોવા છતાં બોલી નહોતા શકતા.

અહીં એ ખાસ નોંધવાની જરૂર છે કે છેલ્લા દિવસના હુમલા વખતે બહુજ ગંભીર ઇજા થઇ હતી. આખા શરીર પર પંદર વીસ લાઠી ઝીલ્યા સિવાય ભાગ્યેજ કોઇ સ્વયંસેવક પાછો ફર્યો હતો.

ઉપર વર્ણવેલી ઇજાઓ જોતાં તથા શરીરના જુદા જુદા ભાગો પર લાઠીના ફટકાના પરિણામે જે ઇજા થઇ હતી, તેનો વિચાર કરતાં એ ઇજાઓ સરકાર દાવો કરે છે તેમ ઓછામાં ઓછા બળના વપરાસને પરિણામે થાય કે કેમ એ વિચારી લેવાનું કામ અમે દાકતરી આલમને સોંપીએ છીએ.

ગુજરાત આગે બઢો

ભારતભૂષણ પં. માલવીયજીના પુત્ર અને મુંબઇની સંગ્રામ સમિતિના એક સભ્ય શ્રી. મુકુન્દ માલવીય ધરાસણામાં સૈનિકો ઉપર ગુજરતા સિતમો જોવા આવ્યા હતા. ત્યાંના ત્રાસજનક અત્યાચારો જોઇ તેમણે નીચેનું નિવેદન જાહેર પ્રજા આગળ રજુ કર્યું હતું (તા. ૬-૬-૩૦)

મને આજે કામ માટે અહીં બોલાવવામાં આવ્યો. આજે સવારે સત્યાગ્રહી સૈનિકો પર જે પાશવ અત્યાચાર થયા તે મેં મારી નજરોનજર જોયા છે. પોતાને સભ્ય ગણતી સરકાર આવાં ઘૃણિત કામો કરી શકે છે એ વર્ણનાતીત છે. પણ આજે તો આ અન્યાયી સરકાર આનાથીયે વધારે ઘોર અત્યાચાર આખા દેશમાં કરી રહી છે. આના જવાબમાં દેશ—અને ખાસ કરીને ગુજરાત શું કરી શકે? આપણે બધા મળી આ પ્રથાનો નાશ કરી ભવિષ્યમાં આવા અત્યાચારો બંધ કરાવી શકીએ છીએ. આને

માટે આપણે બધાએ—સ્ત્રી, પુરૂષ, બાળક અને વૃદ્ધે આ સેતાની સરકારનો નાશ કરવાની દ્રઢ પ્રતિજ્ઞા લેવી જોઇએ. આ પ્રયત્નમાં આપણે પોતે જ ખપી જવું જોઇએ જીવતા રહીશું તો દેશને અવશ્ય સ્વતંત્ર કરીશું.—ગુજરાત બાપુનું ગુજરાત, આગળ વધો, આખા દેશને સ્વતંત્ર કરી દુનિયાને નવો પાઠ શીખવો.

ધરાસણા ૬-૬-૩૦ મુકુન્દ માલવીયા

ગુજરાતમાં સરકારી પાશવલીલા

નરી પશુતા

શ્રી. છગનલાલ જોશી વિરમગામથી તા. ૮–૫–'૩૦ના પત્રમાં ત્યાંની પોલીસની ગુંડાશાહીનું વર્ણન આપતાં લખે છે:

"જેમ જેમ વિરમગામના મહાજનો અને આમપ્રજા સત્યાગ્રહી લડતમાં વધારે ને વધારે સક્રિય ભાગ આપતા જાય તેમ તેમ વિરમગામના સરકારી અમલદારોના જુલમ અને અત્યાચાર વધતા જાય છે.

ગઈ કાલથી આખા વિરમગામ શહેરને ઘોડેસવારો અને પલટનોએ ઘેરો ઘાલ્યો છે. એવો વિરમગામનો એક પણ દરવાજો નથી કે જ્યાં ૮–૧૦ પોલીસો બંદૂકો લઈને ઊભા ન હોય; એવો એક પણ વિરમગામનો બહારનો રસ્તો નથી કે જ્યાં દસપંદર ઘોડેસ્વારો બંદૂકો અને લાઠીઓ લઈને આજુબાજુ ફરી ન વળતા હોય.

વિરમગામમાં વેપારીઓ અને વકીલો પર વિના કારણ ધોળે દહાડે વિરમગામના ફોજદાર લાકડી અને હંટરનો ઉપયોગ કરવા લાગ્યા છે.

વિરમગામ અને તાલુકાના ગામે ચોરલૂટારાઓનાં રાત્રે ધાડાં પડે છે. પોલીસોનો આ ચોરલૂંટારાઓને ટેકો છે એમ મહાજન માને છે. આ વાત સાચી હો કે ન હો, પણ એટલું ખરું છે કે વિરમગામમાં વધારાની પોલીસ કૂડીબંધ રોજ આવતી જાય છે છતાં ચોરલૂંટારાના ત્રાસથી વિરમગામ બચ્યું નથી, બલ્કે ત્રાસ બેહદ વધ્યો છે. તેથી વિરમગામમાં રાતની ચોકી શહેરીઓ કરવા લાગ્યા છે. માંડળ પાસે આવેલ એક ગામ તો ભાંગવામાં આવ્યું છે.

સત્યાગ્રહીઓ ગઈ કાલે વીર્યવાન સ્વરાજ સબરસ લઈને આવ્યા ત્યારે તેમના ઉપર કશો પ્રત્યક્ષ જુલમ ગુજરાતો નથી એવો ડોળ જ્યાં સુધી સ્ટેશન ઉપર કાઠિયાવાડ મેલ, ખારાઘોડાની ગાડી અને મહેસાણાની ગાડીઓ ઉભી હતી ત્યાં સુધી થયો.

સનિકો સાંકળ કરી મીઠું સાચવી રહ્યા હતા. સૈનિકો સવાછ વાગે, સ્ટેશન ઉપર ઊતર્યાં. શરૂઆતમાં તો છૂટાછવાયા સૈનિક પાણી પી શક્યા પણ મિ. ફ્લેચર, મિ. ગોલપ અને મિ. હેરલ સ્ટેશન ઉપર પોલીસ

અમલદારો સાથે આવી પહોંચ્યા એટલે આ ૪૫ સૈનિકોને પાણી મળવું પણ બંધ થયું. સવાછ વાગ્યાના સ્ટેશને આવેલા સૈનિકોને સવાનવ વાગ્યા સુધી પાણી ન મળ્યું, તેથી જ્યન્તીલાલ નામના સૈનિક બેભાન થયા. સૈનિકો ભજન અને રામધૂન ગાતા હતા, તેમને કંઠે શોષ પડવા લાગ્યો; અમલદારો બેઠા; તરસ્યા થયા તે પાણી પીવા લાગ્યા. શહેરનાં મહાજનો સૈનિકોને પાણી આપવા માટે અમલદારોની રજા માગવા ગયા, પણ ઉદ્ધતાઈથી એમનું અપમાન થયું, કેમ જાણે થાકે અને તરસે સૈનિકોને મારવાનું અમોઘ શસ્ત્ર અમલદારોને મળી ગયું હોય એમ સમજી રાજી થતા. 'રામધૂન લાગી, ગોપાલધૂન લાગી,' એમ સૈનિકો ગાતા ત્યારે સોલ્ટ ઈન્સપેક્ટર મિ. કાઈટ ગાવા લાગ્યા: 'તરસ ખૂબ લાગી, તરસ ખૂબ લાગી.' સૈનિકોના પગે પાણી ઉતરવા લાગ્યું, એટલે કાઈટ ગાવા લાગ્યા, 'ટાંટિયા ઢીલા થયા.'

કાઠિયાવાડના ૧૧૬ ડિગ્રી તાપમાં બપોરના ત્રણ વાગે કાઠિયાવાડની ગાડીમાં બેસનારા સૈનિકો રાતના ૯॥ વાગ્યા સુધી રિબાયા, તરસે એક ભાઈને કંઠે પ્રાણ આવ્યા, એક સૈનિક ભાઈ બેભાન થઈ પડ્યા, અને બીજા સૈનિકોના પણ આવા હાલ તરતમાં થશે એ વિરમગામના શહેરીઓથી દેખાયું નહિ. હસેનહુસેન જેમ પાણી પાણી માગતાં મરણ પામ્યા હતા તેમ વિરમગામ સ્ટેશન પર સૈનિકો પાણી વિના તરફડિયાં મારવા લાગ્યા છે એવી ખબર વિરમગામમાં પહોંચતાં પાંચસોસાતસો બહેનો માટલાં અને ઘડા ભરી સ્ટેશન પર પહોંચી ગઈ. આખું ગામ સ્ટેશન તરફ ઊપડ્યું. બહેનોને જોઈ સાહેબોએ સૈનિકોને પાણી પાવાની છૂટ આપી, પણ સ્ટેશન પર પગ ન મૂકવાનો બહેનોને હુકમ આપ્યો. બહેનો સ્ટેશન બહાર છાપરા તળે ટિકિટઘર આગળ ઊભી તો તેમને વિખેરવા માટે તેમના પર ઘોડા દોડાવ્યા. બહેનો નાઠી. તેમનાં માટલાં ભંગાયાં. કાખમાં રહેલ એક બહેનનું છોકરું પડી ગયું. કેટલીક બહેનો ગટરમાં પડી ગઈ. હજુ કમકમાટી ભરાવે તેવાં વર્ણનો આવતાં રહે છે.

રાતના લગભગ ૧૦ વાગવા આવ્યા. હેરલ અને ગોલ્પ સાહેબ ખાઈપીને સ્ટેશને પાછા આવ્યા. સ્ટેશન પર અમદાવાદ અને મહેસાણાની ગાડીઓ આવવાનો વખત થયો. હવે વધુ વખત સૈનિકોને રિબાવવાની અમલદારોની પણ હિંમત ન રહી; એટલે અમલદારો હેવાન બન્યા, અને લાકડીઓ અને બંદૂકના કુંદા શરૂ થયા. દશ સૈનિકો તો બેભાન થયા. રેલવે ડૉક્ટરે આ દશે સૈનિકોની સારવાર વેઈટીંગ રૂમમાં કરી. એક સૈનિક તો રાતના ૧૧ વાગ્યા સુધી ભાનમાં આવ્યો નહોતો.

વિરમગામના અત્યાચારો સંબંધી કેફિયતો

દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનના વિદ્યાર્થી અનિરુદ્ધ વ્યાસ સૈનિક નં. ૩૫/૩ ની કેફિયત:

"હું મારા કેટલાક સાથીઓ સાથે વિરમગામ રેલવે સ્ટેશન પર સાંજે ૬–૩૦ વાગ્યે મીઠાના કોથળા સાથે ઉતર્યો. ૮ થી ૧૦ પોલીસ અમારી આસપાસ વિંટળાઈ વળ્યા. મીઠું જપ્ત થતું અટકાવવા માટે જમીન ઉપર પડેલા કોથળા ઉપર હું બેસી ગયો અને મારામાં હતું એટલા જોરથી તેને પકડી રાખ્યો.

મને ઉઠાડવાના પોલીસના બધા પ્રયત્નો નિષ્ફળ ગયા એટલે એકે મારા પગ પહોળા કર્યા અને મને ઉઠાડી મૂકવા માટે મારી ગુહ્યેન્દ્રિય દાબવા માંડી, પણ મારા શરીરના વજનથી તથા આસપાસના પોલીસની ધક્કામુક્કી તથા ખેંચાખેંચીથી મારી ગુહ્યેન્દ્રિય તેના હાથમાંથી છૂટી ગઇ અને હું પડી ગયો. મને ફરી ખેંચવા માંડયો. પણ મેં તો નીચા પડીને મીઠાના કોથળાને મારી બાથમાં પકડી જ રાખ્યો. એટલે પોલીસે મારી પીઠ ઉપર પગ દઇને મને ઉઠાડવાનો પ્રયત્ન કર્યો. આથી મને ખૂબ જ પીડા થઈ. પછી એ પોલીસે મને જોરથી ધક્કો માર્યો, મારાં આંગળાં મચરડી નાંખ્યાં અને મારી બાથ છોડાવી મારી પાસેથી કોથળો ઝૂંટવી લીધો. એક પોલીસ અમલદારે મારું નામ અને નંબર લખી લીધાં અને મને જવા દીધો."

બાઈ મંછાની કેફયત :

"મારું નામ મંછા, પા. સોમનાથ ગિરધરદાસ, ઠે. પરકોટા વિરમગામની સૌ. ઓરત, આ હકીકત લખાવું છું કે તા. ૧૧–૫–'૩૦ના રોજ સાંજના દિવસ આથમ્યા આસપાસ મુનસરી દરવાજા બહાર જ્યાં ગરનાળું છે અને તેની ગટરમાં બોરીંગનું પાણી પડે છે ત્યાં લૂગડાં ધોતી હતી તેવામાં કોટ પાસેથી ઘોડેસવારો દરવાજા તરફ ઘોડા દોડાવતા આવતા હતા, ત્યાં કિકિયારી થવાથી પાછા ફર્યા અને નજીકના ઊભેલાં સ્ત્રી, પુરુષો, બાળકો ઉપર ઘોડા દોડાવ્યા, અને પછી તે સવારો પાછા ફરી દરવાજામાં દાખલ થયા. તે જોઈ હું ધોતી હતી ત્યાંથી નીકળી ગામમાં જવા દરવાજાની નજીક આવી કે તુરત ઘોડેસવારો પૈકીનો એક ઘોડેસવાર જે છેલ્લો હતો તેણે મારા ઉપર ધસી આવી લાઠીનો એક સખત ફટકો મારા માથા ઉપર માર્યો. મારા માથા ઉપર તપેલું હતું અને તેમાં લૂગડાં હતાં, અને તે ઉપર તે સજડ ફટકો પડયો. તેના સખત આઘાતથી મને માથા ઉપર સખત ઈજા થઈ, અને તેને પરિણામે માથે મોટા બટાટા જેવડું ઢીમણું ઊપસી આવ્યું છે."

બેભાન થતાં સુધી માર માર્યો

૨૦. આત્મારામ પ્રભાશંકર, સૈનિક નં. ૩૬૪

. . . પોલીસના કૉર્ડન અંદર અમોને સાડાત્રણથી ચાર કલાક લગભગ ઊભા રાખ્યા. અઢી કલાક સુધી તો અમને પાણી પણ પીવા ન દીધું. એક ભાઈ પાણી પાવા આવ્યા તેને પણ કાઢી મૂક્યા.

. . . મિ. કાઈટ પોતે પણ હંટર લગાવવા લાગ્યા. મારા માથા ઉપર, વાંસા ઉપર લગભગ પચાસ ગડદાપાટુ મારી અધમૂઆ સરખો કર્યો. . . . મારા બે પગ પછવાડેથી પોલીસોએ પૂરજોસથી ખેંચ્યા એટલે મીઠું સાચવવા મેં જે સૂતરનું દોરડું પકડયું હતું તે તૂટી ગયું અને મને રેલવેના પાટા ઉપર નાંખ્યો. . . . ભાઈ હનુમાનસિંહને બેભાન થતાં સુધી માર પુષ્કળ પડયો અને પોલીસોએ કસાઈની માફક કૉર્ડનમાં નહોતા તેમની ઉપર પણ બંદૂકના કુંદા માર્યા. . . . મારો ડાબો પગ છોલાયાથી જરા લોહી નીકળેલ છે. જમણા પગની ઘૂંટી ઉપર જોડો લાગવાથી છોલાયેલ છે. શરીરના હાડકેહાડકાં ખૂબ દુઃખે છે, કળે છે; અને માર લાગ્યો ત્યારે માથું ગડદા વાગવાથી ફરતું હતું તથા મારું પહેરણ ફાટી ગયેલ છે.

ગળું દાબ્યું

૧૮. કૃષ્ણલાલ શિવરામ વ્યાસ, ઉંમર ૨૩

. . . તે દરમિયાન અમોને પાણી પાવા દેવામાં આવતું નહોતું. એક બે માણસો બહારથી પાણી પાવા આવેલા, પરંતુ તેમને પોલીસોએ ધક્કા મારી કાઢી મૂકવામા આવેલા. અમારી કૉર્ડનની આજુબાજુ પોલીસે પોતાની ડબલ કૉર્ડન બનાવી તે દરમિયાન પોલીસો તેમજ મિ. ફ્લેચર તથા કાઈટ વગેરે ગાળો વગેરે દઈ અમોને ઉશ્કેરવા પ્રયત્ન કરતા હતા. પરંતુ અમો પ્રાર્થના કર્યા કરતા હતા. . . . આ બહેનો બહાર ગઈ કે તુરત તેમના તથા બીજી બહેનો કે જેઓ થર્ડ કલાસના શેડમાં ઊભેલી હતી તેમના ઉપર ઘોડેસવારો લાકડી ફેરવવા દોડી આવ્યા. હું આ બધું જોઈ શકતો હતો. તે ઉપરથી મેં ભાઇ છગનભાઈ તથા રતિભાઈનું ધ્યાન ખેંચવા બીજા ભાઈઓને ઈસારો કર્યો કે તેઓ બહાર જઈ બંદોબસ્ત કરે. આ વખતે અંદરના બધા અમલદારો તથા વધારાના પોલીસના માણસો બહાર દોડી ગયેલા.

. . આ પ્રમાણે પહેલી કોર્ડન તૂટી એટલે હું અને મિ. હરમાનસિંગ અને બીજા બેત્રણ જણા મીઠાને પકડી મીઠા ઉપર અમારા શરીરનું ઢાંકણ બનાવી દીધું. . . . મારાં વૃષણ દબાવવાનો પ્રયત્ન કરવામાં

આવેલો પરંતુ મારો લંગોટ સખત બાંધવામાં આવેલો હોવાથી તે ફાવી શકયો નહિ. અમારા પગ ખેંચવામાં આવતા. આગળું દબાવવામાં આવતું. . . . અને છેવટે મને સાતઆઠ માણસોએ ઊંચકી નાની લાઈન ઉપર ફેંકયો. હું એકદમ ઉછળીને ઉભો થઈ ગયો. . . .

બહેનોનું બ્યાન

૮. બાઈ કાશી વ્રજલાલ

. . . પાણી પાઈને સ્ટેશન બહાર હું આવી. આશરે સોએક બૈરાં અમે હતાં. . . એટલામાં સામેથી મોટર આવી. પાછળ ઘોડેસ્વાર પોલીસ આવી. મોટરમાં બેઠેલા માણસો 'મારોમારો'ની બૂમો પાડતા હતા. તે અને પોલીસ ખરાબ ગાળો દેતા હતા. પોલીસ લાકડીઓ ફેરવતા હતા. ઘોડાની હડફટમાં આવવાથી હું નીચે પડી ગઈ અને પીઠ ઉપર વાગેલું છે. મને હજી દુઃખે છે. . .

બંદૂકનો કુંદો માર્યો

૯. બાઈ મંછા, જેઠાલાલની દિકરી

. . . સામેથી મોટર આવી અને તેની પાછળ પોલીસ ઘોડેસ્વારો આવ્યા. મોટરમાં બેઠેલા માણસો 'મારો મારો' બોલતા હતા અને ઘોડેસ્વારો બીભત્સ ગાળો દેતા હતા. અમે બૈરાંઓ ઉપર ઘોડેસ્વારોએ ઘોડા દોડાવ્યા. ઘોડાની હડફટમાં આવવાથી હું નીચે પડી ગઈ. મને બંને ઢીંચણે વાગ્યું છે. અને ડાબા પગના અંગૂઠા ઉપર પણ વાગેલું છે. મને નીચે પડયા પછી બંદૂકનો કુંદો પીઠ ઉપર મારેલો છે. વાગેલું છે. મને હજી પણ આખા શરીરે દુઃખે છે. મારાથી ચાલી શકાતું નથી. . . .

૧૦. બાઈ નર્મદા, શંકરની દિકરી

. . . સામેથી મોટર આવી અને મોટરની પાછળ ઘોડેસ્વાર પોલીસ હતા. મોટરમાં બેઠેલા માણસો 'મારો મારો'ની બૂમો પાડતા હતા. અને તે તથા પોલીસો બીભત્સ ગાળો દેતા હતા. ઘોડેસ્વાર પોલીસોએ અમારા ઉપર ઘોડા દોડાવ્યા. ઘોડાની હડફટમાં આવ્યાથી હું નીચે પાસેની ગટરમાં પડી ગયેલી. મને નાકે તથા પાછળ પીઠ ઉપર વાગેલું છે.

ઘોડેસ્વારે લાકડી મારી

૧૧. બાઇ આદિ, પ્રહ્‌લાદજીની દિકરી

મોટરના માણસો 'મારો મારો' બોલતા હતા. પોલીસો બીભત્સ ગાળો દેતા હતા. મને ઝાંપા આગળથી મારતામારતા લાવ્યા. મને ઝાંપા

આગળ બંદૂકનો ગોદો માર્યો. હું ત્યાંથી દોડી પણ મારી પાછળ ઘોડેસ્વારે ઘોડો દોડાવ્યો. મને ફરીથી લાકડી મારી. મારા જમણા પગે લાકડી તથા બંદૂકનો માર પડેલો છે તેનાં નિશાન મોજૂદ છે. , .

લોહી નીકળ્યું

૧૨. સૌ. ચંચળબાઈ ભગવાનદાસ લાલદાસ પટેલ. ઉ. ૨૭. કાશીબાઈ દલસુખરામ લાલદાસ પટેલ, આદીબહેન રતિલાલ માણેકલાલ પટેલ, ઉ. ૧૫; બાઈ કંકુબાઈ જોસિંગભાઈ પટેલ, ઉ, ૪૦; મણિબહેન પૂંજાભાઈ હરજીવન પટેલ, ઉ. ૨૨.

. . . સામેથી એક મોટર જોસબંધ પાવરવાળી બત્તી સાથે તથા ઘોડેસ્વાર હથિયારબંધ પોલીસ તથા પાયદળ વગેરે અમારા ઉપર ધસી આવ્યા અને ચંચળબાઈને એક ઘોડેસ્વારે બરડામાં ચાબૂક ફટકાવ્યો તેનો હજુ સુધી તેમને દુખાવો છે, અને રાત્રે મીઠું ચોપડવું પડયું હતું. બાઈ કાશીબાઈને એક પગપાળા પોલીસે વાંસામાં બંદૂકનો કુંદો માર્યો તેને પણ હજુ દુખાવો છે. બહેન આદિબહેનને પહેલાં એક પગપાળા હેવાને બંદૂકનો કુંદો માર્યો એટલે તેઓ વાટ તરફ ચાલ્યા. ત્યાં વળી બીજા પોલીસે બે હાથે લાકડી થોભીને જમણા સાથળ ઉપર જોસથી મારી. બન્ને જગાએ સખત દુખાવો છે. ચાલી પણ મુશ્કેલીએ શકાય છે. બાઈ કંકુબાઈને પણ એક કાયર હેવાને બંદૂકનો કુંદો માર્યો હતો. . . . બહેન મણિબહેન ઘોડાની હડફટમાં આવતાં પાસેની ગટરમાં ગોથું ખાઈ પડી ગયાં, અને હથેળીમાં સખત વાગ્યું અને લોહીની ધાર થઈ. . . .

૧૩. બાઈ મોતી ડાહ્યા, ઉ. ૩૫.

. . . મને બે ઘોડેસ્વારો બંને તરફથી ઘેરી વળ્યા અને જો ઘોડો એક ડગલું આગળ ચાલ્યા હોત તો હું તેની નીચે દબાઈ મરી જાત. મોટરવાળાએ પણ એટલા જોસથી મોટર ચલાવી હતી કે હું તેમાં કચરાઈ જતાં સહેજે બચી ગઈ. ઘોડેસ્વારોએ ઘોડા થોભાવી મારા ઉપર લાઠી વતી હુમલો કર્યો અને કહ્યું કે 'મારો સાલીને, પાણી પાવા આવી છે.' અને અપશબ્દો બોલવા લાગ્યા. . . . તેમણે મારા ઉપર લાઠી ચલાવી અને મારું મટકું ફોડી નાંખ્યું, તેમજ મારા જમણા હાથના કાંડા ઉપર જોરથી લાઠીનો ફટકો લગાવ્યો જેથી ત્યાં મને સખત કળ ચડી ગઈ અને લોહી પણ નીકળ્યું. બીજી લાઠી મને જમણા હાથના ખભા ઉપર લાગી છે. ખભે તથા કાંડા ઉપર સખત સોજો ચડયો છે. . . . મારું મોત તો ભગવાને જ ઠેલાવ્યું છે. નહિ તો મારું મોત તો મારી સામું આવીને જ ઊભું હતું.

બેશરમ હિચકારો હુમલો

૧૪. કમળા નાનાલાલ ઈશ્વરલાલ, ઉમર ૨૪; બાઈ રૂપાળી તે ગોર મહાદેવની વિધવા, ઉમર ૪૫; સરસ્વતી કેશવલાલ માધવલાલ, ઉમર ૩૦; બહેન ચંદન ઇશ્વરદાસ, ઉમર ૧૬

. . . નંબર ૧ ના ઉપર ઘોડો ચડી આવ્યો, અને ઘોડેસવારે તેમના પગ ઉપર બે લાકડીઓ મારી . . . નંબર ૨ ના ઉપર ઘોડો ચલાવ્યો અને તેની હડફેટથી તેઓ પડી ગયાં અને કપડાં બધાં ખરાબ રીતે ફાટી ગયાં અને શરીર આખું છોલાઇ ગયું . . . તેમના ઉપર ઘણો બેશરમ રીતે હિચકારો હુમલો કરવામાં આવ્યો હતો. . . . નંબર ૩ ઉપર ઘોડો ધસી આવ્યો. અને તેમના પગ ઉપર લાકડીનો સખત ફટકો માર્યો. અમોને મારવાનો હુકમ મિ. ગોલપે કર્યો હતો. હું તેમને ઓળખું છું. પોલીસો જેમ ફાવે તેમ અપશબ્દો બોલતા હતા. . . નંબર ૪ ના ઉપર ઘોડેસવારે ધસી આવી લાઠીનો સખત ફટકો નિર્દયપણે માર્યો. . . .

બચ્ચાને ઝુંટવી ફેંક્યું

૧૫. ધનલક્ષ્મી ધીરજલાલ માણેકલાલ

. . . મને ડાબા પગના ગોઠણ ઉપરના ભાગમાં લાઠી મારી . . . એક બાઈ મારી સાથે તેના છોકરાને તેડીને પાછી આવતી હતી તેની ઉપર પણ એક પોલીસે હુમલો કર્યો અને તેના વરસ દિવસના બચ્ચાને ઝુંટવી બચ્ચાને નીચે નિર્દય રીતે રાક્ષસની જેમ ફેંકી દીધું. અને તેનાં ઠામ આંચકી ફેંકી દીધાં અને તેના ઉપર જુલમી રીતે લાઠીથી હુમલો કર્યો. . . .

અત્યંત નીચ હુમલો

૧૬. બાઈ મણિ, સુથાર નથુ વિક્રમની વિધવા, ઉમર વરસ ૨૫ . . . મારા ઉપર ઘોડો દોડતો આવ્યો. તેના બે પગ મારા સાડલાની પાટલી ઉપર પડયા તેથી સાડલાના તે ભાગમાં ઘોડાના બે દાબડા જેવડા બાકાં પડી ગયાં. . . .

હું ચત્તી પડી ગઈ. પડી જવાથી બીજી બાઇઓથી વિખુટી પડી ગઈ.

ગામમાં પેસવાના ઝાંપા આગળ ત્રણ પોલીસ ઊભા હતા. પાછળ તો ઘોડેસવારો ફરતા હતા એટલે હું ઊભા રહેલા પોલીસની વચમાં થઇને ગઈ. ત્રણમાંથી એક પોલીસે લાઠીનો ગોદો બરડામાં માર્યો એટલે હું દોડી. હું આગળ જતી હતી ત્યાં લીંમડી આગળ જ જકાતના થાણા આગળથી એક પોલીસ દોડતો આવ્યો. તેણે . . . મને **પડખેથી**

બાથમાં પકડી પાડી નાખી. હું ઊંધી પડી ગઇ અને એ મારી ઉપર ચડી બેઠો અને મને ખુબ ચૂંથવા માંડી અને મારુ પોલકું બરડાના ભાગ આગળથી આખું ફાડી નાખ્યું. તેના નખના ઊઝરડા બરડા ઉપર તથા ડાબા હાથ ઉપર પડયા છે. જમણો હાથ તેણે પકડીને ખુબ દબાવ્યો તેથી તેના ઉપર લોહી જામી ગયું છે . . .

એટલામાં પાછળથી બીજાં બૈરાં આવી પહોંચ્યા એટલે એ ઉઠીને નાસી ગયો. . . .

૧૭. રમણલાલ નગીનદાસ મહેતા, ઉમર ૧૯, સનિક નં. ૨૫

. . . તે દરમ્યિાન અમોને પાણીની તરસ લાગેલી હોવાથી બહારના માણસો પાણી લાવેલા. પરંતુ તેમને પોલીસના માણસોએ ધક્કા મારી કાઢી મૂકેલા.

છોકરું પડી ગયું

૭. બાબુભાઇ નેરૂભાઇ ઉંમર ૨૭

. . . તા. ૮–૫–૧૯૩૦ના રોજ સાંજના વઢ્ઢીરોડ તરફના રેલવે લાઈન તરફ ફરવા જતા હતા. ત્યાંથી પાછા ફરતાં અમારી પાછળ આવેલા ઘોડેસવારોએ અમોને માર માર્યો. . . . ૮–૫–૩૦ ના રોજ વઢવાણથી સાંજના ૭ વાગતાની ગાડી ઉપર સ્ટેશન ઉપર ગયેલો. મને પાસ માંગતા આપેલો નહિ તેથી હું શેઇડમાં ઊભો રહેલો . . . બૈરાં પાણી પાઇને બહાર આવ્યાં અને તેથી બધાં બૈરાંઓ ધીમેધીમે ચાલવા માંડેલાં. તેટલામાં સામેથી મોટરનું ફુલપાવર લાઇટ બૈરાંઓ ઉપર પડયું અને ઘોડેસવારો કે જેમની સંખ્યા લગભગ ૨૦ ની હશે ઓ લાકડીઓ ફેરવતાફેરવતા 'મારો મારો' કરતા ચા ફ ફરી વળ્યા. તે વખતે એક સ્ત્રી કેડે છોકરું લઇને આવેલી ના હાથમાંથી નાશભાગ કરતાં છોકરું પડી ગયું. અને તેણે ગભરાઈ ચીસ પાડી કે મારું છોકરું પડી ગયું. આ વખતે ઘોડેસવા દોડાદોડ કરી લાકડીઓ ફેરવતા જ હતા. આ વખતે ત્યા નજીકમાં હતો. તે આ ચીસ સાંભળતાં પડેલું છોકરું સોંપવા સદર બાઇ પાસે ગયો, પરંતુ બાઇ તો ગભરાઇને બીકથી છોકરું ન જડયાથી મૂકીને નાસી ગયેલી. હું છોકરું ઊચકવા ગયો તે વખતે એક ઘોડેસવારે મને ાનો સપાટો મારા જમણા ખભા ઉપર માર્યો. . . . આ છોકરું આસરે ૪ માસની ઉંમરનું હ.તું . . .

ૐ

બીભત્સ ગાળો દીધી

૨ પુરુષોતમદાસ રણછોડદાસ ઉ. વર્ષ ૩૦ના નિવેદનમાંથી:

હું વિરમગામની મ્યુનિસિપાલિટીમાં છેલ્લાં ચાર વરસથી લાગટ મેમ્બર છું. રૂનો વેપાર કરું છું, અને મારે આશરે પાંચસે વીઘાંની જમીનદારી છે.

. . . હકીકત જોવા હું સ્ટેશન ઉપર તુરત ગયો. હું જતો હતો તે વખતે ગોલવાડી દરવાજા બહાર અહીંની મ્યુનિસિપાલિટીના પ્રેસિડેન્ટ મિ. કેશવલાલ માધવલાલ વકીલ તથા લોકલ બોર્ડના પ્રેસિડેન્ટ મિ. અંબાલાલ રામભાઈ તથા મિ. કેશવલાલ જેસિંગભાઇ વગેરે સ્ટેશન ઉપર જતા મળ્યા. તેમની સાથે હું પણ સામેલ થયો. . . . પ્લેટફોર્મ ઉપર જ બહેનોને લઇને હું સ્ટેશન બહાર મારગમાં જવા નીકળ્યો. અમો બધાં ધીમે ધીમે બહાર ચાલતાં હતાં તે દરમિયાન સડક ઉપરના ખૂણા ઉપરથી મોટરનું જોસબંધ ગ્લેઝ બગીચાના લાઇટ અમારા ઉપર પડયું. . . . આશરે પંદર ઘોડેસ્વારો લાઠીઓ ફેરવતા દોડતા ઘોડે આ બૈરાંઓના ટોળાની તરફ દોડી આવ્યા. સ્ટેશનના શેડમાં પણ ઘોડાઓ દોડાવતા હતા. તે ઉપરથી બૈરાંઓ ગભરાઈને ચીસો પાડતાં નાસભાગ કરવા લાગ્યાં. તેમાંના કેટલાંક પડી પણ ગયાં. તેમનાં વાસણો પડી ગયાં, ફૂટી ગયાં અને નાસભાગ કરતાં બૈરાંઓ આડાંઅવળાં થઈ ગયાં. તેમાંનાં કેટલાંકને લાકડીઓ વાગી છે. અને તે વખતે **આ ઘોડેસ્વારો બીભત્સ ગાળો દેતા હતા** અને 'મારો મારો' પોકારતા હતા. . . . હું મિ. ગોલપ પાસે ગયો અને તેમને મેં ત્યાં કહી જણાવ્યું કે નિર્દોષ બૈરાંઓ ઉપર ઓચિંતો આવો હલ્લો થાય? તે ઉપરથી તેમણે ગુસ્સે થઈ અવાજ કરીને કહ્યું: 'હજુ તો હું આખા ગામને મારી નાંખીશ.' છતાં પણ મેં ફરીથી કહ્યું: 'આ બહુ ખોટું થયું છે. તમારે મારવા હોય તો અમો પુરુષોને મારવા હતા, પરંતુ બૈરાંઓને મારવાં જોઈતાં હતાં નહિ.' . . . આ વખતે એકંદર કુલ ૧૦૦ માણસોના આશરે હાજર હતા તેઓ બિલકુલ શાન્ત હતા. . . .

સ્વતંત્ર બયાનો

સ્ત્રીઓ પર હુમલો

૧. અમો કેશવલાલ માધવલાલ, વિરમગામ મ્યુનિસિપાલિટીના પ્રમુખ, આથી જાહેર કરીએ છીએ કે:

ગઈ કાલે તા. ૮–૫–૧૯૩૦ ના રાતના નવ વાગે હું ઘેર બેઠો હતો. તે વખતે મને ખબર મળી કે ત્રીસેક વૉલંટિયરો વઢવાણથી મીઠું લઈને

આવ્યા છે અને તેમને પાણી પાવા દેતા નથી, અને તરસને લઇને એક વૉલંટિયર બેભાન થઈને પડી ગયો છે, છતાં પણ બીજાઓને તેમજ તેને પોલીસવાળા પાણી પાવા દેતા નથી, અને ગામમાંથી જે માણસો તથા સ્ત્રીઓ પાણી પાવા માટે સ્ટેશન ઉપર જાય છે તેમને આબકારી ઑફિસ પાસે રેલવેના રસ્તા નજીક સ્ટેશન ઉપર જતાં અટકાવવામાં આવે છે અને જે જાય તેને ગોળીબાર કરવાનું કહે છે. તેથી મને એમ લાગ્યું કે સુલેહ-શાંતિનો ભંગ થશે અને તે થતી અટકાવાય તો સારું. આવી ખબર મને કેશવલાલ જેસિંગભાઈ આપતા હતા તે દરમિયાન તાલુકા લોકલ બૉર્ડના પ્રેસિડેન્ટ મિ. અંબાલાલ રામભાઈ પણ ઉપરની હકીકત સાંભળવા માટે ત્યાં આવ્યા. અમે રસ્તા ઉપર સ્ટેશને જવા આવ્યા ત્યારે સ્ટેશને જતાં ઘણા માણસો જોવામાં આવ્યાં. અમોએ તે માણસોને અટકાવવા માટે સ્વયંસેવકોને સૂચના કરી તે ઉપરથી તેમણે તે માણસોને અટકાવ્યા. અને અમે વિરમગામના ફ. ક. મેજિસ્ટ્રેટ મિ. કોથમડીને ત્યાં જઈ તેના પટાવાળાની મારફત મિ. કોથમડીને આબકારી ઑફિસે ખબર અપાવી, કે અમો તેમને મળવા માગીએ છીએ, તમે કહો તો મળીએ. તે પટાવાળો એવી ખબર લઈને આવ્યો કે તમે મારી સાથે ચાલો, તમને મિ. કોથમડી સાહેબ મળવા માગે છે. તેથી અમે મિ. કોથમડીને આબકારી ઑફિસે મળ્યા. તેમણે અમને કહ્યું કે વૉલંટિયરોને પાણી પાવું હોય તો થોડાં માણસો આવો અને આપણે પાઈ આવીએ. જેથી થોડાંક બૈરાં જે પાણી લઈને રસ્તા ઉપર ઉભાં હતાં તેમને સાથે લઈ અને બાકીના માણસોને વેરાઈ જવા સૂચના કરી અમે અને બૈરાં મિ. કોથમડીની પાછળપાછળ સ્ટેશન ઉપર ગયા. ઝાંપો ઉઘાડયો અને સ્વયંસેવકો પાસે ગયા અને પૂછ્યું: તમને પાણી મળ્યું છે? તેના જવાબમાં તેમણે અમને કહ્યું: એક વૉલંટિયર પાણીની તરસને લઈને બેભાન થયા પછી કેટલીક વારે હમણાંજ અમને પાણી ગામનાં બૈરાંએ આપ્યું છે. તે બૈરાંઓ સ્ટેશનની અંદર જ હતાં. તમને અમોએ બહાર જવા કહ્યું ને ગયાં. અમે તેમને ઘેર જવાની સૂચના કરી જેથી બૈરાંઓએ સ્ટેશનથી ગામમાં જવા માંડયું તેટલામાં રેલવેના સામા ઝાંપેથી કે જ્યાં થઈને બૈરાને બહાર નીકળવાનો રસ્તો હતો તે રસ્તા ઉપર આઠદસ ઘોડેસ્વારો દોડતે ઘોડે આબકારી ઑફીસ તરફથી દોડતા આવી સ્ટેશનના કમ્પાઉન્ડમાં પેઠા. તેમની પાછળ એક અમલદાર 'મારો મારો'ની બૂમ પાડતો હતો. તે ઘોડાઓ ઉપરનાં જે નિર્દોષ બૈરાંઓ મિ. કોથમડીના હુકમ મુજબ ગામમાં પાછાં જતાં હતાં તેમના ઉપર નાંખ્યા, અને લાઠીઓથી અને બંદૂકના ગોદાથી તેમના ઉપર

ઘોડા નાંખી તેમને માર મારવાનું શરૂ કર્યું. મિ. કોથમડીએ આ દેખાવ જોઈને ઘોડાની આગળ ફરી વળવાની કોશિષ કરી, ઘોડેસ્વારોને અટકાવવા માટે કોશિશ કરી, પરંતુ ઘોડેસ્વારોની પાછળ 'મારો મારો'નો જે અમલદાર અવાજ કરતો હતો તે અમલદાર આસિ. કલેકટર મિ. ગોલપ હોવાથી તે ઘોડેસ્વારો અટકયા નહિ અને બૈરાંઓ ઉપર ઘોડા નાંખી પોતાનો મારો ચાલુ રાખ્યો, જ્યાં બૈરાંઓ મ્યુનિસિપાલિટીનું લોઢાનું કમ્પાઉંડ ઓળંગી મ્યુનિસિપાલિટીના બગીચામાં નાઠા. અમે જોયું કે આ 'મારો મારો'નો હુકમ મિ. ગોલપ કરે છે જેથી અમો પણ ખસી જઈ મ્યુનિસિપાલિટીના બગીચામાં ગયા. બગીચામાં જતી વખતે પણ ઘણાં બૈરાંઓને ઈજા થયેલી અને બંદૂકના કુંદા તથા લાઠીઓ પડેલી. થર્ડ કલાસ પેસેન્જર વેઈટીંગ શેડમાં ઊભેલાં બૈરાં ઉપર પણ ઘોડેસ્વાર ઘોડા દોડાવતા હતા.

આ તમામ વખત દરમ્યાન મિ અંબાલાલ તાલુકા લોકલ બોર્ડના પ્રમુખ તથા કેશવલાલ જેસિંગભાઈ મારી સાથે જ હતા.

બૈરાંઓની એકંદર સંખ્યા ૬૦ થી ૭૦ ની હતી અને આદમીઓ ૮-૧૦ હતા. બૈરાંઓ ઘેર ગયા પછી અમે બગીચામાંથી નીકળ્યા અને મિ. કેશવલાલ જેસિંગભાઈએ ઉપરની હકીકતોનો અમદાવાદના કલેકટર સાહેબને અમદાવાદ રાતના ૧૧ વાગ્યાના સુમારે ટેલીફોન કર્યો અને અમે પછી ઘેર ગયા.

ધરાસણાના અત્યાચાર સંબંધી કેફિયતો

વીલેપારલે ટુકડીના વૃદ્ધ નાયક શ્રી. અબદુલ્લા શેઠની કેફીયત.

"ધરાસણાના મીઠાના અગરો ઉપર થયેલા અને ૧૪૪ મી કલમનો મનાઇ હુકમ તોડવાના ધસારા વખતે ૭૫ વોલંટીયરોની ટુકડી સાથે મેં ત્રણ ત્રણ વાર ધસારો કર્યો હતો. એ ધસારા વખતે ધરાસણાના અગરો ઉપર મને અને કેટલાક વોલંટીયરોને મજબુત માર પડયો હતો. મને લાઠીઓના માર ઉપરાંત જમીન ઉપર ઘસડવામાં આવ્યો હતો અને છેવટે ઉંચકી બહાર લઈ જવામાં આવ્યો હતો. આ મારમાંથી હું સારો થાઉં છું અને પાછો ધરાસણામાં સત્યાગ્રહ માટે જરૂર જઈશ. ધરાસણાની આજુબાજુ ઉંટડીની છાવણીનો નાશ કરવા છતાં હાલ ૪૦૦ બહાદુર સત્યાગ્રહી સૈનિકો નવા ધસારાની વાટ જોતા પડેલા છે અને પહેલી તકે તેઓ જરૂર જ ધરાસણાના અગર ઉપર ધસારો લઈ જઇ મહાત્માજીની ઉમેદ પાર પાડશે. આવા ધસારામાં સંખ્યાબંધ ઘવાયા છે અને તેઓમાંના ઘણાક પાછા તૈયાર થઈ ગયા છે કોઈ પણ સંજોગ વચ્ચે ધરાસણામાં માસ રેઈડ થશે તારની

નળીઓ કાપવા અમો નાનું હથીયાર રાખીએ છીએ એ વાત ખરી છે પણ તેમ કરવું સત્યાગ્રહના કાયદાથી વિરૂદ્ધ નથી, કારણકે કોઇ પણ જીવતી ચીજને અમો મારી કે હાથ લગાડી શકતા નથી. પણ જીવ વગરની ચીજ ઉપર તો હથીયારનો ઉપયોગ કરી શકીયે છીએ. લોકોના જથામાં સ્વરાજ્ય મેળવવા માટે ઉલટ આવી છે અને તદ્દન અહિંસક અને શાન્તિ સાથની લડતથી લોકો મોટા ભોગ પછી જરૂર જ સંપૂર્ણ સ્વરાજ્ય જીતી શકશે.”

તા. ૨૯–૫–૩૦

“હું હીંમતલાલ ત્રં. દવે, બલવંતરાયની ટુકડીનો નાયક નંબર ૧૬૮૮ નો સૈનિક છું. હું મારી ટુકડીના નવ સૈનિકો અને બીજાઓએ સવારે આઠ વાગતાં ધરાસણા તરફ કૂચ કરી હતી. પોલીસો તદ્દન બેફીકર હતા એટલે અમને વાડ પાસે જતાં અડચણ ન પડી. વાડ પાસે પહોંચ્યા પછી મેં તારને જોરથી ખેંચી તોડી નાંખ્યો એટલામાં એક યુરોપિયન અમલદારે આવી હાથ પર લાઠી જોરથી મારી, તેથી હથેલી છુંદાઈ ગઇ. તારના કાંટા મારા હાથમાં પેસી ગયા. આ દરમ્યાન બીજી લાઠી અચાનક પાછળથી આવી જોરથી માથામાં કપાળ ઉપરના ભાગમાં વાગી. વાળ ઘણા હોવાથી રક્ષણ થયું, પણ લાઠી એટલા જોરથી આવી હતી કે લોહીથી રૂમાલ તરબોળ થઈ ગયો. મારી સાથે બીજા ભાઇ હતા તેમણે ત્રણ રૂમાલ ઉપરાઉપરી બાંધ્યા પણ લોહી બંધ થયું નહિ. ત્રણે રૂમાલ તરબોળ થઇ ગયા. લોહીના ખૂબ વહી જવાથી હું બેભાન થઇ ગયો અને પછી શું થયું તે ખબર નથી. પાછળથી પૂછવાથી માલમ પડયું કે બેચાર પોલીસો મને ઘસડી વાડથી દૂર મૂકી આવ્યા હતા. ઘસડતા હતા ત્યારે માથામાં લાતો મારી હતી. પોલીસ અમલદાર મિ. સબાવાલા પણ ત્યાં હતા અને જ્યારે બેભાન થવા આગમજ માથામાંથી લોહી નીકળતું જોયું ત્યારે તેમણે ‘રેડક્રોસ, રેડક્રોસ’ કરી ત્રણ ચાર બૂમો મારી પણ કોઇ ત્યાં હાજર ન હતું એટલે મને તેમના પોલીસો મારફત ઘસડી દૂર મૂકી આવ્યા.”

તા. ૩૦–૫–૩૦

તા. ૩૦–૫–૩૦ નો હલ્લોઃ–શ્રી. મુળચંદ માવજી સૈનિક નં. ૧૬૭૭ અમદાવાદ.

“શ્રી. બલુભાઇની ટુકડીમાં હું તા. ૨૯ મીએ ધરાસણા જવા નીકળ્યો. શ્રી. બલુભાઈને પકડયા, અમને ૧૯ માઈલ ચલાવ્યા, તે વખતે મેં માગ્યા છતાં મારા જોડા મને આપવામાં આવ્યા નહોતા. મેં મારો લંગોટ કાઢી પગે બાંધ્યો, છતાં મારા પગમાં ફોલ્લા પડયા અને હું ચાલ્યો.

સુરતથી પાછા અમે ઉંટડી આવ્યા. શ્રી. નટવરલાલ લાખીઆની ટુકડી સાથે અમે હલ્લો કર્યો. અમારા અચાનક હુમલા માટે પોલીસ તૈયાર નહોતી. બધા પોલીસ સાદા ડ્રેસમાં જ હતા! પોલીસ જોરથી બ્યુગલો ફુંકતા હતા, ત્યારે અમે દોડીને વાડ પાસે આવી ગયા! મારા હાથથી તાર તોડી એક જણના ખભા ઉપર થઈને અંદર કૂદી પડયો! ત્યાં પોલીસ હતા. તેમની પાસે કંઇ હથીઆર નહોતું, તેથી મને અટકાવવા **લાતો, પાટુ, ગડદા વગેરે મારવા માંડયા! હું જ્યારે પાછો હઠયો નહિ ત્યારે મને ચાર પોલીસોએ નીચે પછાડયો, અને મેં લંગોટ પહેર્યો હતો છતાં એક પોલીસે અંદર હાથ નાંખી મારા ગુહ્ય ભાગોને જોરથી દાબ્યા! મારે મોઢે ફીણ આવ્યાં, હું એક ચીસ પાડી બેભાન થઈ નીચે પડયો.** હું ભાનમાં આવ્યો ત્યારે—ત્રણ કલાક પછી—હું વલસાડની ઈસ્પીતાલમાં હતો! ભાનમાં આવતાં મારી શરીરની સ્થિતિ પરથી મને લાગ્યું કે મને બેભાન થયા પછી પણ પોલીસોએ લાઠીનો માર માર્યો હતો.

મારો એક હાથ લાઠીના ઘાથી અને એક પગ મને બેભાન અવસ્થામાં ફેંકવામાં આવ્યો તેથી ઉતરી ગયા છે. મારા ગુહ્ય ભાગોમાં હજી ખૂબ દુઃખાવો થાય છે. પિસાબે લોહી પડે છે. મને હજી માત્ર પ્રવાહી ખોરાક જ આપવામાં આવે છે.”

“ હું પટેલ છોટાભાઇ જેરાંગભાઇ, ઉંમર ૨૧, રહેવાસી ઓડ (આણંદ) ગામ અને ખેડા ટુકડી નં. ૧ના કેપ્ટન પરસોતમભાઇની સરદારી નીચે તા. ૩૦–૫–૩૦ના રોજ સવારે ધરાસણા જવા નીકળેલો. પરસોતમભાઇને છૂટા પાડી અગરની પોલીસ ચોકી પાસે લઇ ગયા. પછી પોલીસની વીસલ મારવાથી બધા પોલીસો ભેગા થયા અને અમને જતા રહેવા કહ્યું. અમે ખસ્યા નહિ એટલે મને કેડમાં લાઠીનો એક ફટકો માર્યો એટલે હું પડયો. પછી પણ ત્યાંથી જવાની મેં ના પાડી એટલે મને ઘસડવા માંડયો અને ઘસડતા ઘસડતા લઈ ગયા. બે સિપાઇઓએ હાથ પકડયા અને બેએ પગ પકડયા. હાથ પકડવામાં સિપાઈઓ સાથે એક ગોરો હતો તેણે મારા મોં પર મુઠ્ઠાવાળી લાકડીથી ત્રણ ફટકા માર્યા. મારા હોઠ ઉપર વાગ્યું છે અને તેમાંથી ઘણું લોહી નીકળ્યું છે. એક ફટકો ગળામાં પણ મારેલો. એ એ રીતે લઈ જતાં ત્રણ વખત જમીન સાથે પછાડી વાડમાં ઊંચકીને નાખી દીધો એટલે હું બેભાન થઇ ગયો. મને ભાન આવ્યું ત્યારે હું વાડમાંથી ખસી બહાર નીકળ્યો અને છાવણીની મોટરમાં મને છાવણીને દવાખાને

લઇ આવ્યા. ત્યાંથી વલસાડ દવા માટે લાવ્યા. મને માથામાં, ગળામાં અને મોંમાં ઇજા થઇ છે અને દરદ થાય છે."

"સુરતની ટુકડી નંબર બેના સૈનિક ડાહ્યાભાઇ ભાઈલાલભાઈ: આજે સવારે અગરના તાર સુધી અમે પહોંચ્યા. ભીખુભાઇએ તાર ખેંચ્યા એટલામાં એક યુરોપિયન અમલદાર આવ્યો અને ભીખુભાઇના હાથમાં લાઠી મારી હાથ ભાંગ્યો. માથામાં મારી માથું ફોડયું. છેવટ ભીખુભાઈ જમીન પર પડયા; હું પાછળ હતો એટલે મને પણ પગમાં ડાબા પગના નળા પર લાઠીનો ફટકો માર્યો, લોહી નીકળ્યું અને હું પડયો. પોલીસને એ અમલદારે મને ઘસડી જવા હુકમ કર્યો. પોલીસે મને વાંસામાં અને કમરમાં ત્રણ લાઠીના ઝપેટા માર્યા અને ઘસડીને દૂર પથ્થરમાં મૂકી દીધો."

તા. ૩૦–૫–૩૦

મણિલાલ ત્રિભોવનદાસ પટેલ; ગુજરાત કોલેજ, બી. એ. કલાસ, સૈનિક નંબર ૧૭૭૬ અમદાવાદ:

"આજે ૩૧–૫–૩૦ને રોજ ઊંટડીથી સૈનિકોના જથ્થા સાથે હું ઉપડયો હતો. મીઠાના અગરની આસપાસ કરેલી તારની વાડથી બેએક ફર્લાંગ દૂર હોઈશું ત્યાં સિપાઇઓએ અમને રોકયા. અમને નાસી જવાનું કહ્યું. અમે ન ઉઠયા એટલે માર મારવાનું શરૂ કર્યું. મારા ડાબા હાથ ઉપર બે લાઠી, જમણા હાથ ઉપર એક લાકડી અને કેડ ઉપર એક લાકડી એમ ચાર ફટકા માર્યા. આથી હું હેઠો પડયો એટલે મારી ચડ્ડી પકડીને ખેંચ્યો. આ બધો વખત ગાળો ભાંડવાનું ચાલુ હતું. છેવટે ચડ્ડી ચીરી નાખી અને કાઢીને ફેંકી દીધી. મેં કચ્છ પહેરેલો હતો તે ખસેડી ગુદા પર લાકડીના ગોદા મારવા માંડયા. મેં તે ભાગ બચાવવા તેની આડો હાથ મૂકયો એટલે મને ચત્તો કરી મોં પર મારવા માંડયું. ગુપ્ત ભાગ દબાવ્યો એટલે ફરીથી પાછો ઉંધો નાખી મારી ગુદા ઉપર ગોદા માર્યા. મારો લંગોટ તદ્દન કાઢી નાંખ્યો. પછી મને ઘસડીને છેટે લઇ ગયા. લઈ જતાં રસ્તામાં પણ મને થોડો માર માર્યો."

વલસાડ તા. ૨–૬–૧૯૩૦.

દિનકરરાય પ્રતાપરાય ઓઝા, વડનગરા નાગર બ્રાહ્મણ, મહારાષ્ટ્રીય ટુકડીનો સૈનિક વીલેપારલેનો સ્વયંસેવક નં. ૧૪૫.

"હું મહારાષ્ટ્રીય ટુકડીનો નાયક છું. તા. ૩૧–૫–૧૯૩૦ ના રોજ ધરાસણાના અગરો ઉપરના ધસારામાં મારી ટુકડી સામેલ હતી તેમાં હું પણ હતો. અમારા ઉપર લાઠીનો માર પડેલો. અમારા ઉપર ઘોડા દોડાવેલા ને અમને ઉંચકીને કાંટામાં નાંખી દીધેલા. મારા મૂત્રાશય ઉપર ઘોડાનો પગ પડેલો ને તેથી મને કળ ચઢી ગયેલી ને હું બેભાન થઇ ગયેલો. જમણા પગે નળામાં તથા બીજી જગ્યાએ ઘણા કાંટાઓ વાગ્યા છે. જમણા હાથની કોણી ઉપર લાઠીનો ફટકો પડયો છે. વાંસામાં તથા કેડ ઉપર ઘણી લાકડીઓ પડી છે ને સખ્ત દુખાવો થાય છે."

છોટાભાઈ મરઘાભાઈ, સૈનિક નં. ७८, ટુકડી નં. ૩૮, ગામ ચાંગા, જિલ્લે ખેડા.

"ઊંટડી છાવણીમાંથી આજે ૩૧–૫–૩૦ને સવારે અમારી ટુકડી દસેક વાગે ધરાસણા જવા નીકળી. અમને તારની વાડથી કેટલેક અન્તરે પોલીસોએ આંતરીને રોક્યા. અમારી ટુકડીને અમલદારે બેસી જવા કહ્યું. અમને ઘેરી ત્યાં બેસાડી મૂકયા. પછી અમને પાંચ મિનિટમાં ભાગી જવા કહ્યું પણ અમે ન ભાગ્યા એટલે અમારા પર લાઠીઓ ચલાવી. મને બે અમલદારો દૂર ખેંચી ગયા. ત્યાં મારી ગુહ્ય ઇંદ્રિયને ખેંચી અને લાતો મારી. એજ વખતે બીજા ગોરા અમલદારે ઇંદ્રિયના મૂળમાં ત્રણ લાતો મારી, એથી મને તમ્મર આવવા લાગ્યાં. એ જ વખતે મારા કુલા ઉપર કંઇક લોઢાની અણીદાર વસ્તુ ઘોંચી. તે પછી હું તરતજ બેભાન થઇ પડયો. થોડી વાર પછી મને શુદ્ધિ આવવા માંડી એટલે મને લાઠીઓ મારતા અને ઘસડતા બહાર ખેંચી ગયા."

"હું નાનુભાઈ ધીરજલાલ ઝવેરી (ભરૂચનો) રેડક્રોસ વોલંટીયર છું અને રેડક્રોસનો બિલ્લો મારી પાસે હતો. બધા સૈનિકો અગર ઉપર પહોંચ્યા પછી થોડી વારે હું ત્યાં એટલે અગર પર પહોંચ્યો અને થોડા માર ખાઇને પડેલા સૈનિકોની સારવાર કરતો હતો. એટલામાં મિ. આંટીઆએ આવી મારા માથા પર લાઠીના બે–ત્રણ ફટકા માર્યાં. એટલામાં એક યૂરોપીઅન અમલદાર આવ્યો. તેણે મને મોં ઉપર દાઢીના ભાગમાં લાઠી લગાવી. એ બન્નેએ મળી મારા જમણા ખભા ઉપર, જમણા હાથ ઉપર અને જમણા પગ ઉપર લાઠીઓ મારી. હું ત્યાં પડી ગયો. થોડી વારે વોલંટિયરે મને લઈ લીધો." તા. ૩૧–૫–૩૦.

હનુમંતરાવ હોલત સ્વયંસેવક નં. ૬૧ વીલેપારલે છાવણીની કેફિયત–

"સવારમાં જ્યારે હલ્લો લઇ ગયા ત્યારે ફોજદારે (આલમશાહે) મને ત્રણ લાઠી મારી, છતાં પડીને પાછો ઉભો થઈ ગયો. પછી ધક્કા મારી ખાઇમાં અમને નાખી દીધા. હું ખાઈમાંથી ૧૦ થી ૧૫ વાર બહાર ધસી આવ્યો હતો અને પ્રત્યેક વખત પાછો ધકેલવામાં આવ્યો હતો. લગભગ ૧૧ ને શુમારે મને પકડીને અંદર લઇ ગયા. ત્યાં એક અંધારી અને હવા વિનાની ઓરડીમાં લઈ ગયા. અને એક અંગ્રેજ સોલ્જરે ૪ થી ૫ ફટકા માર્યા અને બે કલાક સુધી આ અંધારા ઓરડામાં મને રાખ્યો. ત્યાર બાદ બહાર કાઢી બૂટથી બે લાત મારી, માથામાં માર્યો અને ચાર પોલીસ સાથે ધૂમ તડકામાં બેસાડી રાખવામાં આવ્યો. દરમ્યાન હું બેભાન થઈ ગયો હતો. સાંજના ફરી મને ખાઈમાં નાખી દીધો. ત્યાંથી રેડક્રોસવાળા મને અહીં હોસ્પિટલમાં લઇ આવ્યા છે." તા. ૩૧–૫–૩૦.

"હું જવાહીર રધા જાતે ઠાકોર રહેવાસી લખનૌ ઉમર વરસ ૨૨, અમદાવાદ ટુકડીનો, આજ તા. ૧–૬–૩૦ ને રોજ સવારે સાડાદશ વાગે ઉંટડી છાવણીથી ધરાસણા તરફ અમારી ટુકડી સાથે ગયો હતો. રસ્તામાં પોલીસોએ અમને આગળ જતાં અટકાવ્યા. હમોને પાછા જવા કહ્યું. ગયા નહિ એટલે–ઘોડાઓ અમારી ઉપર દોડાવ્યા. ઘોડાનો પગ મારા ડાબા પગ ઉપર પડયો હતો જેથી મને ગંભીર ઈજા થઇ છે અને હું નીચે પડી ગયો એટલે મારા ઉપર ત્રણચાર લાઠીઓના ફટકા મારવામાં આવ્યા, જેનાથી મને વાંસા ઉપર તથા શરીરના બીજા ભાગો ઉપર ઈજા થઈ છે."

વલસાડ તા. ૧–૬–૩૦ સાંજે પાંચ વાગે.

ખેડાના વીણા ગામના સૈનિક નં. ૯૯. ટુ. નં. ૩ શ્રી મથુરભાઈ લલ્લુભાઇ પટેલનું નિવેદન:—

તા. ૧–૬–૩૦ "સવારના દશ વાગતાં અગર પાસે જવા નીકળ્યા, તારની વાડથી થોડે અંતરે પોલીસે અમને રોકયા અને વીખરાઈ જવા કહ્યું. અમે તેમ ન કર્યું એટલે મારવા માંડયા. મને જમણા પગ ઉપર ચાર લાઠી અમલદારે મારી છતાં ન હઠયો **એટલે પેડુમાં લાઠીના ગોદા માર્યા, ધોતીયું ખેંચવા માંડયું, ગુપ્ત ભાગ દબાવી ખેંચ્યો એટલે હું બેભાન થઈ ગયો."**

તા. ૧–૬–૩૦ અમદાવાદના સૈનિક નં. ૧૭૬૫ પ્રીતમલાલ ચંદુલાલ પાન્ડેનું નિવેદન:—અગરોની હદથી થોડેક દૂર અમને પોલીસે

અટકાવી ઘણીવાર સુધી તડકામાં બેસાડી રાખ્યા. પછી એક પોલીસ અમલદારે આવી કહ્યું કે, પાંચ મિનિટમાં ભાગી જાવ નહિ તો તમને મારી નાખીશ. અમે એની ધમકીને ગણકારી નહિ. માર શરૂ કર્યો—પ્રથમ બરડા પર માર પડયા છતાં હું ખસ્યો નહિ એટલે એક પોલીસ અમલદારે મારા ગુપ્ત ભાગ પર ગોદા માર્યા. અને પાંચ છ ફૂટ મારતા મારતા દૂર ઘસડી જઈ ત્યાં નાખી દીધો. થોડીકવારે પાછા આવી મારા બીલ્લામાંથી પીન કાઢી મારા ફૂલા પર બેવાર ખોસી. ફરીથી ઘસડી છેટે લઇ ગયા ત્યાં હું બેભાન થઈ ગયો.”

અમદાવાદના સૈનિક નં. ૧૭૬૮ મણિભાઈ લલ્લુભાઈ સુરતીઃ—“વાડ આગળ અમે પહોંચ્યા એટલે સિપાઈઓએ અમને રોકી બેસી જવાનો હુકમ કર્યો. અમે ઉભા હતા તેથી પોલીસોએ ડંડા મારી અમને બેસાડી દીધા. થોડી વારે અમલદારોએ આવી ભૂંડી ગાળો દેતાં દેતાં કહ્યું કેઃ—“જેને જવું હોય તે ચાલ્યા જાવ. નહિ તો જાનથી મારી નાખવામાં આવશે.” તે પછી એક દેશી તથા એક અંગ્રેજ અમલદારે આવી મને ખેંચવા માંડયો. હું ન ઉઠયો, તે વખતે સિપાઇઓએ મને લાઠીથી મારવા માંડયો. એક સિપાઈએ મારો ગુપ્ત ભાગ પકડયો, તેથી મને કળ ચઢી અને હું પડી ગયો. મારા મળદ્વાર ઉપર પણ લાઠીના ગોદા મરાવામાં આવ્યા હતા. મારા વાંસા, ખભા અને હાથ ઉપર લાકડી વાગી છે. પગ પર માર પડયો છે અને છાતીમાં લાકડીના ગોદા માર્યા છે.”

જગજીવન હેમચંદ મોદી, સૈનિક નં. ૧૬૫૯, શ્રી. બલુભાઇની ટુકડી અમદાવાદની કેફિયત.

તા. ૨૧—૨૨ ના હલ્લામાં ગયેલા ફરી પાછા આજે ત્રીજીવાર ગયા. આજે ટુકડીની સાથે હું સવારે દસેક વાગે નીકળ્યો. ગોરા સાર્જન્ટે અને પોલીસોએ અમને અટકાવ્યા. અમે ચાર ચાર જણાની સાંકળ કરેલી. અમને પોલીસોએ ઘેરી લીધા. અમે બેસી ગયા. પછી અમલદારો “રેડક્રોસ” વાળા પાસે ગયા. ત્યાં રિપોર્ટર તેમજ ફોટોગ્રાફરને ખસેડી પાછા અમારી પાસે આવ્યા. અમને ચાલ્યા જવા કહ્યું અને આ કહેતી વખતે ગલીચ ગાળોનો વરસાદ વરસાવ્યો અને તરત જ ઘોડા દોડાવ્યા. ઘોડા અમારી બાજુએથી ચાલ્યા ગયા. હું ઉંધો પડયો હતો, પછી મારા વાંસામાં ત્રણ ચાર લાઠીના ફટકા માર્યા. છતાં હું ન ખસ્યો. એટલે મારા માથા ઉપર લાઠીનો ફટકો મારવા ઉગામ્યો અને મારા જમણા હાથ ઉપર મેં ઝીલ્યો. બીજા ત્રણ ફટકા બીજા હાથ ઉપર માર્યા. પછી અમલદારે પોલીસને મારો

ઉપર પાછળ લાઠી મારી. બીભત્સ ગાળો મારતી વખતે ચાલુ જ હતી અને દૂર ઘસડી જઈ ફરી ફુલા ઉપર લાઠીઓ મારી ને પટો ખેંચી ઘસડયો. કાંકરામાં ઘસડીને ફેંકી દીધો ને ત્યાં કમર પર બે લાઠી મારી. હું ઉઠી શકું તેમ ન હતું એટલે રેડક્રોસવાળાઓ મને લઈ ગયા. તા. ૧-૬-૩૦.

શ્રી. લક્ષ્મીશંકર નાગરદાસ પાઠક—માજી પોસ્ટ માસ્તર અને હાલ કાઠિયાવાડ સત્યાગ્રહ દળના ટુકડીના નાયકનું નિવેદન ૧-૬-૩૦.

"હું મારી ટુકડીને લઇને મીઠાના અગર ઉપર જતો હતો, ત્યાં રસ્તામાં પોલીસોએ રોકયા. અમે બેસીને રામનામ શરૂ કર્યું. ત્યાં તે પોલીસો અને ઇસ્માઈલ દેસાઈ અમારી પાસે આવી પહોંચ્યા અને લાઠીઓનો વરસાદ વરસ્યો; છતાં હું ન ચસ્યો એટલે મારાં બાંવડાં પકડી છાતી પર ઘસીને ઘસડીને દૂર ખેંચી ગયા. પછી મને ત્યાં પોલીસો પાસે બેસાડી મારી ટુકડીને ઝુડવા તેઓ ગયા. અને ટુકડીને ઠેકાણે પાડી મારી પાસે ફરી ઈસ્માઇલ દેસાઇ પોલીસો સાથે આવ્યા, અને કહેવા લાગ્યા કે 'તને મીઠું જોઈએ છીએ ને? ચાલ આવ' એમ કહી મને આગળ ઘસડી ગયા અને સાથળ સુધીની ખારા પાણીની ખાડીમાં મને ધક્કો માર્યો. સિપાઈઓ યુનિફોર્મ કાઢી મારી પાછળ પડયા અને પાંચેક ગળચાં ખવડાવ્યાં. અને પછી ખાડીમાંથી કાદવ કાઢી મારા મોઢામાં નાખવા માંડયો. અને પાણીના ખોબે ખોબે મોઢે છાંટા ઉડાડવા લાગ્યા. કાદવ તો મેં થુંકી નાખ્યો, પણ મારો મુઝારો થોડો સમય ચાલુ રહ્યો એટલે પોલીસો અને અમલદાર મુંઝાયા તેથી મને દવાખાનામાં લઇ ગયા. ત્યાં પોલીસોને પહેરામણી દાખલ દૂધના પ્યાલા પીવરાવ્યા. ત્યાં ચાર વાગ્યા સુધી મને તથા મારા સાથી આત્મારામને બેસાડી મૂકયા. ચાર વાગ્યા બાદ ફરી ઈસ્માઈલ દેસાઇ ડે. સુપ્રિ. પોલીસ આવ્યા અને કાનના કીડા ખરે એવી ખરાબ ગાળોના ફાગ બોલવા લાગ્યા, અને મને જતા રહેવાનું ફરમાવ્યું; પણ હું તો નજ ચસ્યો, એટલે મને પીઠ પર સોટીઓનો વરસાદ વરસાવી બે હાથ ખેંચી મરેલા કુતરાને ઢસડે તેવી રીતે બેએક ફર્લાંગ જેટલે દૂર ઘસડી ગયા. ઈસ્માઈલ દેસાઈએ હુકમ કર્યો કે, "સાલાનું ધોતિયું, રૂમાલ કાઢી નાગો કરી કાંટાની વાડમાં ફેંકી દો." મારો બરડો આખો આળો થઇ ગયો છે. આખું શરીર ઉઝરડાઇ ગયું છે. જતાં જતાં ઈસ્માઈલ દેસાઈ કહેતા ગયા કે "સાલાઓ, હવે પાછા આવશો તો તમારૂં ચામડું ઉતારી નાખીશ." પણ રામ રાખે તેને કોણ ચાખી શકે?"

૮૩

કાઠિયાવાડ સત્યાગ્રહ દળના સભ્ય આત્મારામ પ્રભાશંકર ભટ્ટનું નિવેદન: —

"હું મીઠાના અગર પર જતો હતો. ત્યાં યુરોપીઅન અમલદાર અને પોલીસોએ આવી મારા હાથ મરડીને તેમાં લાકડી ભરાવી ધક્કા મારવા લાગ્યા. આ વખતે ઈસ્માઈલ દેસાઈ પણ આવ્યા અને બધાએ મળી મને ખાઈ તરફ ધક્કા મારતા મારતા ઘસડી ગયા અને એકદમ ખાઈમાં નાખી દીધો. પોલીસોએ યુનિફોર્મ ઉતાર્યાં અને તેઓ પણ ખાઇમાં પડયા. ખાઇમાં સાથળ જેટલું પાણી હતું. મને ચત્તો પાણીમાં ફેંકી આશરે પચીસેક વાર ગળચીઓ ખવડાવી. મને તરતાં ન આવડવાથી થોડું પાણી પણ પી ગયો. વધારે મુંઝવવા સારૂ મારા પર એ ગંદા ખારા પાણીના છાંટાઓ મોંઢાપર ઉડાવવા લાગ્યા. આથી મારી આંખ બળવા લાગી. મીઠાંવાળા ચાબકાનો માર મેં ખાધો નથી. પણ આ મુગો મુંઝવે એવો માર મીઠાવાળા ચાબકાથી લેશ માત્ર ઓછો ન હતો.

પણ હજુ હું બેભાન થયો ન હતો, ત્યાં તો પોલીસો મીઠાની મુઠી ભરી આવ્યા અને "લે, મીઠું જોઈએ છે" એમ કહી મીઠાના બુકડાથી મારા મોંઢાને ડુચા દીધા. મીઠું મોઢામાં ભરાઈ ગયું એટલે છાતીમાં મુઝારો થવા લાગ્યો. આ વખતે સરકારી અમલદારો તો ગમ્મત કરતા, હરતા ફરતા હતા. હું બેભાન થઈ જવા જેવો થયો હતો એટલે દવાખાનામાં મને લઇ ગયા. ત્યાં મારાં કાદવ તથા મીઠાથી ખરડાયેલાં કપડાં કાઢયાં અને નાક મોઢું સાફ કરી દવા પાઇ, એટલે ભાનમાં આવ્યો. સાડાચાર વાગે ઈસ્માઈલ દેસાઈ દવાખાનામાં આવ્યા. એટલે ફરી આશરે ચાલીસ સોટીઓ લગાવી હાથપગ પકડીને દૂર ફેંકી આવ્યા. એ વખત ધરાસણા જઈ આવા મારા જીવનને પાવન કરી આવ્યો છું. ફરી તાકાત આવ્યે ચઢાઈ કરવા જઇશ."

ગુલાબચંદ શંકર પટેલ જાતે પાટીદાર ઉમ્મર વરસ ૩૦ "તા. ૧–૬–૩૦ ના રોજ ધરાસણા અગરો ઉપર મારી ટુકડી સાથે ગયો હતો. જતાં પોલીસોએ હમોને અટકાવ્યા. એટલે હમો બેસી ગયા. હમોને પાછા જવા કહ્યું પણ હમો પાછા હઠયા નહિ. એટલે પોલીસોએ હાથ પકડીને હમોને બહાર કાઢવા માંડયા. બળજબરીથી હમોને બહાર કાઢયા પછી પોલીસોએ હમારા પર લાઠીઓનો મારો શરૂ કર્યો. પછી મીઠું લેવા આવ્યા છો એમ કહી પોલીસે મારા પગ ઉપર બે લાઠીઓ મારી. હું નીચે પડી ગયો પછી મને ઢોંગ કરી નીચે પડયો છે એમ કહી પોલીસોએ મને ઘસડયો. ઘસડવાથી મારા શરીર પરનાં કપડાં ફાટી ગયાં છે. ઘસડયા પછી મારા ઉપર લાઠીઓના કુંદા શરૂ કર્યાં. મારી છાતી ઉપર દશ બાર લાઠીના કુંદાઓ માર્યા. બે ત્રણ લાતો મારી. મારી છાતી ઉપર સખત ઈજા કરવામાં આવી. નાળ વાળા બુટોની લાતો પણ મને

મારવામાં આવી. હાથ તથા માથા ઉપર લાઠીઓ મારી. **પછી મારા ઉપર ઘોડો દોડાવવામાં આવ્યો. હું નીચે પડી ગયો અને બેભાન થઈ ગયો.** મને ત્યાંથી કોણ ઉંચકી ગયું તે ખબર પડી નહિ. મને જ્યારે ભાન આવ્યું ત્યારે હું ઉંટડી છાવણીની હોસ્પીટલમાં હતો એમ ખબર પડી. ત્યાંથી વલસાડ લાવવામાં આવ્યો. **મોંઢામાંથી મને લોહી પડયું હતું. હજુ પડે છે. મારી પીઠ ઉપરથી પણ લોહી પડયું હતું.** હજી પણ મારાથી બેસી શકાતું નથી. **મને ગુહ્ય ભાગ ઉપર પણ માર મારવામાં આવ્યો હતો. જેને લઈ તે ભાગ ઉપર પણ ગંભીર ઈજા થઈ છે.''**

વલસાડ તા. ૨-૬-૩૦ સાંજે ૬-૦ વાગે.

પંચમહાલના નેતા અને મુંબઇ ધારાસભાના એક વખતના સભ્ય શ્રી. વામન મુકાદમનું અપમાન કર્યું અને કેવી પશુતા દાખવી તે શ્રી. મુકાદમના નીચેના બ્યાનમાંથી વાંચક જાણી શકશેઃ—

''વળી પાછું તે ગોરાએ કહ્યું: 'મિ. મુકાદમ અહીં આવો, મારે તમને કંઇક કહેવું છે.' હું તેની પાસે ગયો. તેણે મારા પર ત્રાપ મારતો હોય તેમ મને પકડયો અને ધક્કા માર્યા. પછી તેણે મને ગિરફતાર થએલ જાહેર કર્યો. પણ આ બધો વખત તે મને અને મારા સાથીઓને ગામ તરફ લઇ જતો હતો. થોડેક ચાલ્યા પછી તેણે મને જોરથી ધક્કો માર્યો, અને 'તમને પકડવામાં આવ્યા છે' એમ ફરી પાછું કહ્યું. મેં તેનો આભાર માન્યો. ત્યાર પછી સિપાઇઓએ મને કબજામાં લીધો. સ્વયંસેવકોને હાંકી કાઢી પેલા ગોરાએ મને પાછો પકડયો અને મુક્કા મારતો મારતો મને સંત્રીની કેમ્પીન તરફ ધકેલી લઈ ગયો. તે વખતે ત્યાં અમે બે જ જણ હતા. ચાલતાં ચાલતાં તે મને ધકેલતો હતો, હચમચાવતો હતો, ગાળો દેતો હતો, અપમાન કરતો હતો, ટૂંકમાં અપમાનજનક બધું જ કરતો. પછી મને સંત્રીની ઓરડીમાં લઈ ગયા અને એક પોલીસને કહ્યું: 'યહ દેખો તુમારા દોસ્ત, ઇનકા બંદોબસ્ત કરો.' મને પેલી ઓરડીની ઓસરી પર બેસાડી તે ખાંજણમાં દૂર કયારીમાં ભેગા થયેલા લોકોને વિખેરવા ગયો. થોડો વખત મને ત્યાં રોકયો. પછી મિ. આંટિયા અને બીજા પોલીસ અમલદારો સાથે પેલો ગોરો આવ્યો. મેજીસ્ટ્રેટ પણ ત્યાં હતા એમ મને યાદ છે. આ વખતે પેલા ગોરાએ પેટ ભરીને મને ગાળો દીધી. મિ. આંટિયાએ મારા ગજવામાંથી મારો બિલ્લો કાઢી લીધો અને પેલા ગોરાએ મારા ગજવામાંથી બધી વસ્તુઓ કાઢી. મને મારાં ચશ્મા અને કાગળિયાં પાછાં સોંપવામાં આવ્યાં.

આંટિયાએ મારો બિલ્લો લીધો અને ગોરાએ ચપ્પુ. ત્યાર પછી એક પછી એક ભાતભાતની ગાળોનો વરસાદ પેલા ગોરાએ મારા પર વરસાવ્યો. ત્યાર-બાદ તેણે કહ્યું, 'તું ચાલ્યો જા. તારી અમારે જરૂર નથી.' પછી પેલા ગોરાએ કહ્યું, 'મારી સોટીને જરા અડકી જો.' મેં તેમ કરવાની સાફ ના પાડી. 'તું અડતો નથી ઠીક, પણ જો સોટીનો સ્વાદ આવો હોય છે!' એમ કહી તેણે મારા ફૂલા પર એક સોટી મારી. 'તમે લોકો ચોર છો, લુચ્ચા છો અને તમારા ટુકડેટુકડા કરવાનો અમે નિશ્ચય કર્યો છે. બે વાગ્યાની ગાડીમાં ગાંસડાપોટલાં બાંધી ચાલ્યો જજે, નહિ તો તને બરોબર ઠોકવામાં આવશે' એમ કહી વળી એક સોટી મારી. પછી તેણે મને ધક્કો મારી સીધા ચાલ્યા જવા કહ્યું ધક્કામુક્કીથી મારી છાતીમાં દર્દ થાય છે." તા. ૩-૬-૩૦.

શ્રી. કાન્તિ પારેખનું નિવેદન:

"ટુકડીને રોકવામાં આવતાં હું પણ બધા સૈનિકો સાથે બેસી ગયો. પછી ચેતવણી વગેરે વિધિઓ પૂરી થઇ અને લાઠીનો માર શરૂ થયો. મારા ઉપર પણ ત્રણેક પોલીસો ભૂખ્યા વરૂની માફક તૂટી પડયા. મને પગ અને પીઠ પર લાઠી મારી મારીને થોડે દૂર ઘસડીને મૂકી આવ્યા; ત્યાંરે હું ઊંધો પડયો હતો. એટલામાં રાજમાન્ય ઇસ્માઈલ દેસાઇ અને એક ગોરાએ આવી મારા બંને હાથ પર ખૂબ માર માર્યો. મારા ફૂલા પર એટલો બધો માર પડયો છે કે હું બિલકુલ બેસી શકતો નથી. મારા કાંડા પર એક ફટકો પડેલો હોવાથી મારી આંગળીઓ કામ કરતી નથી. મારા પગ પણ મારને લીધે ખૂબ ઘવાયા છે, જેથી હું બિલકુલ ચાલી શકતો નથી. મને ત્રણ વખત ઘસડી વચમાં મૂકી માર મારવામાં આવ્યો. મારા ઉપર પચાસ ફટકા પડયા છે." તા. ૩-૬-૩૦

હેમરાજ અંબારામ (ખેડા સૈનિક ૧૧૧) નું નિવેદન "ચાલ્યા જવાની નોટીસ મળ્યા છતાં હું ન ખસ્યો એટલે એક પોલીસે આવી મારી છાતીના પાંસળા પર જોરથી એક લાત મારી. મને ખૂબ વાગ્યું, પણ હું ઉભો થઇ ગયો કે તરતજ મને વાંસા પર લાઠીના ચાર ફટકા માર્યા, અને હાથમાં અને ખભા પર બબ્બે ફટકા માર્યા. પછી તાકીને મારા ગુહ્ય ભાગમાં લાઠીના જોરથી ગોદા મારવાનો યત્ન કર્યો. તે જોઈને મેં મારી બંને હથેળીઓ એ ભાગ પર ધરી. મારી હથેળીમાં બે ગોદા વાગ્યા; એને પરિણામે મારી હથેળી સૂજી ગઇ. મારા કપાળમાં લાઠીનો એક સખત ફટકો લગાવ્યો. મને તમ્મર આવ્યાં અને હું નીચે પડયો પછી તો મારી છાતી પર જોડાવાળા પગે લાતો મારવામાં

આવી. હું નીચે પડયો તે વખતે મારૂં ગળું દબાવવામાં આવ્યું; જેને લીધે હું બેભાન થઈ ગયો. પછી શું થયું તેની મને ખબર નથી. મને પેટ અને છાતીમાં ભારે દુઃખ થાય છે. મને શ્વાસ લેવાની અને પાણી પીવાની પણ આપદા પડે છે. આજે આ લખાવતી વખતે મને માર પડયાને ૨૪ કલાક થઇ ગયા છે. **હમણાં જ મને લોહીવાળો પેશાબ થયો છે. ગળું દબાવવાથી ખાવાનું પણ ઉતરતું નથી."** તા. ૩-૬-૩૦

ઊંટડી, તા. ૩-૬-૩૦.

મોતીભાઇ કાલીદાસ ઉમ્મર ૨૫ વર્ષ લખાવું છું કેઃ—

"હું અમદાવાદની ટુકડીના સ્વયંસેવક તરીકે અહીં આવેલ હતો પરંતુ ટુકડીથી છુટો પડી ગયેલો હોવાને કારણે ઊંટડીની સત્યાગ્રહ ઈસ્પિતાલ આગળ ઉભો હતો. એ વખતે આશરે ૮ll વાગ્યા હશે. એ અરસામાં ગામમાં લોકોને મેં દોડતા જોયા અને જોતજોતામાં બે ઘોડેસ્વારો દોડતા આવ્યા. જેમાં એક યુરોપીઅન અને એક દેશી હતા. હું જેવો રસ્તા ઉપરથી મકાનના ઓટલા પર જવા જતો હતો તેવામાં સાર્જંટે લાઠી ઉગામી. પરંતુ એ મને વાગે તે પહેલાં હું પડી ગયો અને ઘોડાનો દાબડો મારી છાતી પર પડયો અને પારણામે મારી છાતીમાં સખ્ત દરદ થાય છે. હું અડધોએક કલાકમાં બેભાન થઇ ગયો અને પછી ભાનમાં આવ્યો ત્યારે જાણ્યું કે મને સખ્ત આંકડીઓ આવતી હતી.

ધરાસણાના છેલ્લા હુમલા વખતની ટુકડીના નાયક ભાઈ દિનકર મહેતાની કેફિયત:

તા. ૬-૬-૩૦ને રોજ ૭ વાગે ૧૫૪ ની ટુકડી સાથે હું ધરાસણાના મીઠાના ડુંગરોના પહેલા જિલ્લા પર ગયો. ટુકડીને આવતી જોઈને જ બ્યૂગલો ફૂંકાયાં અને તરતજ લાઠીધારી અમલદારો તથા સિપાઈઓ અને કેટલાક બંદૂકિયા હારબંધ ગોઠવાઈ જઇ અમને અટકાવવા તૈયાર થઇ ગયા. હું આગળ હતો એટલે લાઠીનો પહેલો સ્પર્શ મને થયો. મારી સામે આડી લાઠી ધરવામાં આવી. હું આગળ વધવાનો પ્રયત્ન કરતો હતો એટલે મને બેત્રણ લાઠીના ગોદા પડયા, તોપણ હું ન અટકયો. એટલે પગમાં આંટી મારી મને ગબડાવી દીધો. હું ફરી ઊભો થઈ આગળ જતો હતો એટલે ફરી પાછો ગોદાનો મારો પડયો. એક લાઠી મારા ઉપલા હોઠ પર પડી, બીજી હડપચી પર અને ત્રીજી જમણી આંખ પર. મારાં ચશ્માં ફૂટી દૂર પડયાં, ઘામાંથી લોહી વહેવા માંડયું, પણ સદ્ભાગ્યે મારી આંખ બચી ગઇ. લોહીથી મારી જમણી આંખ ભરાઈ ગઇ અને ચશ્માં પણ પડી ગયેલાં હોવાથી હું થોડીવાર

કંઈ જોઈ ન શકયો. પછી આગળ વધતો હતો. તેથી ફરીથી પગમાં લાત મારી પાડી નાખ્યો. હું પાછો ઉભો થઇ ગયો.

થોડી જ વારમાં અમલદારોએ સૈનિકોને ઉઠી જવા હુકમ કર્યો. ઘોડા તથા લાઠી આવશે એવી ધમકી આપી એક બે ડોસાઓને ઘસડી બહાર કાઢયા. ૨૬ સૈનિકો ઉઠી ગયા ફરીથી સૂચના આપી અને લાઠી વીંઝવા માંડી. હું અત્યાર સુધી ઉભેલો હતો. સહેલાઇથી ઘસડાઈ ન જવાય તેટલા માટે હું બેસી ગયો. મારા પર ફટકા પડવા માંડયા. જમણા પગ પર પાંચ છ સખત ફટકા પડયા; હું ઉંધો પડેલો હતો. મારા બે હાથ પકડીને થોડે સુધી ઘસડયો, હાથ મૂકી દીધા એટલે હું ત્યાં જ પડી રહ્યો, પોલીસોએ આવી પાંચ છ લાતો મારી અને વાંસા પર ચાર ફટકા ખૂબ જોસથી માર્યા: "આ તો તેરમી ગીખથી અહીંયા છે, મારો બરોબર." એમ કોઇકે કહ્યું; અને ૪ સાત આઠ ફટકા અને લાતો પડી. એટલામાં કોઈકે 'નહિ મારશો' કહ્યું. એટલે મને બે હાથ પકડીને થોડે સુધી ઘસડયો, પાછું સ્ટેશન ગ્યું; ફટકા અને લાતો શરૂ થઇ. આ કાર્યક્રમ પૂરો થયો એટલે મારા બે ગ ઊંચા કરી છાતી અને માથું નીચે દબાવી ખૂબ ઘસડયો અને દૂર ફેંકયો. વાંસા પર ફટકા અને શરૂઆતમાં છાતી અને પાંસળામાં ગોદા પડયા એટલે શ્વાસ લેવો બહુ કઠિન હતો. પગ પર પડેલા ફટકાને લીધે હું ચાલી શકતો ન હતો. લગભગ એક કલાક પછી સ્ટ્રેચરમાં ઉપાડી છાવણીમાં મને લાવવામાં આવ્યો."

તા. ૬-૬-૩૦. "હું દાઉદભાઈ અબદુલહુસેન, ખાનદેશ: આજે ધરાસણાના હલ્લામાં ગયો હતો. હમે એ કૂચમાં આગળ હતા તે બધાને પહેલાં મોઢા ઉપર તમાચા અને મુક્કા માર્યા. મને બે તમાચા અને મુક્કા માર્યા. પછી હમે બેસી ગયા. અમને સિપાઇઓ અને અમલદારોએ બહુ બીભત્સ ગાળો આપી. હમે બેસી ગયા પછી ચાલ્યા જવાનું કહ્યું પણ અમે ગયા નહિ. મને ધક્કો જોરથી માર્યો એટલે હું ચત્તો પડી ગયો. મને પછી જાડી લોખંડની ભુંગળીવાળી લાઠીથી પેટ અને છાતી તથા પેઢાના ભાગમાં ઓછામાં ઓછા દશ ગોદા માર્યા. એમાંના પાંચ તો ગુહ્ય ભાગની આસપાસ માર્યા હતા. હું પછી ઉભો થવા ગયો એટલે મને જમણા હાથ ઉપર ત્રણ લાઠીના સખત ઝપેટા માર્યા, જેથી હું હાથની હીલચાલ કરી શકતો નથી અને મારા જમણા પગની જાંગની બાજુ ઉપર કંઇ નહીં તો ત્રણ સપાટા લાઠીથી માર્યા એટલે હું પડી ગયો. પછીથી મને એક સાર્જન્ટે જમીન ઉપર ઘસડયો અને નેતરની સોટીઓ વાંસા ઉપર મારી મને ઘસડવાથી ચામડી ઉપર ઈજા થઈ છે. એક ગોળી એકદમ સુજી ગઈ છે અને લીવર પાસે સોજો છે."